CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૫ ● અંક : ૧૨૮
તા.૧૩-૦૬-૨૦૧૯, ગુરૂવાર
સંવત ૨૦૭૫ જેઠ સુદ - ૧૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૪ સૂર્યાસ્ત : ૦૭:૧૪

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૪.૫ | વડોદરા | ૪૨.૦ |
| અમદાવાદ | ૪૪.૧ | સુરત | ૩૫.૫ |
| ગાંધીનગર | ૪૪.૬ | નલિયા | ૩૬.૪ |

ચાંદી : ૩૭,૫૦૦ સોનું : 33,300

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૪ વર્ષ...

# ‘વાયુ’ ના ભયથી રાજયભરમાં ફફડાટ

## દરિયાકાંઠા પર ઉંચા મોજા ઉછળવાની શરૂઆત થતાં તંત્ર સુસજ્જ : વાવાઝોડાથી પ્રભાવિત થઇ શકે તેવા ૧૦ જિલ્લાઓમાં રહેતા લોકોને સુરક્ષિત ખસેડાયા : સેના, એનડીઆરએફ અને નૌકા સેના સહિત બધી ટુકડી તૈયાર



અમદાવાદ

અરબી દરિયાથી ગુજરાતની તરફ પ્રચંડ ચક્રવાત વાયુ વાવાઝોડુ ગુજરાત તરફ તેજી સાથે વધી રહ્યું છે. તેની પ્રચંડ અસર પણ દેખાવવા લાગી ગઈ છે. આવતીકાલે બપોર સુધી પ્રચંડ તીવ્રતા સાથે વાયુ વાવાઝોડુ ત્રાટકશે. ગુજરાત સરકાર અને ગુજરાત વહીવટીતંત્ર કુદરતી હોનારતમાં કોઈ નુકસાન ન થાય તેને લઈને સંપૂર્ણપણે સજ્જ છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. ત્રણ લાખથી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવી ચુક્યું છે. સ્થળાંતર પ્રક્રિયા હજુ પણ ચાલી રહી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં આ વાવાઝોડુ ત્રાટકનાર છે જેના લીધે આસપાસના વિસ્તારોમાં નુકસાનની પણ શક્યતા છે. પ્રાપ્ત માહિતી મુજબ ચક્રવાતી તોફાન આવતીકાલે સવારથી લઈને બપોર સુધીના ગાળામાં પોરબંદર અને કચ્છ, વેરાવળના બદલે પોરબંદરના દરિયાકાંઠે ત્રાટકી શકે છે. દરિયામાં ઉંચા મોજા ઉછળી રહ્યા છે. રાજ્ય સરકારે સૌરાષ્ટ્ર, કચ્છના નિચાણવાળા વિસ્તારોમાંથી ત્રણ લાખથી વધુ લોકોને સલામત સ્થળે ખસેડવામાં અનુસંધાન પાના નં.૬

## વાવાઝોડાની તીવ્રતા જેટલી ઝડપથી સલામતીના પગલા લેવાયા : રૂપાણી



અમદાવાદ

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે ગુજરાતમાં સંભવિત વાયુ વાવાઝોડાની તીવ્રતા અને પવનની ગતિ, વરસાદનું જોર ધ્યાનમાં રાખીને સૌરાષ્ટ્ર કચ્છના જિલ્લાઓમાં દરિયાકિનારાથી ૧૦ કિલોમીટરના વિસ્તારના ગામોમાં કાચા, અર્ધ પાકા મકાનોમાં રહેતા ૧૦૦ ટકા લોકોને સલામત સ્થળે શિફ્ટ કરવા માટે સંબંધિત જિલ્લા કલેક્ટરોને સ્પષ્ટ સૂચના આપી હતી. મુખ્યમંત્રીએ અનુસંધાન પાના નં.૬

૧૫-૧૬ સુધીમાં દ્વારકાના દરિયામાં સમાઈ જશે

## વાવાઝોડું ૪૮ કલાક સુધી સૌરાષ્ટ્ર કાંઠાને ધમરોળશે

અમદાવાદ

ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છમાં વાયુ વાવાઝોડાને લઈ ભારે ચિંતા અને ભયનો માહોલ પ્રવર્તી રહ્યા છે ત્યારે આ વાયુ વાવાઝોડું આવતીકાલે તા.૧૩ જૂને બપોર સુધી દીવ, ઉના અને કોડિનારથી ૧૬૫થી ૧૭૦ કિમીની ઝડપે ત્રાટકે તેવી સંભાવના વ્યકત થઈ રહી છે. આ વાયુ વાવાઝોડું દીવ, માંગરોળ, પોરબંદર અને દ્વારકા સહિતના વિસ્તારોને લગભગ ૪૮ કલાક સુધી ધમરોળશે અને આ ગણતરીના કલાકોમાં તેની અસર કરીને તા.૧૫મીએ વહેલી સવારે ત્રણ વાગ્યાની આસપાસ દ્વારકાથી વાવાઝોડું દરિયા તરફ જશે અને તા.૧૬મીએ સાંજ સુધીમાં સમુદ્રમાં આ વાવાઝોડું શમી જશે. વાયુ વાવાઝોડાની અસર સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં ગંભીર અસર અને ભારે વિનાશ વેરી શકે તેવી પણ દહેશત વ્યકત થઈ રહી છે ત્યારે અનુસંધાન પાના નં.૬

## વાયુ વાવાઝોડાની દહેશત વચ્ચે બનાસકાંઠામાં ભૂકંપના આંચકા

### ૨.૩ નો ભુકંપ : કોઈ જાનહાની નહીં



(સંજય જોષી)

પાલનપુર

ઉત્તર ગુજરાતમાં ફરી એકવાર બુધવારે ભુકંપનો બીજો આંચકો આવ્યો છે. અગાઉ કરતા ઓછી તિવ્રતાના ભુકંપથી બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં જાનમાલને કોઈ જ નુકશાન નથી. જોકે, વાવાઝોડું, આકરી ગરમી અને ભુકંપના આંચકાને પગલે કુદરતનો કહેર વર્તાઈ રહયાનું સામે આવ્યુ છે. આવી સ્થિતિમાં મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા અને અરાવલી સહિતના જીલ્લાઓના રહીશોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

બનાસકાંઠાના પાલનપુરથી ૩૨ કિલોમીટર દુર અમીરગઢ તાલુકાના વિરમપુર પાસે કેંગોરા ગામે ભુકંપનું કેન્દ્ર બિંદુ નોંધાયુ છે. અગાઉ પણ બનાસકાંઠા જીલ્લાની ધરા ધ્રુજી હોઈ નાગરિકો ભુલ્યા નથી ને ફરી એકવાર સામાન્ય તિવ્રતાનો ભુકંપ આવતા ખળભળાટ મચી ગયો છે. ગુજરાતમાં વાવઝોડાની બીક વચ્ચે ગરમીનો પારો અકળાવી રહયો છે, આવી સ્થિતિમાં ૧૦ દિવસમાં બીજો ભુકંપ નવા જુની ન કરાવે તેવી ભીતિ પંથ-કવાસીઓમાં ઉભી થઈ છે.

સુત્રોએ જણાવ્યુ હતુ કે, પાલનપુરથી ૩૨ કિલોમીટર દુર અમીરગઢ તાલુકાના વિરમપુર પાસે કેંગોરા ગામે કેન્દ્ર બિંદુ નોંધાયેલ છે સાંજે ૪.૧૭ કલાકે નોંધાયેલ ભુકંપના અસર આબુરોડથી લઈ સમગ્ર ઉત્તર ગુજરાતમાં અનુભવાઈ હોવાની વાત વાયુવેગે ફેલાઈ જતાં નાગરિકોમાં ફફડાટનું વાતાવરણ બન્યુ છે.

ફાયરીંગના અહેવાલોથી ભયનો માહોલ : પોલીસની ‘ના’

## ડીસામાં આંગડિયા કર્મચારીઓ પર ખુની હુમલો : ૨૭.૮૮ લાખની લૂંટ







### સફેદ ગાડીમાં આવેલા અજાણ્યા શખ્સો લૂંટ ચલાવી ફરાર

ડીસા

ડીસા શહેરમાં કાયદાની સ્થિતિ શું છે તે જાહેર કરતી ઘટના આજે શહેરના હીરા બજાર નજીક બની આ વિસ્તારમાં આંગડિયાના બે કર્મચારીઓ થેલા લઈને જઇ રહ્યા હતા તે દરમ્યાન સફેદ કારમાં આવેલા બે અજાણ્યા શખ્સોએ ફાયરિંગ કરીને ભોગ બનનાર પાસેથી બે થેલા લઈને ફરાર થઈ ગયા હતા. આ ઘટનામાં ભોગ બનનારને હાથમાં ઈજા પહોંચી છે. અને સારવાર માટે ડીસાની સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

ચોરી અને લૂંટ જેવી ઘટનાઓ હવે ડીસા શહેરમાં સામાન્ય બનતી જઇ રહી છે.શહેરમાં નિર્દોષ લોકોને હેરાન પરેશાન કરતી પોલીસ આવી ખતરનાક ઘટનાઓ અટકાવવામાં સરેઆમ નિષ્ફળ નીવડી રહી છે. આજની વાત કરીએ તો ડીસા શહેરના હીરા બજારમાં આવેલી કે.અશ્વિનકુમાર એન્ડ કૂ નામની આંગડિયાની પેઢીના બે કર્મચારીઓ શહેરના સાઈબાબા મંદિરથી આંગડિયા પેઢીના બે થેલા લઈને એક્ટિવા પર પસાર થઈ રહ્યા હતા. તે દરમ્યાન હીરા બજાર નજીક સફેદ કારમાં આવેલા બે અજાણ્યા શખ્સોએ આંગડિયા પેઢીના કર્મચારીઓને અટકાવીને તેમના પાસે રહેલો થેલો ઝૂંટવી લેવાનો પ્રયાસ કર્યો હતો. તે દરમ્યાન કારમાં આવેલા શખ્સોમાથી એક શખ્સે જીતુભાઈ પંચાલ નામના શખ્સના હાથ પર ધારિયાનો ઘા કરીને ઈજા પહોંચાડી હતી.. ધારિયાનો ઘા કરવા છતા પણ જીતુભાઈ પંચાલે થેલો ન છોડતા કારમાં આવેલા અન્ય શખ્સે ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગનો અવાજ સાંભળીને જીતુભાઈના હાથમાં રહેલા થેલા છૂટી જતાં કારમાં આવેલા બંને શખ્સો તેમની કાર સાથે થેલા લઈને ફરાર થઈ ગયા હતા. આ ઘટના બનતા ઘટના સ્થળે લોકોનું મોટું ટોળું એકત્રિત થઈ ગયું હતું અને આસપાસના લોકોએ એકત્રિત થઈને ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા જીતુભાઈને તાત્કાલિક સારવાર માટે ડીસાની સિવિલ હોસ્પિટલ સારવાર માટે ખસેડયા હતા. જયાં આ ઘટનામાં અનુસંધાન પાના નં.૬

**થેલોના છોડ્યો એટલે ફાયરિંગ કર્યું : જીતેન્દ્રભાઇ પંચાલ (ઇજાગ્રસ્ત)**

અમે એકટીવા પર હીરા બજાર થઈને ઓફીસ જતા હતા દરમ્યાન ગાડી ઓવર ટેક કરી તેમાંથી એક માણસ ઉતર્યો અને અમારા પર હુમલો કર્યો અમે પડી ગયા હતા મને ધારીયું માર્યું હતું.અમે થેલો ના છોડ્યો એટલે તેઓએ ફાયરિંગ કર્યું.

ઘોડા છૂટી ગયા બાદ તબેલાને તાળાં મારવાનો નિરર્થક પ્રયાસ...!!!

## અંબાજી અકસ્માત બાદ ટ્રાફિક પોલીસને બ્રહ્મજ્ઞાન લાધ્યું : વાહન ચેકિંગ હાથ ધરાયુ

પાલનપુર

યાત્રાધામ અંબાજીના ત્રિશૂળીયા ઘાટ પાસે ભલગામના મુસ્લિમ પરિવારોને નડેલા અકસ્માતમાં ૯ લોકો મોતને ભેટ્યા હતા. જયારે ૩૫ થી વધુ લોકો ઘાયલ થયા હતા. જોકે, આ ઘટનાને પગલે વાહન વ્યવહાર કમિશનરે જિલ્લાના આર.ટી.ઓ અધિકારીને જવાબદાર ગણી સસ્પેન્ડ કર્યા હતા. પરંતુ બનાસકાંઠા પોલીસના પેટનું પાણીએ હાલ્યું નથી. આ ઘટના અંગે જે-તે વિસ્તારની કે ટ્રાફિક પોલીસની કોઈ જવાબદારી ફિક્સ કરી પગલાં ભરાયા નથી. ઉલ્ટાનું ઘોડા છૂટી ગયા બાદ તબેલાને તાળું મારવાના પ્રયાસ રૂપે જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચેકિંગ ઝુંબેશ હાથ ધરાઈ છે.

વડગામ તાલુકાના ભલગામના મુસ્લિમ પરિવારના લોકો જીપડાલું કરી અંબાજી ગયા હતા. જયાંથી પરત ફરતા તેઓને ત્રિશૂળીયા ઘાટ પાસે અકસ્માત નડ્યો હતો. જેમાં જીપડાલા ની બ્રેક ફેલ થઈ જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૯ લોકો મોતને ભેટ્યા હતા. જયારે ૩૫ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. ઘટનાને ગંભીરતાથી લેતા રાજયના વાહન વ્યવહાર કમિશનર સોનલ મિશ્રાએ આ ઘટનામાં ફરજ પરત્વે બેદરકારી દાખવનાર બનાસકાંઠા જિલ્લાના આર.ટી.ઓ. અધિકારી ડી. સી.પટેલને તાત્કાલિક અસરથી ફરજ મોકૂફ કરી દેતા ખળભળાટ મચી ગયો હતો.

આમ, અંબાજી અકસ્માતને પગલે રાજયનું વાહન વ્યવહાર ખાતું તો જાગ્યું હતું અને પગલાં ભર્યા હતા. પણ ઓવરલોડ અનુસંધાન પાના નં.૬

### પોલીસની બાજ નજર ક્યાં ગઈ ???

વડગામ તાલુકાના ભલગામથી જીપ ડાલામાં ઘેટા-બકરાની જેમ ગીચોગીચ ભરેલું જીપડાલું છેક અંબાજી પહોંચ્યું હતું. ત્યારે આ જીપડાલુ વડગામ પોલીસ, પાલનપુર શહેર પોલીસ, પાલનપુર તાલુકા પોલીસ, દાંતા તાલુકા પોલીસ, અંબાજી પોલીસ અને શહેર તથા જિલ્લા ટ્રાફિક પોલીસની હદમાંથી પસાર થયું હતું. ત્યારે પોલીસની બાજ નજરે આ જીપડાલું કેમ ના ચડ્યું??? કે પછી હમાના હડમાલામા વ્યસ્ત પોલીસતંત્રની આંખે મોતિયો આવ્યો હશે કે જેથી તેમને આ જીપડાલું નજરે નહી ચડ્યું હોય તેવો અણીયાળો સવાલ લોકોના મનમાં ઘુમરાઈ રહ્યો છે. વાહન ચેકિંગના નામે માત્ર ટુ-વ્હીલરો કે પ્રાઈવેટ વાહનચાલકોને હેરાન કરતી પોલીસ ઘેટાં-બકરાની જેમ ખીચોખીચ મુસાફરો ભરી પ્રાણઘાતક અકસ્માતોને નોતરૂં આપતી શટલીયા જીપો, છકડારીઓ સહિતના વાહનચાલકો સામે પણ પોલીસ કાયદાનો કોરડો વીંઝશે ખરા??? તેવો સવાલ પણ લોકોને મૂંઝવી રહ્યો છે.

વિચાર વૈભવ...

### ગુલાબ

એક વખતની વાત છે.

એક ખૂબસૂરત સ્ત્રી રસ્તાની એક બાજુ ઊભી હતી. કોઈક કારણવશાત્ તેણીને અહીં ઊભું રહેવું પડ્યું હશે. તે જ અરસામાં એક યુવાન ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. તેણે આ સુંદર યુવતીને જોઈ. તેના રૂપમાં તે મોહિત થઈ ગયો. તે યુવાન એકીટશે પેલી યુવતીને જોઈ જ રહ્યો.

એટલું જ નહીં, પણ પળ-બે-પળ વીત્યા પછી તે યુવાન યુવતીને મેળવવા-હાથવગી કરવા આગળ વધવા માંડ્યો. આગળ વધતાં-વધતાં યુવાન જ્યારે સ્ત્રીની એકદમ નજીક પહોંચી ગયો, ત્યારે યુવતીનું ધ્યાન તે તરફ ગયું. યુવતી થોડીક પાછળ ખસી ગઈ અને બોલી-’શરમ નથી આવતી આમ આગળ વધતાં ? કોણ છો તમે ? શું જોઈએ છે તમારે ? મર્યાદામાં રહેતા શીખો ?’

યુવાને રોમેન્ટિક મૂડમાં જવાબ આપ્યો, ’એક ખૂબસૂરત યુવતી એક તરફ ઊભી હોય, તો તેની પાસેથી એક યુવાનને શું અપેક્ષા હોય ? તારા રૂપમાં હું પાગલ બન્યો છું. મારી મદહોશીને હોંશથી આવકાર. મને તારા પ્રતિ પ્રેમ જાગ્યો છે. મારા પ્રેમનો તું સ્વીકાર કર. અને જ્યાં સુધી તું મારા પ્રેમનો સ્વીકાર નહીં કરે ત્યાં સુધી મને શાંતિ-સ્વસ્થતા પ્રાપ્ત નહીં થાય. આવ, જલદી આમ આવ.’

યુવતી સમજી ગઈ. ના પાડવામાં કોઈ સાર નથી. પાગલને કોઈ જ ગતાગમ હોતી નથી, પાગલના મનને બીજે વાળી શકાય, પણ પાછું વાળવું અશક્ય છે.

તેણીએ સ્વસ્થતા સાથે જ તરત જવાબ આપ્યો, ’તું મારા રૂપથી પાગલ બન્યો છે ને ! તો તું અહીં ઊભો રહે. સામે બાજુએ. હમણાં મારી દાસી આવતી હશે. એ મારા કરતાં પણ અત્યંત રૂપવતી છે. એની આગળતો હું સાવ ફિક્કી લાગું છું.’

આટલું કહીને યુવતી થોડીક પાછળ ખસી ગઈ.

યુવાન યુવતીએ બતાવેલ દિશામાં જોઈ જ રહ્યો. એકીટશે જોઈ રહ્યો. થોડોક સમય પસાર થયો, પણ ત્યાં કોઈ જ આવ્યું નહી. દાસીના આવવાના કોઈ જ એંધાણ ત્યાં જણાતા ન હતા.

હવે યુવાન થાક્યો. તેણે મોં યુવતી તરફ ફેરવ્યું.

ત્યારે યુવતી બોલી, -’તમને શરમ નથી આવતી, પ્રેમનો દાવો કરતાં ? તને મારા પર પ્રેમ નથી, રૂપ પર પ્રેમ છે. સાચો પ્રેમ તો સ્થિર હોય. જો મારા ઉપર સાચો પ્રેમ હોત તો આમ ડોળા કાઢીને દાસીની રાહ ના જોતા હોત. તને પ્રેમ કરવાનો કોઈ અધિકાર નથી. તું જુઠ્ઠો છે. લુચ્ચો છે. ભાગી જા, અહીંથી. મને મોં પણ ના બતાવતો.’

યુવાન શરમાઈ ગયો. મોં નીચું કરી ત્યાંથી રવાના થયો. આ વાર્તા સંભળાવીને પૂજ્યપાદ ગુરુદેવ શિષ્યોને-ભક્તોને કહ્યું, -’આપણી હાલત પણ આ યુવાન જેવી જ નથી લાગતી ?

ત્રણ લોકના નાથ જિનેશ્વર પરમાત્માના જિનાલયમાં જઈને મોટે-મોટેથી બાંગ પોકારીને કહેતા હોઈએ છીએ કે પ્રભો ! તું જ મારો ભગવાન છે-તું જ પરમેશ્વર છે-તું જ અચિંત્ય ચિંતામણિ, કામધેનું અને કલ્પવૃક્ષ છે. મારી બધી જ ઈચ્છા તું જ છો અને પછી જ્યાં ચમત્કાર દેખાય ત્યાં પહોંચી જઈએ છીએ. હનુમાન, ગણપતિ, બાલાજી, પીર, ફકીર, બાવા, જોષી... જે મળે તે...

ત્યારે કહેવું પડે, વત્સ ! તને હજી ભગવાન પર પૂરો ભરોસો નથી. પરમેશ્વર પર પૂર્ણ પ્રેમ પ્રગટ્યો નથી.

પરમાત્માને સાચા દિલથી સ્વીકારશું તો પરમાત્માના પૂર્ણ અસ્તિત્વને પામીને જ રહીશું.’

ત્યારે ત્યાં બેઠેલ સૌએ એક નિર્ણય કર્યો, - ’જિનેશ્વર ભગવાન જ મારા પ્રેમપાત્ર રહેશે.’

અને ’ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો, ઓર ન ચાહું રે કંત..’ આ કડી બોલીને પરમ પ્રેમની આંકડી સાથે વિદાય થયા.

- પં. રાજહંસવિજયજી ગણિ

CMYK

**સૂર્યોદય - ૬.૦૪ સૂર્યાસ્ત -૭.૧૪**

## તિથિદર્શન

જેઠ સુદ-૧૧ ગુરૂવાર ૨૦૭૫




વિક્રમ સંવત : ૨૦૭૫, શા.શકે-૧૯૪૦,નામ સંવત્સર :વિકારી નામ વીર જૈનસંવત ૨૫૪૫ જેઠ સુદ:અગિયારસ ગુરૂવાર નક્ષત્ર:ચિત્રા સવારે ૧૦.૫૫ પછી સ્વાતી યોગ: પરીઘ કરણ: બવ આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**કેયૂરા ન વિભૂષિયન્તિ પુરુષં હારા નચંદ્રજષલા ન સ્નાનંન**
**વિલેપનં ન કુસુમં નાલંકૃતા મુર્ધુજાઃ વાણ્યેકા સમલં કરોતિ**
**પુરુષં યા સંસ્કૃતા ધાર્યતે, ક્ષીયન્ને ખલુ ભૂષણાનિ**
**સતતં વાગ્ભૂણં ભૂષણાનિ સતતં વાગ્ભૂણં ભૂષ્ણભૂં**

'બાજુબંધ- સુવર્ણ આભૂષણો પુરુષની શોભા વધારતા નથી કે ચંદ્ર જેવા સફેદ મોતીના હાર, સ્નાન કે ચંદનના લેપ,ફૂલ- હારના શણગારથી સજેલા કેશ, કે અન્ય ઉપચાર- સાધન પુરુષની શોભામાં અભિવૃદ્ધિ કરતાં નથી પરંતુ જે પુરુષ-વ્યક્તિ સંસ્કારો વાણીને ધારણ કરે છે તે જ વાણી તેના મુખ- સ્વભાવને અલંકારની જેમ સુશોભિત બનાવે છે. બીજાં બધાં ભૌતિક આભૂષણો તો નાશવંત છે પરંતુ વાણીનું આભૂષણ તો અક્ષ- અક્ષત છે.' માણસમાં ગમે તેટલા સદ્‌ગુણ હોય, સત્વશીલ-ચારિત્ર્યશીલ- નિષ્ઠાવાન- લાગણીશીલ અને વાત્સલ્યસભર હોય પણ જીભ- વાણી પર પોતાનો કાબૂ જ હોય- વિચાર્યા વિના મન અને મરજીમાં આવે તેમ, પરિણામ અને પ્રત્યાઘાતનો વિચાર કર્યા જો બોલવામાં આવે તો બધા જ 'સદ્‌ગુણો' ધોવાઈ જાય છે. ઈતર આભૂષણ વ્યક્તિત્વનો વધારો કરતાં નથી. આજના નેતાઓ તો પોતાની 'શોભા' વધારવા સલાહકાર-નિષ્ણાતો- બ્યુટીપાર્લરો પોતાની આસપાસ રાખે છે. પણ કડવી- તીખી- કડછી વાણીને કારણે એમની વ્યક્તિત્વમાં નિખાર આવતો નથી. નમ્ર- વિવેકી-વિનયી વાણી જ સાચું આભૂષણ છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)કાર્યક્ષેત્રમાં સાવધાની જરૂરી બને. ભાઇબહેનથી મતભેદ સર્જાય.**
**વૃષભ : (બ.વ.ઉ.)ઉતાવળીયો નિર્ણય ન કરવો હિતાવહ. મનમાં બેચેની અનુભવાય.**
**મિથુન : (ક.છ.ઘ.)જામીન કે સાક્ષી જેવા કાર્યોથી દૂર રહેવું. પડોશીવર્ગ સાથે સંઘર્ષ થાય.**
**કર્ક : (ડ.હ.)નવિન તકોનું સર્જન થાય. ભૌતિક કાર્યોમાં સફળતા મળે.**
**સિંહ : (મ.ટ.)માનસિક ઉશ્કેરાટ અનુભવાય. આરોગ્ય બાબતે સાવધાની હિતાવહ.**
**કન્યા : (પ.ઠ.ણ.)આવક કરતા જાવકનું પ્રમાણ વિશેષ રહે. મહત્વના કાર્યોમાં રૂકાવટ આવે.**
**તુલા : (ર.ત.)નાણાંભીડ ઓછી થાય. દિવસ આનંદમય પસાર થાય.**
**વૃશ્ચિક :(ન.ય.)પ્રવાસ-મુસાફરીના યોગ છે. નવિન ઓળખાણ લાભદાયી નીવડે.**
**ધન : (ભ.ફ.ધ.)જૂના મિત્રોથી લાભ મળે. રચનાત્મક કાર્યોમાં સફળતા મળે.**
**મકર : (ખ.જ.)મોજ-શોખમાં ધન વપરાય. આવકમાં વૃદ્ધિ થાય.**
**કુંભ : (ગ.શ.સ.)સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે. મનની મૂંઝવણ દૂર થાય..**
**મીન : (દ.ચ.જ.થ.)શત્રુઓ શરણે આવે. સમાધાનકારી વલણ અપનાવું હિતાવહ. પ્રવાસમાં લાભ.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

હિંદી ક્રાંતિકારીઓના એક વખતના અગ્રણી અને જાણીતા ક્રાન્તિવીર વિનાયક સાવરકરના મોટાભાઈ શ્રી ગણેશ (ઉર્ફે બાબાસાહેબ) દામોદર સાવરકરની જન્મતિથિ છે.

એમનો જન્મ ૧૩/૬/૧૮૭૯ના રોજ થયો હતો. નિર્ભય અને ખુમારીવાળા આ ક્રાંતીકારી વીરનો જન્મ નાસિક જિલ્લાના ભાંગૂર ગામમાં થયો હતો.

જીવનભર ભારતમાતાની મુક્તિ માટે ઝઝૂમવાર અને જેલને મહેલ ગણી હસતે મુખે કાળા પાણીની સજા ભોગવનાર આ અનન્ય રાષ્ટ્રપુરુષ તા.૧૬/૩/૧૯૪ના રોજ અવસાન પામ્યાં.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**સુરત ઓફીસઃ-** ૐકાર કન્સલટન્સી દુ.નં.૧, ગ્રાઉન્ડ ફલોર, હેમાલી બીલ્ડીંગ, ખાન સાહેબનો ડેલો, મહીધરપુરા, સુરત. મો.૬૩૫૬૫૫૫૧૦૮

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## તા. ૧૩.૦૬.૨૦૧૯ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૨૦૦૩ પોઈન્ટ મહત્ત્વની સપાટી ....!!!**

**તા.૧૨.૦૬.૨૦૧૯ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૧૯૨૫ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૧૯૭૯ પોઈન્ટના પ્રથમ અને ૧૨૦૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૧૯૦૯ પોઈન્ટ થી ૧૧૮૮૮ પોઈન્ટ, ૧૧૮૭૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૨૦૦૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા.૧૨.૦૬.૨૦૧૯ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૩૧૦૩૦ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૩૧૨૭૨ પોઈન્ટના પ્રથમ અને ૩૧૩૩૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૩૦૯૭૩ પોઈન્ટ થી ૩૦૯૧૯ પોઈન્ટ, ૩૦૮૮૮ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૩૧૩૩૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**TCS લિમિટેડ (૨૨૬૮) :- તાતા ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૨૩૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૨૧૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૨૭૭ થી રૂ.૨૨૮૮ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૨૯૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**ACC લિમિટેડ (૧૫૮૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૫૬૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૫૪૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૬૦૩ થી રૂ.૧૬૧૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**એપોલો હોસ્પિટલ્સ (૧૩૮૮) :- રૂ.૧૩૭૩ નો પ્રથમ તેમજ રૂ.૧૩૬૦ ના બીજા સપોર્ટથી હેલ્થકેર સેક્ટર રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૪૦૪ થી રૂ.૧૪૧૪ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**હેવેલ્સ ઈન્ડિયા લિ. (૭૮૪) :- ઇલેક્ટ્રિકલ ઇક્વિપમેન્ટ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૭૯૭ થી રૂ.૮૦૮ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૭૭૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**મહિન્દ્રા & મહિન્દ્રા (૬૩૬) :- રૂ.૦૫ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૧૬ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ઓટો સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૬૪૪ થી રૂ.૬૫૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૫૬૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૫૮૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૫૪૭ થી રૂ.૧૫૩૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૫૯૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**એશિયન પેઈન્ટ (૧૪૨૨) :- રૂ.૧૪૪૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૪૬૦ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૪૦૭ થી રૂ.૧૩૯૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૪૭૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**ટાઈટન કંપની લિ. (૧૨૮૯) : એસેસરીઝ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૩૦૯ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૨૭૦ થી રૂ.૧૨૫૫ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**તાતા એલેક્સી (૮૫૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્નોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૮૭૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૮૪૪ થી રૂ.૮૩૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૮૮૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**સનટીવી નેટવર્ક લિ. (૫૨૪) :- રૂ.૫૪૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૫૦ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૫૧૬ થી રૂ.૫૦૮ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૫૬૫ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# સુઈગામથી નજીક આવેલ ગેમલશા પીરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

તા.પ્રતિનિધિ વાવ

બનાસકાંઠા જિલ્લાના સરહદી સુઇગામ નજીક રણમાં આવેલાં ગેમલશા પીર દાદાનો આજે સુઇગામના રાજપૂત સમાજ અને અઢારે સમાજ દ્વારા વાજતે ગાજતે ગામ માંથી સૌ લોકોની હાજરીમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યીજયો હતો.



વિષ્ણુ પરમાર

સરહદી સુઇગામ ગામ નજીક આવેલા રણમાં એક ગેમલશા પીર દાદાનું ધામ આવેલું છે. જે આજ રોજ તેમના ધામ સુધી સુઇગામ ગામના તમામ લોકો દ્વારા રાજેશ્વર મહાદેવના મંદીરે થી વાજતેગાજતે ગેમલશા પીર દાદાના મંદિરે જઈને નવચંડી યજ્ઞ કરીને ગેમલશા પીર દાદાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

સાથે ભોજન પ્રસાદની વેવસ્થા કરી હતી ત્યારે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને સૌ કોઈએ ભોજન પ્રસાદ લઈને દાદાના દર્શન કરીને સૌ ભગતોએ ધન્યાતા અનુભવી હતી.

# હિન્દવાણી રાજપૂત સમાજનું ગૌરવ

પ્રતિનિધિ લવાણા

શ્રી વિદ્યામંદિર, લવાણા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને હિન્દવાણી રાજપૂત સમાજના તેજસ્વી તારલાઓ રાજપૂત (રાઠોડ) કાળુસિંહ અનોપસિંહ (બેવટા), રાજપૂત (પઢાર) અજિતસિંહ ભુરાજી (જેતડા), રાજપૂત (વાઘેલા) વિજયસિંહ ગોદાજી (સણાવિયા) એ ચાલુસાલે લેવાયેલ નીટ-૨૦૧૯ની પરીક્ષામાં કુલ ૭૨૦ માર્કસમાંથી અનુક્રમે ૫૭૫ માર્કસ સાથે ૯૮.૯૪ પર્સન્ટાઈલ રેન્ક ૫૦૨ માર્કસ સાથે ૯૬.૫૭ પર્સન્ટાઈલ રેન્ક અને ૪૬૦ માર્કસ સાથે ૯૪.૫૮ પર્સન્ટાઈલ રેન્ક મેળવેલ છે. જેમાં રાજપૂત (રાઠોડ) કાળુસિંહ અનોપસિંહ સમગ્ર પાટણ જીલ્લામાં પ્રથમ ક્રમે રહેલ છે. ઉપરોક્ત ત્રણેય તેજસ્વી તારલાઓ ગુજરાતની નામાંકિત મેડિકલ કોલેજમાં એમ.બી.બી.એસ.ના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવીને પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવશે.

નીટની પરીક્ષા સારી રેન્ક સાથે પાસ કરીને શ્રી વિદ્યામંદિર, લવાણા તેમજ હિન્દવાણી રાજપૂત સમાજનું ગૌરવ વધારવા બદલ શાળાના મેનેજીંગ ટ્રસ્ટી ડો.યુ.કે.રાજપૂત તથા સમસ્ત હિન્દવાણી રાજપૂત સમાજ, સમગ્ર શાળા પરિવાર તેઓને આગળ અભ્યાસ કરી ઝળહળતી કારકિર્દી બનાવે તેવી શુભેચ્છાઓ પાઠવે છે.

# ઝાલમોર ગામે શિવ શક્તિ મંદિરનું શિલારોપણ

પ્રતિનિધિ રવિયાણા

કાંકરેજ તાલુકાના ઝાલમોર ગામે આવેલ શિવશક્તિ સ્થાનકે નવીન મંદિરનું ખાત મુર્હુત તા.૨૪-૫-૧૯ના રોજ સ્વ.માલાભાઈ પરબતભાઈ પિલીયાતર પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.અને તા.૧૨-૬-૨૦૧૯ ને બુધવારના રોજ શિવશક્તિ મંદિરનું શિલારોપણ મુખ્ય યજમાન સ્વ.કરશનભાઈ ચહેરાભાઈ પિલીયાતરના પરિવાર દ્વારા કરવામાં આવેલ અને તેની અનેક શિલારોપણના દાતાઓ બાવાભાઈ સગરામભાઈ, દિનેશભાઈ ઉમેદભાઈ, માનસુંગ શીવા, ઉમેદ ચેહરા ઉમેદ જીવા, નાથા નાગજી, ઠાકોર કુંવરજી એમ, ઈશ્વર જેવતા, પ્રકાશ



મહાદેવ પરમાર

વિરા, ભારમલ બાવા, દેવા કરમશી, કલ્યાણ કરશન, દેવા રામજી, રગનાથ રેવા, લાલા હેમરાજ, અરજણ બળવંત આ તમામ દાતાઓ દ્વારા શિવશક્તિ મંદિરનું શિલારોપણ શાસ્ત્રીશ્રી હિતેશભાઈ લવાણા દ્વારા મંત્રોચ્ચાર દ્વારા કરવામાં આવેલ ઝાલમોર અનુસંધાન પાના નં.૬

# માલોત્રા ગામે ગંગેશ્વર મહાદેવ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સુખરૂપ સંપન્ન

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાના માલોત્રા ગામે રેલ નદીના તટે શોભતા ગંગેશ્વર મહાદેવના પાંચ શિખર ધરાવતા મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી સુખરૂપ સંપન્ન થઇ છે. માલોત્રા ગામમાં ગંગેશ્વર મહાદેવ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીથી ગામલોકો શિવભક્તિના રંગે રંગાઈ ગયા હતા. આ મહોત્સવ અંતર્ગત

રંગારંગ કાર્યક્રમો વચ્ચે આજે પાંચ શિખરવાળા મંદિરમાં ગંગેશ્વર મહાદેવના શિવલીગની સ્થપના કરાઈ હતી. માલોત્રા ગામના દરેક વ્યક્તિઓએ સાથે મળી ઉદરતાથી સહયોગ આપી આ મહોત્સવને દીપાવ્યો હતો.

માલોત્રા ગામમાં છેલ્લા ૨૦ વર્ષમાં પાંચ મંદિરની પ્રતિષ્ઠા યોજાઈ છે.ત્યારે આજે ગંગેશ્વર મહાદેવના મંદિરની પ્રતિષ્ઠા નિમિતે ધાનેરા તેમજ રાજસ્થાનના સંતો મહંતોએ પણ ઉપસ્થિત રહી દર્શનનો લાભ આપ્યો હતો. આ મંદિર માટે સવા કરોડથી પણ વધુ રકમનું દાન મળતા આ નાનકડા ગામની ભાવનાની સૌ સરાહના કરી રહ્યા છે.આજે પ્રતિષ્ઠા દરમિયાન હજારો ભાવિકોએ દર્શન તેમજ ભોજન પ્રસાદનો લાભ લઇ ધન્યતા અનુભવી હતી.

# ઠાકરાસણમાં સંતવાણી-યજ્ઞ યોજાયો

ડીસા

ઠાકરાસણ ગામે અતિ પ્રાચીન પૌરાણિક મંદિર ઓગડનાથ બાપા, ધૂધલીમલ દાદાના મંદિરે સમગ્ર ગ્રામજનો દ્વારા દિવસે યજ્ઞ, ભોજન પ્રસાદી અને રાત્રે સંતવાણી ડાયરાનું આયોજન કરેલ તેમાં ગુજરાતના ખ્યાત નામ ભજનીકોમાં સંતશ્રી રામનાથ ગૌસ્વામી, ઉમેદકવિ, કિરીટભાઈ પંચોલી, હિતેષ સોની, મનુજી ઠાકોર સંગીતની સંગતમાં તબલા ઉસ્તાદ પ્રહલાદસીંગ રાજપૂત બેન્ઝોવાદક મનસુખભાઈ મકવાણા, મંજીરા વાદક સીતારામભાઈ એ ભજનોની રમઝટ થી સમગ્ર ઠાકરાસણ ગામના ભક્તોને આનંદ વિભોર કરી દીધા હતા.

# વાવના નગર શેઠનું સુરત ખાતે દુઃખદ નિધન

તા.પ્રતિનિધિ વાવ

સેવાના ભેખધારી અને શ્રી જૈન મૂર્તિ પૂજક સંઘ વાવના ટ્રસ્ટી તેમજ વાવ નગરના નગર શેઠ રસીકલાલ કાંતિલાલ (ઉ.૬૪)નું ગત તા.૧૦-૬-૧૯ની રાત્રે સુરત મુકામે લાંબી માંદગી બાદ દુઃખદ નિધન થતા સમગ્ર વાવ પંથક જૈન સમાજમાં શોકની લાગણી ઉદ્‌ભવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૨ વર્ષથી તેમની તબિયત ખરાબ રહેતા જેઓએ મુંબઈ ખાતેની વી.આઈ.પી. હોસ્પિટલમાં સારવાર લીધા બાદ તેમના પુત્રો અને પરિવાર સહિત સુરત મુકામે રહેતા હતાં.



ગતરોજ તેમનું આકસ્મીક દુઃખદ નિધન થયા બાદ સદ્‌ગતના અંતિમ સંસ્કાર સુરત ખાતે કરાયા હતાં.ત્યારબાદ તેમના માદરે વતન વાવ ખાતે પ્રાર્થના સભાનું પણ આયોજન થનાર છે.

# "સેંકડો સમસ્યાનું સમાધાન એક પ્રભુ ભક્તિમાં છે : પં.રાજરક્ષિતવિજય મ.સા.

મુંબઈ

શ્રી શાન્તિકમલ જૈનસંઘ- ચિંચપોકલીમાં યુગપ્રધાન- આચાર્ય સમ-પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રશેખરજિજયજીના શિષ્ય પં.રાજરક્ષિત વિજયજીએ- જણાવ્યું કે, સેંકડો સમસ્યાઓનું સમાધાન એક પ્રભુ ભક્તિમાં છે. પ્રભુ ભક્તિથી- ફ્રેશ પુણ્ય બંધાય છે. જે અનેક સમસ્યા સોલ કરે છે. પેટ્રોલ વિના મોટ- રગાડી ન ચાલે તેમ પુણ્ય વિના સંસાર ગાડી ન ચાલે પરમાત્માની અંગ પૂજાથી વિઘ્નો- નાશ થાય છે. અગ્ર પૂજાથી અભ્યુદય થાય છે. ભાવ પૂજાથી પાપ અને દોષથી- નિવૃતિ થાય છે. પરમાત્મા સાક્ષાત કલ્પ વૃક્ષ સમાન છે.

તા.૧૨ જૂન સવારે ૮ઃ૩૦ કલાકે શ્રી કેશરીયાજી આદિનાથ જિનાલયની પ્રથમ-સાલગિરિ નિમિતે સત્તર ભેદી પૂજા ભણાવાશે. ધ્વજા રોહણનો ઉલ્લાસભેર કાર્યક્રમ થશે. તે નિમિતે અનુકંપા ગરીબોને પ્રસાદી વહેંચવામાં આવશે.

# &TV લાવી છે સૈરાટ પરથી સૌપ્રથમ જ ટેલિવિઝન પર બનેલી સિરિયલ જાત ના પૂછો પ્રેમ કી,



આપણે પોતાને જાતિ, ધર્મ, સંસ્કૃતિ અને દેશોથી અલગ તારવીએ છીએ, પરંતુ તેમાં પ્રેમ ક્યારેય અલગ થઈ શકતો નથી. તેમાં ઉંમર, લિંગ, અંતર જેવા વિવિધ અવરોધો આવીને તે પાર કરાયા છે, પરંતુ આખરે જાતિનો અવરોધ હજુ તોડી શકાયો નથી. બ્લોબસ્ટર ફિલ્મ સૈરાટ પરથી ટેલિવિઝન પર બનાવવામાં આવેલી સિરિયલ સાથે &TV જાત ના પૂછો પ્રેમ કી નામે નવો રોમેન્ટિક સોશિયલ ડ્રામા લાવવા માટે સુસર્જ છે. શૈકા ટેલિફિલ્મ્સ અને કોકકો એન્ટરટેઈનમેન્ટ દ્વારા સંયુક્ત રીતે નિર્મિત આ શો મજબૂત મૂળિયાં ધરાવતી જાતિ પ્રણાલીમાં ઊંડાણથી મઢાયેલી રોમાંચક પ્રેમકથા કથન કરે છે. જાત ના પૂછો પ્રેમ કીમાં ટેલિવિઝનનો લોકપ્રિય અભિનેતા કિન્શુક વૈદ્ય અને નવોદિત પ્રણાલી રાઠોડની મુખ્ય જોડી છે. પીઢ અભિનેતા સાઈ બલ્લાલ ફરી એક વાર શક્તિશાળી નકારાત્મક ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. શો ૧૮મી જૂન, ૨૦૧૯થી પ્રસારણ માટે સુસજ્જ છે ત્યારે આ નવી ફિકશનલ પ્રોપર્ટીનું ત્યાર પછી દરેક સોમવારથી શુક્રવારે રાત્રે૮ વાગ્યાથી ફક્ત શ્ર્ફ પરથી પ્રસારણ થશે.

ઉત્તર પ્રદેશની ગ્રામીણ પાર્શ્વભૂ સામે સ્થાપિત જાત ના પૂછો પ્રેમ કી સંઘર્ષમય પ્રેમકથા છે, તે યુવા યુગલ બાદલ અને સુમનની વારતા છે, જે બંને અલગ અલગ જાતિના છે. તેમના સમાજ અને પરિવારમાં પ્રવર્તમાન ભેદભાવભરી જાતિ પ્રણાલી સામે તેઓ પોતાના પ્રેમ માટે લડે છે. બે પ્રેમીઓની આશા અને સંઘર્ષો વચ્ચે અટવાયેલો આ રોમેન્ટિક ડ્રામા જાતિવાદ આજે પણ પ્રેમીઓ અને લોકોને કઈ રીતે જકડી રાખે છે તેની કડવી સચ્ચાઈઓ ઉજાગર કરવાનો પર્યાસ કરવામાં આવ્યો છે.

બધુ ચાહકો અને દર્શકોને નવા ટીઆરએઆઈ મેન્ડેટ અનુસાર ઝી બુકેની ચેનલો સબ્સ્ક્રાઈબ કરીને જાત ના પૂછો પ્રેમ કી જોવાનું નહીં ચૂકવા માટે ખાસ અનુરોધ કરું છું. આખરે ઝી પારિવારિક મનોરંજન અને પરિવારના દરેક સભ્યો માટે રસના કાર્યક્રમો સાથે વન- સ્ટોપ- શોપ માટે નં. ૧ નેટવર્ક છે. આથી શ્ર્ફ પર અમારા શો જોવાનું ચાલુ રાખો, ઝી ફેમિલી પેક હિંદી એસડી અને એચડી લો અને ઝી એચએસએમ બુકે પસંદ કરો.

# 22KYMCએ ને 'ભારતમાં વિશાળ બનાવવા' તૈયાર કરાયું..



ગુડગાંવ

આજે 'ભારતમાં તેને વિશાળ બનાવવા'ની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરતા KYMCOના ચેરમેને એલેન કો. એ હરિયાણાના ભિવાડી ખાતે 22KYMCની માટે મેન્યુફેક્ચરિંગ ફેસેલિટી સ્થાપવાની જાહેરાત કરી છે. ૨,૦૦,૦૦૦ યુનિટની વાર્ષિક ઉત્પાદન ક્ષમતાથી સુસજ્જ આ ફેસિલિટી iFlow, ભીર૦૦ અને X-Town 300i ABSનું સંપૂર્ણપણે ઉત્પાદન કરશે. અને KYMCO માટે ભારત સૌથી વધુ ધ્યાન કેન્દ્રિત બજારો પૈકીનું એક હોવાના પગલે ટુ-વ્હિલર ઉત્પાદક આક્રમક વિસ્તરણ સાથે દેશભરમાં તબક્કાવાર યોજના સાથે વિસ્તરણ કરશે. પ્રથમ તબક્કામાં કેન્દ્રિત બજારોમાં નવી દિલ્હી, બેંગલોર, પુણે, હૈદરાબાદ, કોલકાતા અને અમદાવાદનો સમાવેશ થાય છે. આગામી ત્રણ વર્ષમાં આ સંગઠનનું લક્ષ્યાંક ૩૦૦ ટચ પોઈન્ટ્સ સાથે સમગ્ર દેશભરમાં એક મજબૂત ડીલરશીપ નેટવર્ક બનાવવાનો છે.ભારતીય બજારો માટેની વિશિષ્ટ જરૂરિયાતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને ગ્લોબલ ન્યુ એજ મોબિલિટી સોલ્યુશન્સ પ્રોવાઈડર 22KYMCO, પોતાના ટુ-વ્હિકલની રજૂઆત કરી છે, - iFlowની સાથે-સાથે પ્રીમિયમ મેક્સી સ્કૂટર્સ કેટેટરીનો ભાગ "ભીર૦૦" અને "X-Town 300i ABS" સહિત કટિંગ-એજ આઈસીઈ ટેકનોલોજી રેન્જની પ્રોડક્ટનો સમાવેશ થાય છે. કંપનીએ પોતાના નવા લોગો પરથી પડદો ઊંચક્યો છે અને પોતાની નવી મશીનોની માટે પ્રતિસ્પર્ધી પ્રાઈસ પોઈન્ટ લોન્ચ કર્યા છે જે સપ્ટેમ્બર ૨૦૧૯માં ભારતમાં ઉપલબ્ધ થશે.

# ટાટા મોટર્સે ૧૨ મહિનામાં લગભગ એક લાખ જીવન પર હકારાત્મક પ્રભાવ પાડ્યો



મુંબઈ

ટાટા ગ્રુપના સ્થાપક જમશેતજી ટાટા દ્વારા સંકલ્પના કર્યા મુજબ અમારા અસ્તિત્વના હેતુના ભાગરૂપ સર્વ હિસ્સાધારકોના સ્વાસ્થ્ય કલ્યાણના ધ્યેયની રેખામાં ટાટા મોટર્સ આરોગ્ય, શિક્ષણ, રોજગારક્ષમતા અને પર્યાવરણને પ્રોત્સાહન આપવાના તેના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી એજન્ડામાં આગેવાન રહી છે. સમુદાય વિકાસ તેમ જ તેની કામગીરીની ક્ષિતિત અને ઊંડાણ વર્ષોનાં વહાણાં વીતવા સાથે વૃદ્ધિ પામ્યાં છે. રાષ્ટ્રનિર્માણ પ્રત્યે પોતાની કટિબદ્ધતા પર ભાર આપતાં ટાટા મોટર્સે સમાવેશકતા, સમાનતા અને આધ્યાત્મિક વિકાસ પ્રેરિત કરવા માટે લગભગ ૭ લાખ જીવનને સ્પર્શ કર્યો છે, જેમાંથી લગભગ ૪૦ ટકા પછાત જાતિ અને જનજાતિ સમુદાયના છે.હેલ્થ પ્રોગ્રામ આરોગ્ય હેઠળ લગભગ ૩.૮ લાખ લોકોને કંપની આઉટરીચ થકી કુપોષણ દૂર કરવામાં લાભ થયો છે અને ખાસ કરીને આદિવાસી પટ્ટા અને વસાહતોમાં ૪૫૦ દુકાળથી અછતગ્રસ્ત વિસ્તારોમાં સુરક્ષિત પીવાનું પાણી પૂરું પાડ્યું છે.પ્રોગ્રામ વિદ્યાધનમ હેઠલ શિક્ષણમાં કંપનીના પ્રયાસો સાથે ૧ લાખ યુવા માધ્યમિક અને કોલેજ જતા વિદ્યાર્થીઓને જરૂરત આધારિત નાણાકીય ટેકો અને વિશેષ કોચિંગ ક્લાસીસ સાથે સહાય આપવામાં આવી છે.કંપનીએ ઓટો ટ્રેડ્સ, નોન- ઓટો ટ્રેડ્સ અને કૃષિ તથા સંલગ્નિત પ્રવૃત્તિઓમાં એનએસડીસી સર્ટિફિકેશન પ્રાપ્ત કરતાં તેમના કૌશલ્ય પ્રોગ્રામ હેઠળ બેરોજગાર યુવાનોને કુશળતા આધારિત તાલીમ આપવામાં મદદ પણ કરી છે. કંપની સ્ત્રી અને ખેડૂતોના સમુદાય આધારિત જૂથો સાથે પણ સહભાગી થાય છે અને તેમને કૃષિ અને સંલગ્નિત કાર્યક્રમો થકી પૂરક આવકો કમાણી કરવામાં મદદ કરે છે. લગભગ ૧ લાખ યુવાનો ગયા વર્ષે પ્રોગ્રામના આઉટરીચનો હિસ્સો હતા અને આમાંથી ૫૬ ટકાને નોકરી મળી હતી અને ૪ ટકાએ પોતાના ઉદ્યોગ શરૂ કર્યા હતા.

# આ ફાધર્સ ડે પર પ્રેમ દર્શાવવા માટે બાર આકર્ષક ભેટસોગાદો






પિતા દીકરીનો પ્રથમ પ્રેમ હોય છે અને દીકરાનો પ્રથમ હીરો હોય છે. સારા કે ખરાબ સમયમાં તે પોતાના પરિવારની શક્તિનો પાયો રહે છે. હંમેશાં સ્થિતિસ્થાપક અને આશાવાદી રહે છે. આ ફાધર્સ ડે પર તેથી જ આ મૂક લડવૈયા અને સદાબહાર જોશની ઉજવણી કરવા માટે એમેઝોન.ઈન દ્વારા Father's Day Gift Stroefâwhux કરવામાં આવ્યો છે. તો વોચ, ગ્રૂમિંગ એસેન્શિયલ્સ, ગેજેટ્સ અને ઘણા બધા સાથે પ્રેમ દર્શાવો. ગભરાશો નહી, જો તમે યાદ રાખી શકતા નહી હોય તો એમેઝોનના આ બાર ગિફ્ટિંગ એસેન્શિયલ્સની યાદી તમને પરફેક્ટ ગિફ્ટ ચૂંટી કાઢવામાં મદદ કરશે!

પોલો ટી- શર્ટસઃ પોલો ટી-શર્ટસ હવે જૂની સ્કૂલ અને પ્રેપ્પી રહ્યાં નથી. બ્રાન્ડ્સ હવે ક્લાસિક પોલો ટી-શર્ટની સ્ટાઈલ વધુ આધુનિક અને કેઝ્યુઅલ બનાવવા માટે ફેબ્રિક્સ અને પ્રિંટ્સ સાથે રમત રમી રહી છે. તો તમારા ડેડ માટે ગેરા રંગોમાં સ્ટાઈપ્સ અથવા પેટર્ન્સ સાથેના પોલો ટી-શર્ટ ચૂંટી કાઢો અને તેમના વોર્ડરોબની શોભા વધારી દો.સ્કિનકેર એસેન્શિયલ્સઃ ગ્રૂમિંગ હવે માતા પૂરતું સીમિત રહ્યું નથી. રોજબરોજની દોડધામ તેની ત્વચામાં કરચલી પાડી શકે છે. તો ફેસ માસ્ક અથવા નાઈટ મોઈશ્ચરાઈઝર સાથે તેના સ્કિનકેર રુટીનને અપગ્રેડ કરો અને તેનો દિવસ સુધારો.

# દલજીત કૌર ઝી ટીવીના ગુડ્ડન તુમસે ના હો પાયેંગામાં પ્રવેશશે !



ઝી ટીવીના પ્રસિદ્ધ કાલ્પનિક શો ગુડ્ડન... તુમસે ના હો પાયેંગાએ તેની અલગ વાર્તા અને દેશની સૌથી નાની સાસુનો પહેલા ક્યારેય નહી જોવા મળેલા ટ્રેકથી દર્શકોની ચહિતી બની ગઈ છે. શોના આગામી એપિસોડમાં દર્શકો વાર્તાની લાઈનમાં એક નાટ્યાત્મક અને અજીબ વણાંક જોશે. ટ્રાયલ અને કટોકટી બાદ તેમાં હવે થોડી સારી બાબતો પણ આવશે અને દર્શકો જો શે કે, શોનો હિરો અક્ષત જે પાત્ર સુંદર અભિનેતા નિશાંત સિંઘ મલકાણી દ્વારા કરવામાં આવી રહ્યો છે, તે ગુડ્ડન પાત્ર કરી રહી છે, અત્યંત ઉત્સાહિ કનિકા માન દ્વારા નિભાવવામાં આવે છે, તેની સાથે પ્રેમમાં પડે છે. આ દરમિયાન, ગુડ્ડન હોસ્પિટલમાંથી પરત આવી છે અને તે હવે તંદુરસ્ત થઈને અક્ષતની નજર હેઠળ ઘરે આવી છે. ખરેખર તો, તેને જ્યારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, ત્યારે અક્ષતે તેની તબિયતનો સુધારો કરવા માટે પ્રયત્ન કર્યો હતો અને સળગતા કોલસા પર ખુલ્લા પગે ઉભા રહીને મહા આરતી પણ કરી હતી. પરંતુ દર્શકો હવે ગુડ્ડન અને એજેને સાથે જોઈને ખુશી અનુભવશે, ત્યાં જ વાર્તામાં એક પ્રભાવશાળી વણાંક આવે છે. શોમાં એક મોટો વણાંક આવશે જ્યારે અચાનક અક્ષતની ભૂતપૂર્વ અને મૃત પત્નિ અંતરા તેના જીવનમાં પરત આવે છે, જે મૃત્યુમાંથી પરત આવી છે? ખરેખર તો એવું નથી, પરંતુ બન્યું એવું કે, તે ક્યારેય મરી જ ન હતી.અંતરાના પ્રવેશથી દરેકના જીવનમાં કેવો બદલાવ આવશે એ જોવું ખરેખર અત્યંત રસપ્રદ રહેશે અને શું થશે અક્ષત અને ગુડ્ડનની વચ્ચે વિકસતી પ્રેમકથાનું? વધુ જાણવા માટે જોતા રહો, ગુડ્ડન... તુમસે ના હો પાયેંગા દર સોમવારથી શુક્રવાર સાંજે ૮ વાગે

# થરાદની નર્મદા કેનાલમાંથી અજાણા ઇસમની લાશ મળી


(વિષ્ણુ દવે)

પ્રતિનિધિ થરાદ

બનાસકાંઠાના થરાદ નજીકની મુખ્ય નર્મદા કેનાલમાં આજે ફરી એક અજાણા ઈસમની લાશ તરતી હોવાની જાણ થતા સ્થાનિક લોકોએ થરાદ પાલિકાના તરવૈયા સુલતાનભાઈ મીરને જાણ કરી હતી. જેના પગલે સુલતાનભાઈ મીરે ઘટનાસ્થળે દોડી જઈ સાયફન પાસેથી લાશને બહાર કાઢી હતી. કેનાલમાંથી ફરી લાશ મળતા ઘટના સ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. થરાદ પોલીસે કેનાલમાંથી મૃત હાલતમાં મળેલાઅજાણા ઈસમની લાશને થરાદની સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ભલગામના અકસ્માતગ્રસ્ત પરિવારોને સરકાર તાત્કાલિક આર્થિક સહાય ચૂકવે : જીગ્નેશ મેવાણી

**સરકાર આર્થિક સહાયની પાંચ દિવસમાં જાહેરાત નહિ કરે તો ધારાસભ્ય એક માસનો પગાર આપશે**

પ્રતિનિધિ છાપી

અંબાજી - દાંતા વચ્ચે ત્રિશૂળીયાઘાટા પાસે ગત સપ્તાહે ગોઝારા અકસ્માતનો ભોગ બનેલ વડગામના સિપાહી પરિવારને રાજ્ય સરકાર દ્વારા હજુ સુધી આર્થિક સહાયની જાહેરાત ન કરાતા ગરીબ પરિવારો મુશ્કેલીમાં મુકાઇ ગયા છે.

વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે, અંબાજી નજીક અકસ્માતમાં નવના મોત થયા હતા. જ્યારે અનેક ઈજાગ્રસ્તો સારવાર હેઠળ હોઈ ઈજાગ્રસ્તોને સારવાર કરાવવા માટે ખાનગી દવાખાનાઓનું ખર્ચ કરવું અશક્ય બન્યું છે. રાજ્ય સરકારને અકસ્માતના બીજાજ દિવસે આર્થિક સહાય કરવા વિનંતી કરવામાં આવી હતી. જોકે હજુ સહાયની જાહેરાત કરવામાં ન આવતા બુધવારે ફરી ધારાસભ્યની આગેવાની હેઠળ રજુઆત કરવામાં આવી હતી. જોકે મુખ્યમંત્રીની હૈયા ધારણા વચ્ચે ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે, જ્યાર સુધી રાજય સરકાર દ્વારા પીડિત પરિવારોને આર્થિક સહાયની જાહેરાત કરવામાં નહિ આવે ત્યાર સુધી રોજ મુખ્યમંત્રીના કાર્યાલય ખાતે રવિવાર સિવાય આવેદન પત્ર આપવામાં આવશે દરમિયાન રાજ્ય સરકાર પાંચ દિવસમાં આર્થિક સહાયની જાહેરાત નહિ કરે તો ધારાસભ્ય તરીકેનો એક માસનો પગાર પીડિત પરિવારોને સહાય રૂપે આપશે ધારાસભ્યએ પણ જણાવ્યું હતું કે, જિલ્લામાં આરોગ્યની પૂરતી સેવાઓ ઉપલબ્ધ ન હોવાના કારણે ઈજાગ્રસ્તોને મહેસાણાની ખાનગી હોસ્પિટલોમાં મોંઘી તબીબી સેવા લેવાની ફરજ પડી રહી છે. જેથી મુખ્યમંત્રીને અપીલ કરી હતી કે, આ હોસ્પિટલોના સંચાલકોને દવાના ખર્ચનું બિલ ન લેવા લેખિત આદેશ કરવા પણ જણાવ્યું હતું.

# થરાદ ખાતે વિધાનસભા મતવિસ્તાર દ્વારા સંસદસભ્યનો સન્માન સમારોહ યોજાયો

**બનાસકાંઠાની પ્રજાએ મતપેટીઓ છલકાવીને મારૂ સન્માન કર્યું છે : પરબતભાઈ પટેલ**


(વિષ્ણુ દવે)

પ્રતિનિધિ થરાદ

બનાસકાંઠાના સરહદી થરાદ તાલુકા મથક ખાતે જંગી બહુમતીથી બનાસકાંઠામાં કેશરીયો લહેરાવનાર સ્થાનિક નેતા અને જિલ્લાના સાંસદસભ્યનો સન્માન સમારોહ યોજાયો હતો.જેમાં તેમણે જીલ્લાની પ્રજાએ મતપેટીઓમાં ખોબલે ખોબલે નહી પણ ટોપલે ટોપલે મત આપી જંગી બહુમતીથી જીત અપાવી અવિસ્મરણીય સન્માન કર્યું હોવાનું જણાવ્યું હતું.

થરાદની ગાયત્રી વિદ્યાલયના પ્રાંગણમાં તાજેતરની વિધાનસભાની ચુંટણીમાં બનાસકાંઠાની લોકસભાની બેઠક પર થરાદના ધારાસભ્ય અને રાજ્યસરકારના મંત્રી પરબતભાઈ પટેલ ઐતિહાસિક જંગી લીડથી વિજેતા બન્યા હતા. આથી બુધવારે થરાદ વિધાનસભા મતવિસ્તારના ભારતીય જનતાપાર્ટી તથા વિવિધ સંસ્થાઓ અને શુભેચ્છકો દ્વારા તેમનો સત્કાર સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે શુભેચ્છકોનું અભિવાદન ઝીલ્યા બાદ સાંસદસભ્ય પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે પોતે થરાદ વાવના સ્થાનિક હોવાના કારણે આ પ્રજા તો પ્રેમ આપે એ સ્વભાવિક છે.પરંતુ સમગ્ર બનાસકાંઠા જિલ્લાની પ્રજાએ ચુંટણીમાં મતપેટી છલકાવીને ઐતિહાસિક જંગી જીતથી વિજય અપાવીને સન્માન કર્યું છે

અનુસંધાન પાના નં.૬

**વાવાઝોડાના પગલે ડીસા માર્કેટયાર્ડમાં માલ લઈને આવતા**

# ખેડૂતો-વેપારીઓને તકેદારી રાખવા અપીલ

ડીસા

ભારત સરકારના પૃથ્વી, વિજ્ઞાન મંત્રાલય અને મોસમ વિભાગના જણાવ્યા મુજબ તારીખ ૧૨ થી ૧૪ જુન દરમિયાન રાજ્યમાં વાવાઝોડું ત્રાટકવાની શક્યતા હોય ડીસા માર્કેટયાર્ડમાં માલ વેચાણ માટે આવતા ખેડૂતો તેમજ વેપારીઓએ પોતાના માલ મિલકતને નુકસાન ન થાય તે માટે તકેદારી રાખવા ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઇ દેસાઇ દ્વારા અપિલ કરાઈ છે.

આ અંગે ડીસા માર્કેટયાર્ડના સેક્રેટરી અમૃતભાઇ જોષીએ જણાવ્યું હતું કે, બે દિવસ દરમ્યાન ગુજરાતમાં વાયુ નામનું વાવાઝોડું ત્રાટકવાની શક્યતા છે. વાવાઝોડાના કારણે અતિ ઝડપથી પવન ફુંકાવાનો તેમજ ભારે થી અતિભારે વરસાદ પડવાની શક્યતા છે. આથી શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા તેમજ પેટા બજારોમાં ખેત પેદાશોના વેપાર કરતાં વેપારીઓ તેમજ માલ વેચાણ માટે આવતા તમામ ખેડૂત ભાઈઓએ પોતાનો માલ ખુલ્લામા ન રાખી ગોડાઉન કે અન્ય સલામત સ્થળે ખસેડી લેવો તેમજ જાન માલ અને માલ મિલકત ને નુકશાન ન થાય તેની તકેદારી રાખવી.

# વાવના વાસરડાના ગુમ યુવકની શોધખોળ માટે પરિવારજનોની રઝળપાટ


વિષ્ણુ પરમાર

તા.પ્રતિનિધિ વાવ

વાવ તાલુકાના વાસરડા ગામના વતની કોળી (ઠાકોર) તેજાભાઈ ધુડાભાઈ (ઉ.૪૦) છેલ્લા કેટલાય સમયથી વાસરડા ગામથી ગુમ થઈ ગયેલ છે. તેમની શોધખોળ માટે તેમની પત્નિ જેઠીબેન અને તેમના પુત્રે જમીન આસમાન એક કરી દીધા છતાં તેમનો કોઈ અતોપતો મળતો નથી. ખેતમજુરી કરીને ગુજરાન ચલાવતા જેઠીબેન ઠાકોરને ત્રણ સંતાનોમાં એક પુત્રી અને ૨ પુત્રો છે. તેઓ ખેતમજુરી કરીને પરિવારનો જીવન નિર્વાહ ચલાવે છે. પુત્રે પિતાની શોધખોળ માટે જ્યારે પત્નિએ પતિની શોધખોળ માટે જિ.પો. વડા બ.કાં. અને વાવ પોલીસ સ્ટેશન ખાતે એક ગુમસુદા ની અરજી આપી જણાવ્યું છે કે, બ.કાં. જીલ્લાના વાવ તાલુકાના વાસરડા ગામે રહેતા શ્યામવર્ણ અને ૬ ફુટની ઉંચાઈ અને મધ્યમ બાંધાવાળા ઠાકોર (કોળી) તેજાભાઈ ધુડાભાઈની કોઈ દેખભાળ મળે તો તેમના પરિવારજનો અથવા નજીકના પોલીસ સ્ટેશને જાણ કરવા અનુરોધ કરાયો છે.

# ચાંગડા ગામે માર્શલ જીપમાંથી દારૂ ઝડપાયો


(વિષ્ણુ દવે)

પ્રતિનિધિ થરાદ

સુઇગામ બોર્ડરના ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેક્ટર એચ એન પટેલ તથા મહેશભાઈ સવદાસભાઇ, જોગાભાઇ રૂપશીભાઇ, શિવલાલ વાઘજીભાઈ, રાજુભાઈ માધુભાઈ સુઇગામ તથા પાંથાવાડા બોર્ડર પોલીસ સ્ટાફના થરાદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમિયાન તાલુકાના ચાંગડા ગામના બસસ્ટેશન પાસે આવતાં રાજસ્થાન તરફથી એક માર્શલ જીપ નંબર જીજે.૧૮ એબી ૭૯૨૧માં વિદેશી દારૂનો જથ્થો રાજસ્થાન તરફથી લવાણાથી ચાંગડા તરફ જનાર હોવાની ખાનગી બાતમી મળી હતી. આથી પોલીસે વોચ ગોઠવી નાકાબંધી કરી ઉપરોક્ત નંબર વાળી ગાડી આવતાં તેને હાથથી રોકવા ઈશારો કરતાં ગાડીના ચાલકે પોતાની ગાડી રોડની સાઈડમાં ઉતારી કટ મારી તરફ ભગાડી દીધી હતી. આથી પોલીસે તેનો પીછો કરતાં ચાંગડા ગામથી થોડે દુર સાઈડમાં ઉભી રાખી ભાગવા ગયેલા ચાલકને પોલીસે ઝડપી લીધો હતો. જેનું નામ દિલીપસિંહ ઉર્ફે દિપો શાંમળસિંહ સોલંકી હાલ રહે.જુના ડીસા (મુળ ધરપડા) તા. ડીસા હોવાનું જણાવ્યું હતું પોલીસે માર્શલ જીપમાંથી ૨૫૬ બોટલ વિદેશી દારૂ કિંમત રૂપીયા ૩૯૨૦૦ તથા અઢી લાખની જીપ મળીને ૨૮૯૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે આ જથ્થો અબ્દુલહન્ના ઈસ્માઈલ દાઉમા રહે અમરપુર તાલુકો સરસ્વતી એ દારૂ ભરી ગાડી આપતાં પોલીસે બંને સામે ગુનો દાખલ કર્યો હતો.

# બનાસકાંઠા જીલ્લામાં સાતમી આર્થિક ગણતરી હાથ ધરાશે


સંજય જોષી

**કોમન સર્વિસ સેન્ટર દ્વારા જીલ્લા કક્ષાનો વર્કશોપ યોજાયો : સર્વ પ્રથમવાર મોબાઈલ એપ્લિકેશન દ્વારા આર્થિક ગણતરી**

પાલનપુર

બનાસકાંઠા જીલ્લામાં કેન્દ્ર સરકારના સી.એસ.સી.ઈ. ગર્વનન્સ ના માધ્યમથી કાર્યરત કોમન સર્વિસ સેન્ટરનાં વી.એલ.ઈ. અને ઓપરેટરોને સાતમી આર્થિક ગણતરી-૨૦૧૯ માટે જીલ્લા કક્ષાનો તાલીમ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ જેમાં જીલ્લા આંકડા અધિકારી ડી.એસ.પરમાર અને એન.એસ.ઓ.નાં વરિષ્ઠ અધિકારી એ.કે.ભટ્ટ અને ફિલ્ડ ઓફિસર એ.બી. પટેલ હાજર રહ્યા હતાં. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સી.એસ.સી. એસ.પી.વી.ગુજરાત રાજ્ય ટીમના માર્ગદર્શન હેઠળ બનાસકાંઠા સી.એસ.સી. જીલ્લા મેનેજર સંજય પ્રજાપતિ અને વિનોદ રણાવાસીયા દ્વારા કરવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં જીલ્લા અને તાલુકા કક્ષાના સુપરવાઈઝરોએ હાજરી આપી તાલીમ લીધેલ.

# વડગામ પુરવઠા નિગમની બેદરકારીના કારણે કાર્ડધારકો અનાજથી વંચિત

**વડગામના સંચાલકોએ તાત્કાલિક જથ્થો મળે તે માટે જિલ્લા પુરવઠા અધિકારીને લેખિત રજુઆત કરી**

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકા પુરવઠા નિગમની બેદરકારીને લઈ જૂન માસના તેર દિવસ વીતવા છતાં હજુસુધી તાલુકાની વ્યાજબી ભાવની દુકાનો ઉપર અનાજનો જથ્થો ન પહોંચતા તાલુકાના કાર્ડધારકો અનાજના જથ્થાને લઈ વંચિત રહયા છે. દરમિયાન તાલુકના સંચાલકોએ તાત્કાલિક અનાજનો જથ્થો વ્યાજબી ભાવની દુકાનો ઉપર પહોંચે તે માટે લેખિત રજુઆત જિલ્લા પુરવઠા અધિકારીને બુધવારે કરી હતી.

વડગામ તાલુકા પુરવઠા નિગમની બેદરકારીના કારણે તાલુકા ની વ્યાજબી ભાવની દુકાનો ઉપર અનાજ સહિતનો જથ્થો સમયસર ન પહોંચતા તાલુકાના સંચાલકો અને કાર્ડધારકો વચ્ચે તૂ ..તૂ... મેં....મે.... જેવા દ્રશ્યો જોવા મળી રહયા છે. વડગામ તાલુકામાં છેલ્લા બે માસથી પુરવઠા નિગમની અનિયમિતતાને લઈ સંચાલકોમાં રોષ વ્યાપ્યો છે. સંચાલકો દ્વારા જૂન માસના જથ્થાના નાણાં મેં માસની ૨૦ તારીખથી લઈ ૩૦ તારીખ સુધીમાં ભરી દેવા છતાં અનાજનો જથ્થો જૂન માસની ૧૨મી તારીખ સુધીમાં દુકાનો ઉપર પહોંચતો ન કરાતા પુરવઠા નિગમની વ્યવસ્થાને લઈ તાલુકાના તમામ સંચાલકોએ જિલ્લા પુરવઠા અધિકારીને લેખિત રજુઆત કરી તાત્કાલિક અનાજનો જથ્થો દુકાનો ઉપર પહોંચતો કરવા જણાવ્યું હતું. જેથી કાર્ડધારકોને સમયસર અનાજનો જથ્થો મળી રહે.

# રાજસ્થાન તરફથી આવતી લક્ઝરી બસમાંથી વિદેશી દારૂ ઝડપાયો

પાલનપુર

પાલનપુર શહેરમાં જુની આર.ટી.ઓ ચેકપોસ્ટ પાસે વાહન ચેકિંગ દરમિયાન એક રાજસ્થાન પાસિંગની ખાનગી લક્ઝરીબસમાંથી વિદેશી દારૂ ઝડપાયો હતો. જેમાં દારૂ સાથે લક્ઝરીમાં સવાર એક રાજસ્થાની શખ્સની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

બનાસકાંઠાના પાડોશી રાજ્ય રાજસ્થાનમાંથી વિવિધ વાહનો મારફતે ગુજરાતમાં વિદેશી દારૂ ઘૂસાડવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. ત્યારે બનાસકાંઠા પોલીસ દ્વારા પણ દારૂની હેરાફેરીને રોકવા માટે સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે જેમાં દારૂની હેરાફેરી ને ઝડપી પાડવા માટે પાલનપુર પશ્ચિમ પોલીસની ટીમે જુની આરટીઓ ચેકપોસ્ટ પર વાહન ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં રાજસ્થાન તરફથી આવતી એક ડી.આર વિશ્નોઈ પાલી લક્ષ્મી લખેલ ખાનગી લક્ઝરી બસને ઉભી રખાવીને તલાસી લેતાં આ લક્ઝરીબસ માં કંડકટર સીટ નીચે સંતાડેલ થેલામાંથી રૂ.૫૯૫૦ ની કિંમતનો સાત બોટલ વિદેશી દારૂ મળી આવતા પોલીસે ગાડીમાં સવાર રાજસ્થાની મુસાફર ઘેવરરામ જોરારામ વિશ્નોઈ રહે.ભોજાકોર તા.ફ્લોદી જી.જોધપુર વાળાની અટકાયત કરવામાં આવી હતી અને પોલીસે દારૂ નો જથ્થો જપ્ત કરી ને આરોપી વિરુદ્ધ પશ્ચિમ પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ડીસા ખાતે કરૂણા ભક્તિ પરિવાર દ્વારા રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્યનું સન્માન



ડીસા

ડીસા સીવીલ હોસ્પિટલ ખાતે દર્દીઓ તેમજ તેમના સગાવહાલાઓને છેલ્લા ત્રણ વર્ષથી પૌષ્ટીક નાસ્તો કરાવવા તેમજતાજેતરમાં જ રૂપિયા ૨૦ માં ભોજન માટે ભોજનાલય શરૂ કરતા કરૂણાભક્તિ પરિવારની સેવા ઉડીને આંખે વળગે તેવી છે. આ કરૂણા ભક્તિ પરિવારના માધ્યમથી જ તા.૯-૬-૨૦૧૯ ને રવિવારે સવારે હિંદુ ધર્મશાળા ડીસાખાતે રાષ્ટ્રીય મહિલા આયોગ દિલ્હીના સભ્ય પ્રોફેસર ડૉકટર રાજુલબેન દેસાઈનું સન્માન કરાયું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં કરૂણા ભક્તિ પરિવાર વતી સંસ્થાના સંચાલક અને મુખ્ય કર્તાહર્તા ભરતભાઈ ઠક્કરે રાજુલબેન દેસાઈ સહિત ઉપસ્થિત સૌ કોઈનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ અવસરે જલારામ ટ્રસ્ટ ડીસાના ભગવાનભાઈ બંધુ, ડીસા નગરપાલીકા પ્રમુખ શિલ્પાબેન માળી, સહયોગ સેવા ટ્રસ્ટના પ્રહલાદભાઈ ઠક્કર, કરૂણા ભક્તિ પરિવારના રેખાબેન ઠક્કર, વાડીભાઈ ઠક્કર, શૈલેષભાઈ બહુચર ડ્રેસવાળા,

અનુસંધાન પાના નં.૬

# ડીસા ખાતે ગાયત્રી જયંતિ ગંગા દશેરા તથા પૂજ્ય ગુરૂદેવના મહાપ્રયાણની ઉત્સાહભેર ઉજવણી


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવલ

ભારતીય સંસ્કૃતિ અને ભારતના ઈતિહાસની બે ઘટનાઓની સાક્ષી છે – એક, ગાયત્રી ચેતનાનું અવતરણ અને બીજું, ગંગાઅવતરણ. બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર અને રાજર્ષિ ભગીરથના પ્રયાસોથી તે દિવસે બંનેનું અવતરણ થયું. ગાયત્રી મહામંત્રથી ભારતની વિચારશીલતા, જ્ઞાનની ગરિમા તથા જ્ઞાનની મહત્તાનો પરિચય મળે છે. ગંગા શબ્દથી ભારતની પવિત્ર સંસ્કૃતિનો પરિચય મળે છે. આવી સદ્જ્ઞાન અને પવિત્રતાના પ્રતિકરૂપ ગાયત્રી અને ગંગાનો અવતરણનો દિવસ એટલે ગાયત્રી જયંતિ, ગંગા દશેરા. આ જ શુભ દિવસે પરમ પૂજ્ય ગુરૂદેવ યુગઋષિ શ્રીરામ શર્મા આચાર્યજીએ આજથી ૨૮ વર્ષ

અનુસંધાન પાના નં.૬

# ભીલડીમાં બી.એસ.એન.એલ. મોબાઈલ નેટવર્કનાં ધાધીયા

## ટાવર પાસે પણ કવરેજ ન મળતા ગ્રાહકો પરેશાન


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાનું ભીલડીયાજી જૈન તીર્થ સ્થાન છે. અહીં મોરારજી દેસાઈ સબ માર્કેટયાર્ડ આવેલ છે. અને ૩૫ ગામોનું સેન્ટર છે. પરંતુ ભીલડીમાં બી.એસ.એન.એલ.ના બે ટાવર હોવા છતાં નેટવર્કમાં ખામી સર્જાતા બી.એસ.એન.એલના મોબાઈલમાં વાત ચાલુ હોય તોપણ કટ થઈ જાય છે. અને મોબાલઈના ટાવર પાસે ઉભા હોવા છતાં કવરેજ ક્ષેત્રની બહારની કેસેટ વાગવા માંડે છે. આમ ભીલડીમાં ભારત સંચાર નિગમના મોબાલઈમાં જ કવરેજનો પ્રશ્ન ઉદભવે છે. ખાનગી મોબાઈલ કંપનીઓનું નેટવર્કની સેવા સારી આપી શકતી હોયતો બી.એસ.એન.એલ ભારત સરકારની કેમ સારી સેવા આપતી નથી ? તેવો મોબાઈલ ધારકો બળાપો ઠાલવે છે.

આજે દુર સંચાર ક્ષેત્રે ગળાકાપ હરીફાઈ ચાલે છે. જેમાં ખાનગી કંપનીઓ ગ્રાહકોને સરકારી અને સારી સેવા આપે છે.

અનુસંધાન પાના નં.૬

# થરાદના શિવનગરમાંથી વિદેશી દારૂ ઝડપાયો

પ્રતિનિધિ થરાદ

થરાદ પીએસઆઈ એલ.પી.રાણા સાથે થરાદ ટાઉનમાં રહેલા કર્મચારીઓ દશરથભાઈ હિરાભાઇ, ભરતભાઈ કેશાભાઇ, અશોકભાઈ સજાભાઈ સહિત સ્ટાફને શિવનગરના નવા ઘરમાં રહેતો બાબુભાઈ વજીર વિદેશી દારૂ રાખે છે અને વેચાણ કરે છે. તેવી બાતમી મળી હતી. આથી બાતમીના આધારે થરાદના શિવનગર વિસ્તારમાં રહેતા બાબુભાઈ હિરાભાઇ વજીરના રહેણાંકે રેડ કરવામાં આવી હતી.જ્યાં તેના ઘરમાંથી વિદેશી દારૂની રૂપીયા ૧૯૮૦૦ની કિંમતની ૧૯૮ બોટલ મળી આવી હતી. પોલીસે પરપ્રાંતિય ઇંગ્લીશ દારૂ કબજે લીધો હતો. જો કે રેડ દરમ્યાન બાબુભાઈ ઘરે હાજર મળી ન આવતાં તેની સામે પ્રોહી એક્ટ હેઠળ ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.


## ટેન્ડર નોટીસ

**જિલ્લા રમત ગમત કચેરી, પાલનપુર દ્વારા સને ૨૦૧૯-૨૦ ના વર્ષ દરમિયાન રમત ગમત સ્પર્ધાઓ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર વ્યકિતઓ, શિબિરાર્થીઓ તેમજ જિલ્લામાં જે જગ્યાએ સ્પર્ધાઓ યોજાય ત્યાં ભોજન કામ આપવાનું થાય છે તેમજ જિલ્લાની ટીમોના ખેલાડીઓનો ગણવેશ, રમતના સાધનો, મંડપ, સાઉન્ડ સિસ્ટમ તેમજ પરિવહન માટે વાહન ભાડા જેવી કે ઈન્ડીકા, જીપ, બોલેરો, નોન એસી ટવેરા, ૪૦૭ ટેમ્પો વગેરેના ભાવ પત્રકો મંગાવવામાં આવે છે. તો રસ ધરાવતી પાર્ટીઓએ આ અંગેના ટેન્ડર ફોર્મ અને શરતો આ કચેરી સમય દરમિયાન મેળવીને તારીખ ૨૧/૦૬/૨૦૧૯ કચેરી સમય સુધીમાં બંધ કવરમાં ભાવ પત્રકો જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જિલ્લા સેવા સદન-૨, ડ-૨૧/૨જો માળ, જોરાવર પેલેસ કમ્પાઉન્ડ, પાલનપુરને પહોંચતા કરવાના રહેશે.**

**નં.નામાનિ/પાલન/૭૦/૨૦૧૯-૨૦૨૦**

## ભાભર નગરપાલિકા

**ખાડીયા વિસ્તાર, ભાભર - ૩૮૫૩૨૦ જિ.બનાસકાંઠા**

**ફોન નં.૦૨૭૩૫ ૨૨૨૨૩૩, ફેક્સ : ૨૨૨૧૩૩**

## જાહેર સૂચના

**આથી ભાભર નગરપાલિકા વિસ્તારના તમામ મિલ્કત ધારકોને તાકીદ કરવામાં આવે છે કે, પોતાની માલિકીનું અથવા ભાડુઆત તરીકે બિલ્ડીંગ ધારકોએ તેઓનું બિલ્ડીંગ જો જર્જરીત હાલતમાં હોય અથવા બિલ્ડીંગ છાપરાનો કોઈ ભાગ જર્જરીત હાલતમાં હોય તેઓએ તાકીદે ઉતારવા જણાવવામાં આવે છે. અન્યથા કોઈ જાનહાનિ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે મિલ્કત ધારકની રહેશે. વધુમાં આવા જર્જરીત મકાનો અંગે નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ અને ડિઝાસ્ટર એકટ અંતર્ગત નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.**

**નગરપાલિકા ભાભર વિસ્તારમાં આવેલ શાળાઓ, ટયુશન કલાસીસો, હોસ્પિટલો, બહુમાળી બિલ્ડીંગો, હોસ્ટેલો અને જયાં પણ ફાયર સેફટી એકટ અંતર્ગત ફાયર સુવિધા નિયમાનુસાર કરવાની થાય છે. તેવા તમામ મિલ્કત ધારકોએ ફાયર સેફટી એકટ-૨૦૧૩ અને ૨૦૧૪ હેઠળ નિયમાનુસાર ફાયર સેફટી કરી ફાયર એન.ઓ.સી. મેળવવાની રહેશે. ફાયર સેફટી સિવાયની મિલ્કત હશે અને કોઈ અકસ્માત થશે તેની સંપૂર્ણ જવાબદારી મિલ્કત ધારકની રહેશે. વધુમાં નગરપાલિકા વિસ્તારમાં રહેણાંક વિસ્તારમાં ચાલતી શાળાઓ, ટયુશન કલાસીસો, હોસ્ટેલો, હોસ્પિટલોએ નિયમાનુસાર ફાયર એન.ઓ.સી. મેળવતાં પૂર્વે જમીન રહેણાંકમાંથી કોમર્શિયલ હેતુફેર કરી એન.ઓ.સી. મેળવવાની રહેશે. આવા પ્રકારે રહેણાંક વિસ્તારમાં પરવાનગી સિવાય શાળાઓ, ટયુશન કલાસીસો, હોસ્ટેલો, હોસ્પિટલો ચલાવશે અને કોઈ આકસ્મિક બનાવ બનશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે મિલ્કત ધારક, ચલાવનાર સંચાલક, આચાર્યશ્રીની રહેશે અને તેમની સામે નિયમાનુસાર ફાયર સેફટી એકટ અને ડિઝાસ્ટર એકટ તથા નગરપાલિકા અધિનિયમ - ૧૯૬૩ હેઠળ નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.**

**સ્થળ : ભાભર**
**તા.૧૨/૦૬/૨૦૧૯**

**વૈશાલીબેન નિનામા**
**મુખ્ય અધિકારી**
**ભાભર નગરપાલિકા**

## જાહેર નોટીસ

**એ.ડી.ચૌહાણ (GAS) સબડિવીઝનલ મેજીસ્ટ્રેટ, દિયોદરની કોર્ટમાં**

**જન્મ-મરણ/નોંધણી/એસ.આર.નં......./૨૦૧૯**

**અરજદાર : ઠાકોર અણદાજી સરદારજી**
**રહે.જાડા, તા.દિયોદર, જી.બનાસકાંઠા**

**વિરૂધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, જાડા, તા.દિયોદર, જિ.બનાસકાંઠા**

**જન્મ/મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) મુજબ જન્મનો દાખલો મેળવવા બાબત.**

**આથી તમામ લાગતા વળગતા ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી, ઠાકોર અણદાજી સરદારજી રહે.જાડા, તા.દિયોદર, જિ.બનાસકાંઠાના પુત્ર નામે ઠાકોર જગદીશભાઈ અણદાજીનો જન્મ તા.૧/૫/૨૦03 ના રોજ જાડા મુકામે થયેલ છે. તેની નોંધણી ગ્રામ પંચાયત જાડા તા.દિયોદર ખાતે થયેલ નથી. જેથી અરજદારશ્રીના પુત્રની જન્મ નોંધણી અંગે જે કોઈને વાંધો યા તકરાર હોય તો તેમણે અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-30 માં જાતે અથવા પોતાના વકીલ મારફત હાજર રહેવું. તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો તેમની ગેરહાજરીમાં કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની સર્વેએ નોંધ લેવી.**

**આજ રોજ તા.૭/૬/૨૦૧૯ ના રોજ સહી તથા સિક્કો કરી આપ્યો.**

કોર્ટનો સિક્કો

**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ**
**દિયોદર**

## SALE OF GOVERNMENT VEHICLE

The following government vehicle is for sale, on 'AS IS WHERE IS' basis, through sealed bids. The vehicle will be kept for inspection. between 15.06.2019 to 18.06.2019 at address mentioned below.

| S.No. | Details vehicle | Minimum bid price | Earnest money Deposit | Place for inspection | Address to send sealed bid (Bid wll be accepted by post only) |
|---|---|---|---|---|---|
| 01. | GJ-12-G-0930, Maruti Gypsy (Jeep) | Rs 52,000/- | Rs 5,000/- | Officer In-charge, Special Bureau, Near Gayatri Mandir, Mehsana Highway Road, Radhanpur-385340, Mob. No. 9960742929 | Officer In-Charge, Special Bureau, Near Gayatri Mandir, Mehsana Highwy Road, Radhanpur - 385340 |

The last date of receipt of bid is 03.07.2019. Each bid application should be accompanied by earnest money deposit in the form of Demand Draft payable at SBI, New Delhi drawn in favour of Director of Accounts, Cabinet Secretariat (SW), New Delhi. The earnest money (without interest) shall be refunded to the parties after the disposal of the vehicle. However, this earnest money will be forfeited if the highest bidder fails to the amount of bid in full at the time of taking delivery of the vehicle. The highest bidder (quoting higher than the Govt fixed price) would be called for making full payment on 05.07.2019 and would be asked to complete necessary formalities required to hand over the vehicle to him.

# તંત્રી સ્થાનેથી...

**ઉત્સાહ વગર ક્યારેય કોઈ મહાન ધ્યેય પ્રાપ્ત થઈ શકતું નથી.**

## બેલગામ બંગાળ : રાજકીય હિંસાનું બિભત્સ રૂપ

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી બાદ પણ હિંસા ચાલુ રહેતાં કેન્દ્ર સરકારે ચિંતા વ્યક્ત કરીને રાજ્ય સરકારને કાયદો-વ્યવસ્થા જાળવી રાખવા અને બેજવાબદાર અધિકારીઓ વિરુદ્ધ કઠોર કાર્યવાહી કરવાની જે સલાહ આપી, તેને અનુરૂપ કંઈ થવાના અણસાર ઓછા જ છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી અનુસાર તેમના રાજ્યમાં બધું જ ઠીક છે અને જે ગરબડ થઈ રહી છે તેના માટે બહારનાં તત્ત્વો જવાબદાર છે. તેમનું એ પણ માનવું છે કે આ બહારનાં તત્ત્વો ભાજપે બોલાવ્યાં છે. આખરે એવી માનસિકતા હોય તો કઈ રીતે આશા રાખી શકાય કે બંગાળમાં ચાલતી હિંસા અટકશે? બંગાળમાં ચૂંટણી પહેલાંથી શરૂ થઈ ગયેલ રાજકીય હિંસા જે રીતે અટકવાનું નામ નથી લેતી, તેનાથી પ્રદેશ જ નહીં બલ્કે દેશની પણ બદનામી થઈ રહી છે. દેશમાં આ જ એકલું એવું રાજ્ય બચ્યું છે, જ્યાં રાજકીય હિંસાનું બિભત્સ રૂપ જોવા મળી રહ્યું છે. તેનું કારણ એ જ છે કે હિંસક તત્ત્વોને તૃણમૂલ કોંગ્રેસનું સંરક્ષણ મળી રહ્યું છે. હાલત એટલા માટે સુધરતી નથી, કારણ કે પોલીસ, પ્રશાસન સત્તાધારી પક્ષની શાખાની જેમ વ્યવહાર કરી રહ્યા છે. બંગાળમાં રાજકીય અને ચૂંટણી હિંસા ડાબેરીઓના જમાનાથી થઈ રહી છે. માનવામાં આવતું હતું કે ડાબેરીઓની મનમાનીથી લડીને સત્તામાં આવેલાં મમતા બેનર્જી અન્ય અનેક બદલાવ લાવવાની સાથે જ રાજકીય સંસ્કૃતિને પણ પરિવર્તિત કરવાનું કામ કરશે. પરંતુ એવું નથી લાગતું કે તેમમે પરિવર્તનના પોતાના નારાને લઈને સહેજ પણ ગંભીરતા દેખાડી. તેને બદલે તેમણે ડાબેરીઓની જ સંસ્કૃતિ અપનાવી લીધી. ડાબેરી નેતાઓ અને કાર્યકર્તાઓની સાથે સાથે તેમણે અન્ય અરાજક તત્ત્વોને પણ તૃણમૂલ કોંગ્રેસનો હિસ્સો બનાવી લીધા. તેનાં દુષ્પરિણામ મળવાનાં જ હતાં.

સમસ્યા ફક્ત એ જ નથી કે મમતા બેનર્જી રાજકીય હિંસાને રોકવા માટે કોઈ પગલું નથી ભરી રહ્યાં, બલ્કે એ પણ છે તેઓ આ હિંસામાં સંડોવાયેલાં તત્ત્વોનો ખુલ્લેઆમ બચાવ કરી રહ્યાં છે. એવું વલણ એ જ અપનાવી શકે છે જે રાજકીય વૈમનસ્યથી ગ્રસિત હોય અને જેને પોતાના શાસનની છબિની કોઈ પરવા ન હોય. ખબર નહી કેમ મમતા બેનર્જી એ સમજવા તૈયાર નથી કે તેમણે ડાબેરીઓની રીતભાત અપનાવવાને કારણે જ તેમની રાજકીય જમીન ખસતી દેખાય છે. કોઈપણ પક્ષ અથવા નેતા અલોકતાંત્રિક રીતભાતોને ઉત્તેજન આપીને પોતાની રાજકીય જમીન મજબૂત ન કરી શકે. મુશ્કેલી એ છે કે લોકસભા ચૂંટણીઓમાં આઘાત લાગ્યા બાદ મમતા બેનર્જીએ પહેલાંથી વધારે અલોકતાંત્રિક વલણ અપનાવી લીધું છે. જનાદેશનો સ્વીકાર કરવાથી બચવાની સાથે જ તેઓ મોદી સરકાર પ્રત્યે અનુદાર વલણ રાખી રહ્યાં છે, તેવું મુખ્યમંત્રી પદ પર બેઠેલા નેતાને શોભા નથી આપતું. કાયદો-વ્યવસ્થા રાજ્યોના અધિકાર ક્ષેત્રનો એવો વિષય છે, જેના પર બેનર્જી ઉછળી ઉછળીને બોલતાં રહ્યાં છે. આ તેમની નૈતિક અને બંધારણીય જવાબદારી છે કે બંગાળમાં ચાલુ રાજકીય હિંસા પર પ્રભાવી રીતે રોક લાગે. એક મુખ્યમંત્રી રૂપે તે પોતાના દાયિત્વોનું વહન યોગ્ય રીતે કરે, તેની ચિંતા કેન્દ્ર સરકારની સાથે સાથે અન્ય પક્ષોએ પણ કરવી જોઈએ.

## પાવરફુલ સાઉન્ડ સાથે તમારી પાર્ટીને બૂસ્ટ કરવા માટે SONY ની નવી એક્સ્ટ્રા બેસન વોટરપ્રૂફ બ્લુટુથ સ્પીકર રેંજ



SONY ઇન્ડિયાએ એસઆરએસ-એક્સબી૩૨ અને એસઆરએસ-એક્સબીર૨ હાઈ પાવર પોર્ટેબલ સ્પીકર્સના લોંચ સાથે તેના એક્સ્ટ્રા બેસ વાયરલેસ સ્પીકરના લાઈનઅપને આજે રિફ્રેશ કર્યું. SONYના સ્પીકર્સની લોકપ્રિય એક્સ્ટ્રા બેસ શ્રેણી સાથે ગહન અને શક્તિશાળી બેસ સાઉન્ડ અનુભવો. એક્સબી૩૨ અને એક્સબીર૨ માં ડ્યુઅલ પેસિવ રેડિયેટર્સ છે જે અવાજની સ્પષ્ટતા વધારવા માટે સ્ટીરિઓ સંપૂર્ણ રેન્જ સ્પીકર્સ સાથે કામ કરે છે અને કોમ્પેક્ટ કદ હોવા છતાં બેસને બળ આપે છે.

એક્સબી૩૨ પર સુધારેલ મલ્ટી-કલર લાઈન લાઈટિંગ સાથે કોઈ પણ સ્થળને પાર્ટીમાં ફેરવો. બહુવિધ રંગો અને ફ્લેશિંગ સ્ટ્રોબ લાઈટિંગ ઈફેક્ટ્સ સાથે, એક્સબી૩૨ તમારા મનપસંદ મ્યુઝિકની બીટ સાથે લાઈટને સિંક કરીને પાર્ટીને ક્લબ જેવું વાતાવરણ આપે છે. તેને વ્યક્તિગત બનાવો અને આ પાર્ટી ફંક્શન્સને ફિએસ્ટેબલ એપ્લિકેશન દ્વારા કસ્ટમાઈઝ કરો. એક્સબી૩૨ પાર્ટીને જીવંત બનાવવા માટે સિંગલ કલર લાઈન લાઈટિંગ સાથે પણ આવે છે.

વોટરપ્રૂફ, ડસ્ટપ્રૂફ, રસ્ટપ્રૂફ અને શોકપ્રૂફ વિશિષ્ટતાઓ

સ્પીકર્સ આઈપી૬૭ રેટિંગ ધરાવે છે જેનો અર્થ છે કે તે પાણી અને ધૂળ પ્રત્યે રેસિસ્ટન્ટ (પ્રતિકારક) છે. તમારા સ્પીકર્સને સંપૂર્ણપણે પાર્ટીપ્રૂફ બનાવવા માટે ધોઈ શકાય તેવા ફેબ્રિક (કપડા) સાથે તે રબર જેવું કોટિંગ ધરાવે છે. એક્સબીર૨ અને એક્સબી૩૨ રસ્ટપ્રૂફ અને શોકપ્રૂફ પણ છે તેથી તમને તમારા મ્યુઝિકને ગમે ત્યાં અને સર્વત્ર મહત્તમરૂપે માણવા માટે રોકી શકે તેવું કંઈ જ નથી.

લાંબી બેટરી લાઈફને આભારી કોઈપણ સ્થળે ઉજવણી ચાલુ રાખો

એક્સબી૩૨ ૨૪ કલાક સુધીનો પ્લેબેક સમય પ્રદાન કરે છે. પોર્ટેબલ સ્પીકર દ્વારા તમે તમારા સ્માર્ટફોનને પણ ચાર્જ કરી શકો છો, તેથી પાર્ટીને રોકવા માટે કોઈ બહાનું નથી. એક્સબીર૨ બિલ્ટ-ઈન માઈક સાથે ૧૨ કલાક સુધીનું બેટરી બેક-અપ પ્રદાન કરે છે.

ફિએસ્ટેબલ એપ્લિકેશન અને SONY મ્યુઝિક સેન્ટર સાથે તમારી આંગળીઓના ટેરવા પર મ્યુઝિક

ફિએસ્ટેબલ એપ્લિકેશન અને SONY મ્યુઝિક સેન્ટર એપ્લિકેશન સાથે ડાન્સફ્લોર પરથી પાર્ટીને નિયંત્રિત કરો. તમે તમારા મનપસંદ પ્લેલિસ્ટ્સ પસંદ કરી શકો છો, આગામી ગીતને કતારમાં લાવી શકો છો, લાઈટિંગ પેટર્ન અને સાઉન્ડ મોડ્સને બદલી શકો છો. ફિએસ્ટેબલ એપ્લિકેશન દ્વારા તમે એક્સબી૩૨ માં તમારા સ્માર્ટફોન સ્ક્રીન પર મોશન કંટ્રોલ જેસ્ચર (હાવભાવ) નો પણ ઉપયોગ કરી શકો છો.

એક જ વારમાં ૧૦૦ જેટલા સ્પીકર્સને કનેક્ટ કરીને વાયરલેસ પાર્ટી ચેઈનની શરૂઆત કરોતમારી પાર્ટીમાં વધારાનો જુસ્સો ઉમેરવા માટે, BLUETOOTH® ટેક્નોલૉજી સાથે ૧૦૦ વાયરલેસ સ્પીકર્સને કનેક્ટ કરો જેનાથી મ્યુઝિક અને લાઈટ સિંક થઈ જશે જેથી દરેક વ્યક્તિ સમાન બીટ પર ડાન્સ કરી શકે. તેવું સ્પીકર જે વાયરલેસ પાર્ટી ચેઈન સાથે એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવું સરળ છે તેમાંથી અવાજની ઉન્નત સ્પષ્ટતાને માણો.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## સોનલ વેંગુર્લેકર ઝી ટીવીના યેં તેરી ગલિયાઁમાં પ્રવેશશે



ઝી ટીવીના પ્રાઈમ ટાઈમ કાલ્પનિક ઓફરિંગ યેં તેરી ગલિયાઁએ શાંતનું (પાત્ર કરી રહ્યો છે, અવિનાશ મિશ્રા) અને અસ્મિતા (પાત્ર કરી રહી છે, વૃષિકા મહેતા)ની સાથેની દર્શકોના દિલ જીતી લીધા છે. તોફાની પ્રેમકથા છે, જેમાં આ પ્રેમીઓ તેમના રસ્તામાં આવતી ઘણી અડચણોથી આગળ વધી રહ્યા છે! તાજેતરમાં, શોમાં એક હાઈ વોલ્ટેજ નાટ્યના સાક્ષી બનશે, કારણકે અસ્મિતા પારિવારિક લગ્નની મધ્યમાં શાંતનુંની સામે તેના પ્રેમનો સ્વિકાર કરશે. ભૂતકાળમાં ઝી ટીવીના પ્રસિદ્ધ શો યેં વાદા રહામાં જોવા મળી હતી. એક અત્યંત ધનાઢ્ય પરિવારમાંથી આવતી હોવાથી નંદીનીનું પાત્ર અત્યંત મસ્તીભરી અને જીવંત છોકરીની છે, જેમાં થોડો નકારાત્મક શેડ પણ જોવા મળી ગયો છે. તે ઠાકુમાની સાથે મઝુમદારના ઘરમાં પ્રવેશી છે અને તે એવું કહે છે કે, તે એક ખરેખર પુચકી છે, તેના આ પ્રવેશથી સમગ્ર મઝુમદાર પરિવારને ખલેલ પહોંચે છે. તે શાંતનુંના દિલ જીતવા માટે પ્રતિબદ્ધ છે અને મઝુમદાર પરિવારમાં કોઈપણ રીતે પ્રવેશ કરવા માટે પોતાનો રસ્તો શોધી રહી છે. તેના જીવનનું એકમાત્ર લક્ષ્ય છે, શાંતનુંથી નજીક આવવું અને ધીમેધીમે તેના દિલમાં અસ્મિતાનું સ્થાન મેળવવું. નંદીનીનો ખરેખર ઉદ્દેશ શું છે? શું મઝુમદાર પરિવાર નંદીની પર વિશ્વાસ કરશે અને જ્યારે તે એવું કહેશે કે તે પુચકી છે ત્યારે તે તેનો સ્વિકાર કરશે? અને સૌથી વધુ મહત્વનુ શું તે તેની આ બનાવટમાં સફળ થશે? વધુ જાણવા માટે જૂઓ યેં તેરી ગલિયાઁ, દર સોમવારથી શુક્રવાર સાંજે ૭ વાગે ફક્ત ઝી ટીવી પર

## "ફિટનેસ સ્પોર્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડીયા" દ્વારા ભારતમાં સૌ પ્રથમ વખત "ફર્સ્ટ નેશનલ ફંક્શનલ ફિટનેસ ચેમ્પિયનશિપ ૨૦૧૯"નું આયોજન થશે




''ફિટનેસ સ્પોર્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડીયા'' દ્વારા ભારતમાં સૌ પ્રથમ વખત ''ફર્સ્ટ નેશનલ ફંકશનલ ફિટનેસ ચેમ્પિયનશિપ ૨૦૧૯''નું આયોજન કર્ણાવતી ક્લબના આંગણે યોજાવા જઈ રહ્યું છે. આ એક અનોખા પ્રકારની સ્પોર્ટસની ચેલેન્જિંગ ચેમ્પિયનશિપ છે. જે આજ સુધી આ રીતે ક્યાંય થઈ નથી. તારીખ ૧૪ જુનથી ૧૬ જુન સુધીની આ ચેમ્પિયનશિપ ચાલશે. જેનું ઈનોગ્યુરેશન ૧૫ જુન શનિવારના રોજ કર્ણાવતી ખાતે થશે જેમાં મિસ લતા શર્મા (જનરલ, સેક્રેટરી) ફિટનેસ સ્પોર્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડીયા, અમનદિપસિંઘ ગોત્રા ટુર્નામેન્ટ ડીરેક્ટર અને કર્ણાવતી તરફથી ડીરેક્ટર વિરલભાઈ પટેલ, આસિસ્ટન્ટ ટેકનિકલ ડીરેક્ટર રોહન મુઠા સહીતના મહાનુભાવો હાજર રહેશે. ''ઉમંગ ડૉન ફિટનેસ સ્પોર્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડીયા'' ના પ્રેસિડેન્ટ છે. આ સ્પોર્ટ્સ એક્ટિવિટીમાં કર્ણાવતી વેન્યુ પાર્ટનર તરીકેની ભૂમિકા છે. ''ફિટ રેહવાનો મેસેજ આપવા માટે અમે એક અનોખી સ્પોર્ટ્સ ઈવેન્ટ નેશનલ લેવલની અમદાવાદના આંગણે કરી રહ્યા છે. અમારુ ફેડરેશન યુએસ સાથે એફિલેટેડ છે. જેમાં ૧૬થી લઈને ૬૦ વર્ષની ઉપરના સ્પોર્ટસ સાથે જોડાએલા લોકો આમાં ભાગ લઈ રહ્યા છે. જેમાં મશીનથી નહી પરંતુ મેદાનમાં રહીને ઓછો ઈક્વિપમેન્ટ સાથે કઈ રીતે એક્સસાઈઝ કરી ફિટ રહી શકો છો તે લોકોને અવેર કરીશું. જેથી એ રીતની સ્પોર્ટ્સ એક્ટિવિટી ડીઝાઈન કરી છે. આ સ્પોર્ટ્સ એક્ટિવિટીમાં મેલ ફિમેલ બન્ને સામેલ હશે.'' 'ટુર્નામેન્ટમાં ૧૦થી ૧૨ સ્ટેટના પાટીસિપેન્ટ છે જેમાં ઉત્તરાખંડ, ચેન્નઈ, ચંદીગઢ, પંજાબ, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાત વગેરે સ્ટેટથી સામેલ છે. અહીંથી જે જીતીને આગળ જશે તે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં જશે. વર્લ્ડ ચેમ્પિયનશિપ બે ભાગમાં ડીવાઈડ છે ઑક્ટોબરમાં ઑસ્ટ્રેલિયામાં અને ઓગસ્ટમાં જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપ સ્વિડન ખાતે થશે. જે માટે અહી ભાગ લઈ રહેલા પ્લેયર્સને સમય અને પોઈન્ટના આધારે સિલ્વર, બ્રોન્ઝ, ગોલ્ડ આપવામાં આવશે.''

## ઝી ટીવીના કુંડલી ભાગ્યએ ૫૦૦ એપિસોડનો સિમાચિન્હ વટાવ્યો!



અત્યંત ભવ્ય ઉજવણીનો સમય થઈ ગયો છે, કારણકે, ઝી ટીવીના અત્યંત પ્રસિદ્ધ પ્રાઈમ ટાઈમ શો કુંડલી ભાગ્યએ ૫૦૦ એપિસોડનો સિમાચિન્હ વટાવ્યો છે! બાલાજી ટેલિફિલ્મ્સ દ્વારા પ્રોડ્યુસ, આ શોના અગ્રણી કલાકારોમાં ધિરજ ધૂપર, શ્રદ્ધા આર્યા, માનિત જૌરા અને અંજુમ ફકિહે તેમની અદ્દભુત કેમિસ્ટ્રીથી દર્શકોના દિલ જીતી લીધા છે અને અનુક્રમે કરણ- પ્રિતા, રિષભ લુથરા અને સૃષ્ટિના પાત્રથી નાના પરદા પર આગ લગાડી દીધી છે. રસપ્રદ વાર્તા અને યોગ્ય રીતે વ્યાખ્યાયિત કરવામાં આવેલા પાત્રોને પ્રતિભાશાળી કલાકારો દ્વારા યોગ્યતાથ નિભાવવામાં આવતા આ શો તેની રજૂઆતથી જ સતત અગ્રણી સ્લોટમાં રહ્યો છે. અને, શોએ તાજેતરમાં જ સફળતાપૂર્વક ચાલતા ૫૦૦ એપિસોડ પૂરા કર્યા છે. આને લીધે સેટ પર મોટી ઉજવણી કરવામાં આવી હતી, જ્યાં કલાકારોથી લઈને ક્રુના સભ્યો દરેકને કેટલીક આહ્લાદક કપકેક ખવડાવીને આ પ્રસંગની ઉજવણી કરવામાં આવી હતી! કુંડલી ભાગ્યએ એવા કેટલાક શોમાંના એક છે, જેને ટૂંકાગાળામાં સફળતાપૂર્વક દર્શકોના દિલ ચોરવામાં સફળ રહ્યા છે. આ શોની વાર્તાની શરૂઆત નાસિકથી મુંબઈ તેની માતાની ખોજમાં આવેલી બે બહેનો પ્રિતા (પાત્ર કરી રહી છે, શ્રદ્ધા આર્યા) અને સૃષ્ટિ (પાત્ર કરી રહી છે અંજુમ ફકિહ)થી થાય છે, જેની મુલાકાત ખુશમિજાજ, લેડી-કિલર કરણ લુથરા અને તેના પ્રમાણિક, સિધાસાદા અને સિદ્ધાંતવાદી ભાઈ રિષભની સાથે થાય છે. કરણ અને પ્રિતા બંને વચ્ચે મસ્તી છતા પણ ધીમે-ધીમે તેમની વચ્ચે લાગણી ઉદભવે છે.કુંડલી ભાગ્યની ટીમને આપણે દિલથી અભિનંદન! કુંડલી ભાગ્યા જોતા રહો, સોમવારથી શુક્રવાર રાત્રે ૯.૩૦ વાગે, ફક્ત ઝી ટીવી પર!

## એમેઝોન પે અને ઓયો હોટલ્સ એન્ડ હોમ્સ સાથે ભાગીદારી

બેંગ્લોર

એમેઝોન પે ના ગ્રાહકો તેમના એમેઝોન એકાઉન્ટનો ઉપયોગ ઓયો સ્ટોર ઉપર ગુણવત્તાયુક્ત અને વાજબી રહેઠાંણના બુકિંગની ચૂકવણી માટે કરી શકશે. આ ડિજિટલ સ્ટોર ભારતના લાખો ટ્રાવેલર્સને સરળ પ્રકારે રહેઠાંણ બુક કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવે છે. દક્ષિણ એશિયાના સૌથી મોટા અને ચીનમાં બીજા ક્રમના તેમજ વિશ્વમાં છઠ્ઠા ક્રમની સૌથી ઝડપે વિસ્તરણ સાધતી લીઝ અને ફ્રેન્ચાઈઝ્ડ હોટલ્સ, હોમ્સ અને લિવિંગ સ્પેસની ચેઈન ઓયો હોટલ્સ એન્ડ હોમ્સ અને એમેઝોન પે એ ગ્રાહકોને એમેઝોન પે નો ઉપયોગ કરીને એક ક્લિક ઉપર તેમના માટેની પરફેક્ટ સ્પેસ બુક કરાવવા ભાગીદારી કરી છે.એમેઝોન માર્કેટપ્લેસ ઉપરાંત તેના એકાઉન્ટ દ્વારા ગ્રાહકોને ફુડ ઓડરીગ, ટ્રાવેલ, બિલ પેમેન્ટ્સ વગેરે કેટેગરીમાં સુવિધાઓ ઓફર કરે છે. ગ્રાહકો પાસે એમેઝોન એપ દ્વારા ઓયો સ્ટોર ઉપર જવાનો પણ વિકલ્પ છે.ઓયો એપ અને વેબસાઈટ ઉપર ઉપલબ્ધ ઓફર્સ અને પ્રમોશન એમેઝોન એપ ઉપર પણ લાગુ પડશે. યુઝર્સ એમેઝોન પે દ્વારા ઓયો બુકિંગ્સ ઉપર ૩૦ જૂન, ૨૦૧૯ સુધી ૬૦ ટકા ડિસ્કાઉન્ટ મેળવી શકશે. એમેઝોન પે ગ્રાહકો, સેલર્સ અને મર્ચન્ટ્સને સૌથી વિશ્વસનીય અને સરળ પેમેન્ટ અનુભવ પ્રદાન કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. એમેઝોન પે દ્વારા ગ્રાહકો કેશલેસ સુવિધા સાથે ઝડપી અને સરળ ચેકઆઉટ, ઝડપી રિફંડ સાથે સુરક્ષિત શોપિંગ અનુભવ મેળવી શકે છે. વધારાના કોઈપણ પ્રકારના પ્રમાણીકરણ વિના ગ્રાહકો ઝડપી વન-ક્લિક પેમેન્ટ્સના લાભ તથા સરળ ચેકઆઉટ પ્રોસેસનો ઉપયોગ કરી શકે છે. આ ઉપરાંત એમેઝોન પે દ્વારા ગ્રાહકો તેમના બેન્ક ખાતા અથવા ક્રેડિટ કાર્ડ્સની સરખામણીમાં ઝડપી રિફંડ મેળવી શકે છે. તેઓ ઓનલાઈન સ્ટેટમેન્ટ દ્વારા બેલેન્સ ટ્રાન્ઝેક્શનની પણ વિગતો જોઈ શકે છે. આ સ્ટેટમેન્ટમાં તમામ ક્રેડિટ અને ડેબિટ ટ્રાન્ઝેક્શનની વિગતો તથા ઉમેરાયેલા બેલેન્સ, ગિફ્ટ કાર્ડ બેલેન્સ ક્રેડિટ, બેલેન્સ એક્સપાયરી અને રિડમ્પશનની માહિતી પણ સામેલ હોય છે.

## કલર્સના શક્તિ... અસ્તિત્વ કે એહસાસ કીમાં સાહિલ ઉપ્પલ ડ્રામામાં વધારો કરે છે



કલર્સનો શો શક્તિ... અસ્તિત્વ કે એહસાસ કી પોતાના જકડી રાખનાર વર્ણન વડે દર્શકોનું મનોરંજન કરી રહેલ છે. શોએ તાજેતરમાં જ ૮૦૦ એપિસોડના માઈલ સ્ટોનની ઊજવણી કરી અને દર્શકો તરફથી અપાર પ્રેમ મેળવ્યો છે. તાજેતરમાં, સૌમ્યા (રુબિના દિલાઈક)એ એક ભયંકર પગલું ભર્યું અને પોતાના પરિવારને છોડીને કિન્નર સમુદાયની ગુરુ મા બનવાનો નિર્ણય લીધો છે. સૌમ્યા પોતાની નવી મુસાફરી પર નીકળે છે, તો તેણીનો માર્ગ વેદાન્ત બંસલ સાથે ભટકાય છે, જે તેણીના જીવનમાં એક નવો વળાંક લઈ આવશે. વેદાંતના પાત્રમાં પગરણ કરવા લોકપ્રિય ટેલિવિઝન અભિનેતા સાહિલ ઉપ્પલ હશે.વેદાન્તને એક અકસ્માત થાય છે પણ સૌમ્યા તે જ સમયે ત્યાં આવી પહોંચે છે અને તેનો જીવ બચાવે છે. પણ વેદાન્તનો જીવન પ્રત્યેનો અભિગમ માણસાઈ પ્રત્યે ઉપહાસપૂર્ણ છે અને તેણીના આ ભાવની કદર કરવાને બદલે, વેદાન્ત તેણીને ઠપકો આપે છે. સૌમ્ય ડગમગતી નથી અને મકકમ રહે છે. તેઓની વચ્ચે કડવા મીઠા સબંધ વિકસે છે અને સૌમ્યા વેદાન્તને કેવી સારી રીતે સંભાળે છે તે જોઈ, તેના પિતા તેણીને તેની કેરટ-કર બનવાનો પ્રસ્તાવ મૂકે છે.વેદાન્ત અને સૌમ્યા માટે ભાવિએ શું છુપાવી રાખેલ છે? તે તો ફક્ત સમય જ જણાવશે.વધુ જાણવા માટે, શક્તિ અસ્તિત્વ કે અહેસાસ કી જોવાનું ચૂકશો નહીં, દર સોમવારથી શુક્રવાર રાત્રે ૮:૦૦ કલાકે ફક્ત કલર્સ પર!

## સેમસંગ દ્વારા મોખરાના 'ઈન્ફિનિટી ઓ ડિસ્પ્લે' સાથે સૌથી શક્તિશાળી ગેલેક્સી M40 રજૂ




દેશની સૌથી ભરોસાપાત્ર કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ અને મોબાઈલ ફોન બ્રાન્ડ સેમસંગ ઈન્ડિયા દ્વારા, આજે ગેલેક્સી સ્૪૦ના લોન્ચિંગની જાહેરાત કરવામાં આવી છે. લોકપ્રિય ગેલેક્સી સ્ સિરિઝમાં સ્૧૦, સ્૨૦ અને સ્૩૦ બાદ આ ચોથો સ્માર્ટફોન છે. દરેક ટેક સેવી યુવાનો માટે ખાસ તૈયાર કરવામાં આવેલો, ગેલેક્સી સ્૪૦ અદભૂત ૬.૩'' હ્વઉૅંઙ્ઘ + ઈન્ફિનિટી ઓ ડિસ્પ્લે, સાથે ૧૨૦૦:૧નો કોન્ટ્રાસ્ટ રેશિયો અને ઓન સ્ક્રિન સાઉન્ડ ગુણવત્તા સાથે આવતું, ગેલેક્સી સ્૪૦નું ઉપકરણ ૭.૯દ્બદ્બ સ્લિક છે અને માત્ર ૧૬૮ ગ્રામ વજન ધરાવે છે. તે સ્ટર્ડી ગોરિલા ગ્લાસ ૩ સાથે આવે છે. ગેલેક્સી સ્૪૦ ૨.૦ ય્ઙ્ગડ સુધીની સ્પીડ સાથેના શક્તિશાળી સ્નેપડ્રેગન ૬૭૫ ઓક્ટા-કોર પ્રોસેસર, ૬ ય્મ્ ઇછસ્ અને ૧૨૮ ય્મ્ મેમરી સાથે આવે છે અને જેને ૫૧૨ ય્મ્ સુધી એક્સપાન્ડ કરી શકાય છે. એડ્રેનો ૬૧૨ ય્ઁ સાથે ગેલેક્સી સ્૪૦ અજોડ ગેમિંગ ઉપકરણ સાબિત થયું છે. ગેલેક્સી સ્૪૦માં ૩,૫૦૦ દ્બછર બેટરી આવે છે અને ૧૫ઉં જીમ્ ટાઈપ સી ફાસ્ટ ચાર્જિંગ સુવિધા સાથે આવે છે જે સામાન્ય ચાર્જિંગની તુલનાએ ૩ઠ ઝડપે ચાર્જિંગ સુનિશ્ચિત કરે છે. ગેલેક્સી સ્૪૦ પર ટ્રીપલ કેમેરા સેટઅપમાં ૩૨ સ્ઁ મેઈન કેમેરા છે જે દિવસના પ્રકાશમાં અદભુત તસવીરો અને રાત્રીની આબેહૂબ તસવીરો ખેંચવા માટે હ્વ૧.૪ એપેચર સાથે છૈં સીન ઓપ્ટિમાઈઝર સાથે આવે છે. તેમાં ૫ સ્ઁ ડેપ્થ કેમેરા અને અલ્ટ્રા-વાઈડ ૮ સ્ઁ કેમેરા પણ આવે છે. ગેલેક્સી સ્૪૦ ૪દ્ભ વિડિયો રેકૉર્ડિંગ, સીઓ-મો અને હાઈપરલેપ્સ જેવી વિડિયો સુવિધાઓની ભરમાર સાથે આવે છે. નવો ગેલેક્સી સ્૪૦ લોકપ્રિય એપ્લિકેશન્સ દ્વારા ઉૅંઙ્ઘ સામગ્રીનું સ્ટ્રિમિંગ કરવા માટે વાઈડવાઈન ન્૧ સર્ટિફિકેશન સાથે તૈયાર કરાયો છે.

## ફામાલિટિકા ૨૦૧૯એ મુંબઈના ફાર્મા હબમાં એક પહેલની શરૂઆત કરી




મુંબઈ

યુબીએમ ઈન્ડિયા જે અગ્રણી ગ્લોબલ ફાર્મા ટ્રેડ-શો અને કોન્ફરન્સ CPhI / P-MEC ઈન્ડિયાના આયોજકો છે તેમણે ફામાલિટિકાની છઠ્ઠી આવૃતિનું આયોજન કર્યું છે, તે પણ મુંબઈ ખાતે પ્રથમવાર યોજાશે જે ખાસ કરીને પશ્ચિમ ભાગ માટે ફાર્મા હબનું એપિક સેન્ટર છે. આ શો અગાઉ હૈદરાબાદમાં યોજાયો હતો. બોમ્બે એક્ઝિબિશન સેન્ટર ખાતે યોજાયેલા આ ત્રણ દિવસયી કાર્યક્રમનું ઉદઘાટન ઉદ્યોગ જગતના અગ્રણીઓ સહિત યુબીએમ ઈન્ડિયાના પ્રતિનિધિઓની હાજરીમાં યુબીએમ ઈન્ડિયા ગ્રૂપના મેનેજિંગ ડિરેક્ટર શ્રીમાન યોગેશ મુદ્રાસ અને ગ્રૂપ ડિરેક્ટર રાહુલ દેશપાંડે એ કર્યું હતું.ફામાલિટીકા ફાર્માસ્યુટિકલ સમુદાયને ઉદ્યોગજગતના વર્તમાન પ્રવાહો, ઈનોવેન્શન્સ અને બિઝનેસને જોડવાની સાથે એનાલિટિકલ, લેબોરેટરી, મશિનરી, ઈનગ્રેડિયન્ટ્સ, પેકેજિંગ અને અન્ય ઉદ્યોગો માટે સમક્ષ બનાવે છે. આ એક્સપો અગ્રણી એસોસિએશન દ્વારા સમર્થિત છે જેવાં કે ફામાક્સિલ, કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝ (CIPI) અને ઈન્ડિયન ડ્રગ મેન્યુફેક્ચરિંગ એસોસિએશન (IDMA) નો સહકાર મળે છે. ચાલુ વર્ષની શરૂઆતથી પ્રતિષ્ઠિત ફાર્મા સંબંધિત એક્સ્પો પશ્ચિમ ભારતમાં પ્રભાવશાળી ફાર્મા હબ દ્વારા પુરી પાડવામાં આવતી તકોનો લાભ ઉઠાવવા માંગે છે તો તેનાથી દક્ષિણ ભારતના નજીકના બજારનો પણ લાભ મેળવી શકાશે. આ વખતની આવૃત્તિમાં ફામાલિટિકા એ નોંધપાત્ર રીતે ઉદ્યોગજગતના ખેલાડીઓની સહિત સમગ્ર દેશમાંથી ૩૦૦થી વધારે એક્ઝિબિટર્સે ભાગીદારી દેખાડી, જેમાંથી ઘણા પ્રદર્શકો ફામાલિટિકામાં પોતાના પ્રથમ એક્ઝિબિશનને સફળ બનાવી રહ્યાં છે.

આ એક્ઝિબિશનનમાં લેક્સમબર્ગ, યુનાઈટેડ કિંગડમ, જર્મી અને ચીન દેશા દેશોના વિદેશી ભાગીદારોની સાથે ભારતમાંથી મહારાષ્ટ્ર, ગુજરાત, આંધ્રપ્રદેશ, તેલંગાણા, પંજાબ, હરિયાણા, તમિલનાડુ, દિલ્હી અને ઉત્તરાખંડના પણ ફાર્મા ઉદ્યોગો જોડાયા છે. ફામાલિટિકા એ સમગ્રનું એક સંગઠન બનવવાના પથ ઉપર છે જે તમામ અગ્રણી ઔદ્યોગિક સેક્ટર અને ફાર્મા હબ સુધી પહોંચે છે. ચાલુ વર્ષની આવૃત્તિમાં ફાર્મા મશિનરી અને પેકેજિંગ, લેબ એનાલિટિકલ અને ક્લિનરૂમ અને એપીઆઈ તેમજ એક્સિપિયન્ટ્સ પેવિલિયન છે. એક્સ્પોના ટચ-એન્ડ-ફિલના પાસાને વધારવા માટે એક્ઝિબિટર શોકેસનો સમાવેશ થતો હતો જે અત્યંત અનપેક્ષિત મુખ્ય વિશેષતાઓ પૈકીની એક છે જ્યાં મુલાકાતીઓએ વિશેષ રીતે હાજરી દર્શાવી છે, જ્યાં ફાર્મા માર્કેટપ્લેસની અંદર ચાલી રહેલા ઈનોવેશન્સ અને ટેક્નોલોજીસની આસપાસ ચાલી રહેલા કેસ સ્ટીઝને સાંભળ્યા હતા. ખરીદદારો અને વેચાણકર્તાઓને જોડવા, બિઝનેસમાં સરળીકરણ વધારવા માટે અને સેક્ટોરિયલ ઈનસાઈટ્સને વધારવા માટે બીટુબી મિટિંગ એરિયા અને કસ્ટમર ઈનસાઈટ લોન્જનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## સુંદર ગુણવાન બનો

ધર્મ વિના કોઈ દિવસ કોઈને પણ સુખ ન મળે.

પાપથી દુ:ખ આવે છે, ધર્મથી સુખ મળે છે.માટે પાપ છોડો અને ધર્મ આચરો .

ઘરે આવેલ મહેમાન-દીન-દુ:ખીની ઉચિત સેવા કરવી, સંકટમાં પડેલા જીવને બચાવવા, દુ:ખી જીવોની દયા કરવી.

સદાચારવાળા માણસો સાથે સોબત કરો, દુરાચારી માણસોની પડછાયો પણ લેશો નહિ. સદ્‌ગુરૂના વચનોનો આદર કરજો.

દરેકનું ભલું કરવું, બીજાનો ઉપકાર કદી ભૂલશો નહિ, દુ:ખીને મદદરૂપ થવું. ગરીબડા વચન બોલવા નહિ. ગુણવાન જીવો જોઈને આનંદ પામવો.

'આખું જગત સુખી થાઓ, કોઈ પાપનું આચરણ ન કરો, બધાના દોષો નાશ પામો, બધે જ બધા લોકોનું કલ્યાણ થાઓ.'આવી ભાવના હંમેશા રાખવી.

સારું અને સાચું બોલો, સારું અને હિતકારી જુઓ, સારું અને સાચું સાંભળો.

મુસલમાન બાદશાહ જહાંગીરના રાજ્યમાં દારૂ પીવા પર સખત બંધી હતી.

ધર્મમાં શ્રદ્ધા અને વિશ્વાસ ધારણ કરો. જગતમાં જે કામ બીજા કોઈ ન કરી શકે તે કામ ધર્મથી થઈ શકે છે.

**દાલ રોટી ખાના, પ્રભુ કે ગુણગાના.**
**પ્રભુ ! પ્રભુ ! બોલો !હિંસા ઝૂઠ છોડો !**
**પ્રભુ ! પ્રભુ ! બોલો! માંસ મચ્છી છોડો !**
**પ્રભુ ! પ્રભુ ! બોલો ! બીડી સીગરેટ છોડો !**
**પ્રભુ ! પ્રભુ ! બોલો ! ટી.વી. સિનેમા છોડો !**

**પં.ભુવન ગુણસુંદર વિજય**

## આ ફાધર્સ ડે પર આપના પિતાને ભેંટમાં એક સ્વસ્થ જીવન આપો

ફાધર્સ ડે આવી રહયો છે અને દરેક વ્યકિત તેના પિતા માટે યોગ્ય ભેંટ શોધી રહી છે. કોઈપણ પુરૂષ માટે યોગ્ય ભેંટ શોધવી ખૂબ મુશ્કેલ કાર્ય હોય છે, વધુમાં તમારા પ્રેમને તેમના માટે વ્યકત કરતી યોગ્ય ભેંટ શોધવાનું કાર્ય તેનાથી પણ વધારે મુશ્કેલ હોય છે. પરંતુ તુલનાત્મકરીતે પિતાને ખુશ કરવાનું સરળ હોય છે, એક સારી ટાઈ, એક સારૂ પરફયૂમ કે સરસ ગોગલ્સની ભેંટ આપવી તમને સુવિધાજનક અને સારી લાગે પણ તેમાં તમારા કોઈ વિચાર કે અભિગમ ઝલક દેખાતી નથી. આ ફાધર્સ ડે પર કંઈક નવું વિચારો અને એક ગિફટ કાગળમાં લપેટાયેલ ગિફટ કરતા તમારા પિતાને એક સ્વસ્થ અને સુરક્ષિત ભવિષ્યની ભેંટ આપો.'ફુલ બોડી ચેકઅપની ભેંટ- એક સ્વસ્થ જીવનશૈલીનું અનુસરણ હંમેશા ઉચિત હોય છે અને તમે નિયમિતરીતે તમારા સ્વાસ્થ્યની તપાસ કરાવો એ પણ મહત્વનું હોય છે તમારા પિતાને એક ફૂલ બોડી ચેકઅપ ગિફટ કરો જેના દ્વારા તેમના સ્વાસ્થ્ય પર નિયમિતરીતે નજર રહે અને કોઈપણ બીમારીની સ્થિતીનું ઝડપથી નિદાન થાય તથા તેની સારવાર માટે ઝડપી અને યોગ્ય પગલા લઈ શકાય. રિટાયરમેન્ટ બાદના જીવન માટે ગિફટ- તમારા પિતાએ તમને દરેક વસ્તુ આપવા માટે જીવનભર ખૂબ ભારે મેહનત કરી છે. તેમને નૌકરીમાંથી રિટાયર થયા બાદ જ આરામ કરવાનો સમય મળે છે. તેમના જીવનના આ અણમોલ વર્ષોને સુરક્ષિત બનાવો અને આવકની ગેરેન્ટી આપતી યોજનાઓની પસંદગી કરી તેમના રિટાયર જીવનનો આનંદ લેવા દો. ફિટનેસ બેન્ડ- હેલ્થ અને ફેશન કોન્સીયસ (સ્વાસ્થ્ય સભાન) પિતા જેઓ પોતાની ફિટનેસ જાળવી રાખવા ઈચ્છે છે તેમના માટે એક ફિટનેસ બેન્ડ ફેશન અને ટેકનોલોજીનું યોગ્ય મિશ્રણ છે જે એક સંતુલિત જીવનશૈલી બનાવી રાખવામાં મદદરૂપ થાય છે. ફિટનેસ બેન્ડ આજે વર્કઆઉટ, ઉંઘ જેવા કેટલાય શારીરિક કાર્યોનું ટ્રેકિંગ કરે છે સાથે તે વોટરપ્રૂફ પણ હોય છે, જેથી જેઓ સ્વીમિંગ કરે છે તેઓ પણ પહેરી શકે છે.

## કરિના કપૂર ખાન: "જે સ્કેલ પર શૂટિંગ થઈ રહ્યું છે, તે ડાન્સ ઈન્ડિયા ડાન્સ કરણ જોહરના ફિલ્મ જેટલો મોટો છે"



બોલિવૂડની દિવા અને સૂપર સ્ટાર જજ કરિના કપૂર ખાન તેના ટેલિવિઝન ક્ષેત્રના પ્રવેશ અને સંપૂર્ણ નવી તથા ડાન્સ ઈન્ડિયા ડાન્સ: બેટલ ઓફ ચેમ્પિયનની અત્યાધુનિક સિઝન વિશે ચર્ચા કરે છે

પ્ર.) ડાન્સ ઈન્ડિયા ડાન્સની આ સિઝન પહેલાનની સિઝન કરતા કઈ રીતે અલગ છે અને તમે અહીં શું નવું લાવી રહ્યા છો?

જ.) ડાન્સ ઈન્ડિયા ડાન્સ બધી રીતે વધુ મોટો, વધુ સારો અને વધુ વિશાળ થયો છે. ૩૬૦ ડિગ્રી સેટની સાથે, લગભગ ૧૨૦ કેમેરા છે, જે સ્પર્ધકોની દરેક મૂવ્સને કેપ્ચર કરશે તથા અંતર્મુખી અને અભિવ્યક્તિ કરતી એલઈડી લાઈટ્સની સાથે મને લાગે છે આ ભારતીય ટેલિવિઝન ઈતિહાસમાં પ્રથમ ડાન્સ શો છે, જેનું શૂટિંગ આટલું ભવ્ય અને મોટા સ્કેલ પર કરવામાં આવ્યું છે. હું આ શોની સાથે ટેલિવિઝન ક્ષેત્રે મારા પ્રવેશ માટે અત્યંત ઉત્સાહિત છું, જે સામાન્ય માણસની પ્રતિભાની ઉજવણી કરે છે અને ડાન્સ માટેના તેના જુસ્સાની સાથે તેમને એક માર્ક સેટ કરવા અને ઉદ્યોગમાં પ્રવેશવા માટે તેનો રસ્તો બનાવવાનો મોકો આપે છે. તેને ભારતમાં ડાન્સના એક લેન્ડસ્કેપને ક્રાંતિ આપી છે અને ડાન્સિંગ તથા કોરિયોગ્રાફીને આદર આપતી કારકીર્દીની પસંદગી તરીકે ઉભી કરી છે. આ સિઝનમાં, દરેક ૪ ઝોન- નોર્થ, સાઉથ, પૂર્વ અને પશ્ચિમમાંથી આવે છે અને અહીં જે આવ્યા છે, તે આ ઝોનના સૌથી શ્રેષ્ઠ અને ચમકતા સિતારા છે અને એટલે જ તેને ડાન્સ ઈન્ડિયા ડાન્સ: બેટલ ઓફ ધ ચેમ્પિયન્સ કહેવાય છે.

પ્ર.) તમને ભૂતકાળમાં પણ ડાન્સ રિયાલિટી શોની ઓફર થઈ હતી, તમે આ ઓફરને સ્વિકારવા માટે શા માટે આટલો લાંબો સમય લીધો?

જ) મને લાગે છે કે, જ્યારે એક અભિનેત્રી ટીવી શો કરવા તૈયાર થાય છે, ત્યારે એ શોએ અત્યંત પ્રસિદ્ધ અને ચોક્કસ ક્ષમતા ધરાવતો જ હોય છે. મે નથી લાગતું કે, ભારતમાં ડાન્સ ઈન્ડિયા ડાન્સ જેવો અન્ય કોઈ પણ ડાન્સ શો નથી જે છેલ્લા ૧ દાયકાથી ચાલી રહ્યો છે. જો મારે ટીવી ક્ષેત્રે પ્રવેશ કરવો હોય તો, કોઈ યોગ્ય શોની સાથે, યોગ્ય જુસ્સાથી અને યોગ્ય પ્રકારના દ્રષ્ટિકોણની સાથે આવવું હતું અને હું અત્યંત ખુશ છું કે, મેં આ શોની પસંદગી કરી. મને જરા પણ ખબર ન હતી કે, તે કેવી રીતે થયું અને કઈ રીતે અનુભવું છું અને શું પરિવર્તન આવશે કારણકે આ બધું જ નવું છે, જો કે, શૂટિંગ બાદ જ્યારે હું ઘરે ગઈ ત્યારે સૈફએ મને પૂછ્યું હતું કે, શું હું બરોબર છઉં અને હું આ કરી શકીશ? હું ફક્ત એટલું જ કહીશ કે, હું ઘરે અત્યંત સંતોષ સાથે ગઈ હતી અને બીજા એપિસોડના શૂટિંગ માટે અત્યંત ઉત્સાહિત હતી.

## સેઈકોની યુનિક ક્રાફટમેશિપ સાથે આ ફાધર્સ ડેની ઉજવણી કરો



ગિફ્ટ વિકસિત તથા સંબંધો સાથે વિકસિત થાય છે. જાપાનથી કરવામાં આવેલ કારીગરીની સેઈકો પ્રિસેજ એરિટા પોર્સેલિઅન ડાયલ સાથે આ જૂન ૧૬ના રોજ ફાધર્સ ડે પર લવ અને સપોર્ટ, એડવાઈસ અને ગાઈડન્સની પ્રસંશા કરો.

સેઈકો પ્રિસેજ એરિટા પોર્સેલિઅન ડાયલના કેલિબર 6R27 (SPB093) માટે વાઈબ્રેશન્સ- ૨૮, ૮૦૦ વાઈબ્રેશન્સ પ્રતિ કલાક (૮ બિટ્સ પ્રતિ સેકન્ડ), પાવર રિઝર્વ- ૪૫ કલાક, જવેલ્સના નંબર- ૨૯ તથા કેલિબર ૬ઈ૩૫ (SPB095) માટે વાઈબ્રેશન્સ- ૨૧,૬૦૦ વાઈબ્રેશન્સ પ્રતિ કલાક (૬ બિટ્સ પ્રતિ સેકન્ડ), પાવર રિઝર્વ- ૭૦ કલાક, જવેલ્સના નંબર- ૨૪.

CMYK

Website : www.rakhewaldaily.com | Email : rakhewal@gmail.com

ગુરૂવાર ૧૩ જુન ૨૦૧૯

સાબરકાંઠા, અરવલ્લી, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત

રખેવાળ

# ચોઈલા ગામે પ્રેમ લગ્ન કરનાર યુવક પર ઘાતકી હુમલો : યુવતીનું અપહરણ



પ્રતિનિધી અરવલ્લી

બાયડ તાલુકાના ચોઈલા ગામે ગામના યુવકની આંખ ગામની યુવતી સાથે મળી જતા પ્રેમ સંબંધ બંધાયો હતો પ્રેમી યુગલ એક જ ગામના અને એક જ સમાજના હોવાથી પરિવારજનો તેમના પ્રેમ નો સ્વીકાર નહિ કરે ના ડર થી ભાગી જઈ પ્રેમ લગ્ન કરી લીધા હતા બરોડા રહેતા યુવક-યુવતી પોલીસ રક્ષણ હેઠળ ચોઈલા ઘરે પરત ફરતા પ્રેમ લગ્નની અદાવત રાખી યુવતીના પરિવારજનોએ યુવકના ઘરે મારક હથિયારો સાથે ધસી આવી યુવક-યુવતીને માર મારી યુવતીને કારમાં ઉઠાવી જતા વાતાવરણ તંગ બન્યું હતું બાયડ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી ઈકો કારનો પીછો કરી યુવતની છોડાવી યુવતની ઈચ્છા મુજબ તેના પતિને સોંપી દીધી હતી

યુવતીના પરિવારજનોએ યુવતીને માર મારતા અને સમીરભાઈ રાજેશભાઈ પરમાર નામના યુવકે નિકિતા બેનને માથામાં બેઝબોલ સ્ટિક થી હુમલો કરતા યુવતીને લોહી-લુહાણ હાલતમાં સારવાર અર્થે દવાખાને ખસેડી હતી ચોઈલા ગામના યુવક જગદીશ ભાઈ સોલંકીએ ગામની નિકિતા નામની યુવતી સાથે બંને પરિવારજનોની વિરુદ્ધ ભાગી જઈ પ્રેમ લગ્ન કરી લીધા હતા યુવક-યુવતી એક વર્ષ પછી યુવકના ઘરે પરત ફરતા યુવતીના પરિવારજનો અને સગા-સંબંધીઓ ને જાણ થતા સોમવારે મધ્ય રાત્રીએ ગેરકાયદેસર મંડળી રચી હલ્લાબોલ કરી યુવક ના ઘરમાં તોડફોડ કરી બંનેને માર મારી નિકિતાનું બળજબરી પૂર્વક ઈકો કારમાં અપહરણ કરી નાસી છૂટતા ભારે ચકચાર મચી હતી યુવકના પરિવારજનોએ બાયડ પોલીસને જાણ કરતા પોલીસ કાફલો ચોઈલા ગામે દોડી આવી પીએસઆઈ રાજપૂતે ઈકો કારનો પીછો કરી યુવતીને બચાવી લઈ ઈજાગ્રસ્ત યુવતીને સારવાર આપી યુવતનીને તેના પતિ ને સોંપી હતી

બાયડ પોલીસે પ્રેમી યુવક-યુવતી પર હુમલો કરનાર ૧)સોનલ રાજેશભાઈ પરમાર, ૨) સમીર ડાહ્યાભાઈ સોલંકી ,૩)ભૂરા રવાભાઈ પરમાર ,૪) સંદીપ ડાહ્યાભાઈ પરમાર, ૫) રોહિત ગોકળભાઈ સોલંકી, ૬)સોમા રવાભાઈ સોલંકી, ૭) મિનેષ મેલાભાઈ પરમાર,૮) સાગર ડાહ્યાભાઈ સોલંકી, ૯)સમીર રાજેશભાઈ પરમાર, ૧૦) અરવિંદ બાબાભાઈ પરમાર ,૧૧) જગદીશ બાબુભાઈ સોલંકી ,૧૨) અનિતા રાજેશભાઈ પરમાર,૧૩) સુધાબેન મેલાભાઈ પરમાર (તમામ, રહે.ચોઈલા) અને રણજીતભાઈ જુગાભાઈ ઝાલા (રહે,વાંટા , તા-બાયડ) વિરુદ્ધ ઈપીકો કલમ-૧૪૩,૧૪૭, ૧૪૯, ૪૫૨,૩૬૫, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬ (૨) તથા જીપીએક્ટ કલમ-૧૩૫ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# ઉત્તર ગુજરાતમાં "વાયુ" વાવાઝોડાની અસર : વાતાવરણમાં અચાનક પલટો





પ્રતિનિધી અરવલ્લી

'વાયુ' વાવાઝોડુ રાત્રે અથવા તો ગમે તે ઘડીએ સૌરાષ્ટ્ર-કચ્છ ના દરિયાકાંઠે ટકરાશે. ત્યારે વાવાઝોડાને લઈને અરવલ્લી જીલ્લા સહીત ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓ વહેલી સવારથી જ વાતવરણમાં ભારે પલટો જોવા મળ્યો હતો આકાશે કાળા ડિબાંગ વાદળો જોવા મળ્યા હતા.

સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં વાયુ વાવાઝોડું ત્રાટકવાની આગાહી છે ત્યારે તેની અસર રાજ્યના વિવિધ જિલ્લાઓમાં જોવા મળી રહી છે. અરવલ્લી જિલ્લામાં પણ વહેલી સવારે વાયુ વાવાઝોડાની અસર જોવા મળી હતી. કાળઝાળ ગરમી વચ્ચે વાદળ છાયું વાતાવરણ વહેલી સવારથી જ જોવા મળ્યું હતું. આકાશમાં વાદળો ઘેરાવાથી વાતાવરણમાં સવારથી જ ઠંડક પ્રસરી હતી અને લોકોને ગરમીથી રાહત મળી હતી. વાયુ વાવાઝોડાને લઈને અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર પણ સતર્ક બન્યું છે અને કોઈપણ પરિસ્થિતિ ને પહોંચી વળવા માટે તૈયાર છે.

# વિજયનગર હરિઓમ હોટલ નજીક એસ.ટી. બસની ટક્કરે મહિલાનું મોત







પ્રતિનિધી અરવલ્લી

વિજયનગરના ગામ એવા મહુવાના ખેતરા ગામની મહિલાને મંગળવારે સવારે ભિલોડા ડેપોની બસના ચાલકે ટક્કર મારતા ઘટના સ્થળેજ મહિલાનુ મોત નીપજ્યું હતું. જયારે અકસ્માત સર્જી બસ ચાલક બસ મૂકી ફરાર થતા વિજયનગર પોલીસે ઘટના સ્થળે દોડી આવ્યા હતા ફરાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

મહુવાના ખેતરા ગામના ભાવનાબેન રાકેશભાઈ ખરાડી પોતાનું એક્ટિવા નં.આર.જે-૨૭-વી.એસ-૨૯૭૦ લઈને મંગળવારે સવારે ૧૧:૨૨ કલાકે વિજયનગર બજારમાં આવ્યા હતા. જ્યા થઈ તેઓ હરિઓમ હોટલ ની આગળ થી પસાર થતા હતા તે સમયે વિજયનગર થી ભિલોડા જતી એસટી બસ નં.જી.જે-૧૮-ઝેડ-૧૧૦૯ ના ચાલકે એક્ટિવાને ટક્કર મારતા ભાવનાબેન જમીન પર પટકાતા તેમને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતુ. વિજયનગર પોલીસને અને ભાવનાબેનના પરિવાર જનોને થતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. મૃતકના કાકા સસરા મગનભાઈ લાલજીભાઈ ખરાડીએ ફરાર બસ ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી

આ અગે વધારે માહિતી આપતા મોજાળીયા ના નિવાસી નવ યુવા એવા ઈસવરભાઈ બારેડ ને જણાવ્યું હતું કે અવારનવાર આવા અકસ્માત સર્જાયો છે ત્યારે તંત્રર જાગવું જોઈએ અને ભર બજારમાં રસ્તા ઉપર જે લોકો લારી અને ગલાં મૂકીને ટ્રાફિક કરે છે. તેના ઉપર પોલીસે કાદેસર ની કાર્યવાહી કરવા ની લોકોની માંગ ઉઠી છે.

# મહેશ્વરી સમાજના સ્થાપના દિવસ નિમિત્તે મોડાસામાં શોભાયાત્રા નિકળી



પ્રતિનિધી અરવલ્લી

મહેશ્વરી સમાજના સ્થાપના દિવસની અરવલ્લી જિલ્લામાં ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેઠ મહિનાની નુમના દિવસે મહેશ્વરી સમાજની ઉત્પત્તિ થઇ હોવાનું માનવામાં આવે છે, જે અનુસંધાને સમાજના આગેવાનો દ્વારા મહાદેવની વિશેષ પૂજા અર્ચના કરી છે. મોડાસા શહેરમાં મહેશ્વરી સમાજના સ્થાપના દિવસ નિમિત્તે સમાજના આગેવાનો દ્વારા શહેરમાં ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી.

મહેશ્વર એટલે મહાદેવ અને આ જ નામ પરથી જે સમાજની ઉત્પત્તિ થઇ છે તે સમાજ એટલે મહેશ્વરી સમાજ. નુમના દિવસે આ સમાજનો સ્થાપના દિવસ હોવાથી ઠેર ઠેર ઉજવણીઓ કરાઈ હતી. અરવલ્લી જિલ્લાના મોડાસામાં પણ તેની ઉજવણીના ભાગરૂપે શહેરના વિવિધ વિસ્તારોમાં શોભાયાત્રા ફરીને શિવના જયગારા સાથે રસ્તાઓ ગૂંજી ઉઠ્યા હતા. મોડાસાના રામપાર્ક વિસ્તારમાંથી શોભાયાત્રા નિકળી, કલ્યાણ ચોક, માલપુર રોડ, કુંભારવાડા થઈને કાશીવિશ્વનાથ મહાદેવ પહોંચીને સમાપન થયું હતું. શોભાયાત્રામાં બાળકોએ વિવિધ વેશભૂષામાં સજ્જ થયેલા જોવા મળ્યા હતા. જેમાં શિવ, પાર્વતી તેમજ દેવી દેવાતીઓની ઝાંખી દર્શાવવામાં આવી હતી.

# મોડાસાના ભાટકોટાના મહંતની ધોમધખતા તડકામાં "પંચાગ્નિ તપશ્ચર્યા"



પ્રતિનિધી અરવલ્લી

મોડાસા તાલુકાના ભાટકોટાના સુપ્રસિદ્ધ વડેશ્વર મહાદેવ મંદિરના મહંતશ્રીશ્રી ૧૦૮ મહામંડલેશ્વર રામબલી ત્યાગીજી મહારાજ છેલ્લા ૧૬ વર્ષથી વસંત પંચમીના શુભ દિવસે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ થી પંચાગ્નિ લાવી જેઠ માસની ગંગાદસમી સુધી ૪ માસ કરતા વધુ સમય કઠોર તપ કરવામાં આવે છે

હાલમાં ભીષણ ગરમીમાં ધોમ ધખતા તડકામાં લોકો ઘરની બહાર નીકળવાનું પણ ટાળી રહ્યા છે ત્યારે મહંતે માથે પ્રજવલ્લીત અગ્નિ કુંડ મૂકી સારા વરસાદ અને પ્રજાના સુખાકારી માટે કઠોર તપ કરતા આજુબાજુના પ્રજાજનો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટતા હતા બુધવારે પંચાગ્નિ તપશ્ચર્યા ની પૂર્ણાહૂતિમાં જીલ્લાના ભક્તો અને આજુબાજુના મહંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

સંત સમાજમાં કેટલાક ભગવાધારી સંતોની પાંખડી કરતૂતો થી સમગ્ર સંત સમાજ બદનામ થતો હોય છે હજુ પણ કેટલાય સંતો અંતરિયાળ વિસ્તારોમાં ધર્મના રક્ષણ સાથે માનવસેવા માટે સતત તત્પર રહેતા હોય છે હિન્દૂ ધર્મમાં વરસાદ ખેંચાય અથવા મેઘરાજા રિસાય તો ઠેર ઠેર પર્જન્ય યજ્ઞો યોજી મેઘરાજાને રીઝવવા પ્રયત્ન કરતા હોય છે ભાટકોટાના સુપ્રસિદ્ધ વડેશ્વર મહાદેવ મંદિરના મહંતશ્રીશ્રી ૧૦૮ મહામંડલેશ્વર રામબલી ત્યાગીજી મહારાજના જણાવ્યા અનુસાર ૮૦૦ વર્ષ પહેલા જગદગુરૂ રામચંદ્રાચાર્ય પૃથ્વી પરના દુષ્કાળના અનિષ્ઠ ને નિવારવા ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ થી પંચાગ્નિ તપશ્ચર્યા નો પ્રારંભ કરાવ્યો હતો અરવલ્લી જીલ્લા સહીત સમગ્ર દેશમાં વરસાદ સારો થાય અને પ્રજાજનોની સુખાકારી માટે ૧૮ વર્ષ સુધી અહીં "પંચાગ્નિ તપશ્ચર્યા" કરવાનો નિર્ણય કર્યો હતો અને સતત ૧૭ માં વર્ષે "પંચાગ્નિ તપશ્ચર્યા" તપની પુર્ણાહુતી કરવામાં આવી છે.

### શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા ખાતે

# આગામી ડિસેમ્બરમાં યોજાનાર લક્ષચંડી મહાયજ્ઞની તૈયારીઓના ભાગરૂપે બેઠકો યોજાઈ



પ્રતિનિધી અરવલ્લી

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.આયોજિત આગામી તા ૧૮ ડીસેમ્બર ૨૦૧૯ થી ૨૨ ડીસેમ્બર ૨૦૧૯ ના દિવસોમાં યોજાનાર લક્ષચંડી મહાયજ્ઞ નિમિત્તે રાજ્યભરમાં તાલુકા મથકોએ બેઠકો યોજવાના ભાગરૂપે તાજેતરમાં ઉમિયા વિધા સંકુલ, માંડલ ખાતે વઢિયાર ૪૮ કડવા પાટીદાર સમાજની તાલુકા તેમજ શહેરના વિવિધ મંદિરો, પ્રગતિ મંડળો, સંસ્થાઓ અને કડવા પાટીદાર સમાજના આગેવાન સાથે ૭૦૦ કાર્યકરોની તથા ઊંઝા ઉમિયા મંદિરના હોદેદારો સાથે બેઠક મળી હતી જેમાં મા ઉમિયાના લક્ષચંડી મહાયજ્ઞ અને ઉમિયા પરિવાર સંગઠનમાં જોડાઈને પાટીદાર સમાજની વિકાસ યાત્રાના સંકલ્પ સાથે અવિરત આગળ વધારવાની હાકલ કરી હતી આવી જ એક બીજું બેઠક પંચ પટેલ સમાજ વાડી, કઠલાલ ખાતે કઠલાલ કડવા પાટીદાર સમાજના તાલુકા તેમજ શહેરના વિવિધ મંદિરો, પ્રગતિ મંડળો, સંસ્થાઓ અને કડવા પાટીદાર સમાજના આગેવાન સાથે ૫૦૦ કાર્યકરોની તથા ઊંઝા ઉમિયા મંદિરના હોદેદારો અને લક્ષચંડી મહાયજ્ઞના ચેરમેન બાબુભાઈ (બીજેપી) તથા કન્વીનર શેઠ અરવિંદભાઈની ઉપસ્થિતના મળી હતી. જેમાં મોડાસાના પ્રવીણભાઈ બી. પટેલ સહિતના આગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં પણ મા ઉમિયાના લક્ષચંડી મહાયજ્ઞ અને ઉમિયા પરિવાર સંગઠનમાં જોડાઈને પાટીદાર સમાજની વિકાસ યાત્રાના સંકલ્પ સાથે અવિરત આગળ વધારવાની હાકલ કરી હતી.

# રાજ્યમાં ૨૧ વર્ષ પહેલા જૂન મહિનામાં જ કંડલામાં ભયાનક વાવાઝોડું ત્રાટક્યું હતું

અમદાવાદ

૧૨ જૂનના રાતના ૨ વાગ્યાની આસપાસ ગુજરાતના વણાકબારા-સરખાડીથી ૧૧૦ કિલો મીટરની ઝડપે વાવાઝોડું ત્રાટકશે. ગુજરાતમાં આ પહેલા પણ પ્રચંડ એવું કંડલાનું વાવાઝોડું આવી ચૂક્યું છે. યોગાનુયોગ કંડલાનું વાવાઝોડું પણ વર્ષ ૧૯૯૮ની ૯મી જૂને જ ત્રાટક્યું હતું. આમ ગુજરાત માટે જૂન જોખમરૂપ છે. પ્રતિ કલાકના ૧૫૦ કિલોમિટરની ઝડપે ફૂંકાયેલો પવન પોતાની સાથે આખા અરબી સમુદ્રને લઈને કચ્છના નાનકડા કંડલા પર ત્રાટક્યો હતો. જેને પગલે સત્તાવાર ૧૦૦૦ લોકોના મોત થયા હતા. કંડલા બંદરને સામાન સહિત ઉડાડી દીધું હતું. માત્ર એટલું જ નહીં, બંદર પરના હજારો ટનની લોખંડી ક્રેન પવનના જોર સામે ૧૮૦ ડિગ્રીએ વાંકા વળી ગયા હતા.

વાવાઝોડા સાથે આવેલાં દરિયાનાં ઊંચી દીવાલ જેવાં મોજાં આખા કંડલામાં ફરી વળ્યાં અને પાછાં ફરતી વખતે એ મોજાં કાચીપાકી કૉલોનીઓ સહિત એમાં રહેતા ૧૦,૦૦૦થી વધુ શ્રમિક સ્ત્રી-પુરુષ અને બાળકોને પોતાની સાથે હંમેશ માટે દરિયો તાણી ગયો. આ કમનસીબોને ગુજરાત સરકાર, પૉર્ટ ટ્રસ્ટ કે એમના કૉન્ટ્રાક્ટરો તરફથી વાવાઝોડાની કોઈ જ આગોતરી સૂચના મળી નહોતી. જાનહાનિનો ૧,૦૦૦નો સરકારી આંકડો આવ્યો એ તો રસ્તા પરથી મળેલા મૃતદેહોનો હતો.પરંતુ દરિયો તાણી ગયો હજારો માણસોનો તો કોઈ હિસાબ આજ સુધી મળ્યો નથી.

કંડલા ખાતે બંદરથી એક-દોઢ કિલોમીટર સુધી જળરેલ જવાબદાર હોવાનું વૈજ્ઞાનિક તારણ બહાર આવ્યું હતું. કંડલાના વિનાશ માટે જવાબદાર આ સ્ટોર્મ સર્ચની મુખ્ય પહોળાઈ ૩૮થી ૪૮ નોટિકલ માઈલની હતી. પરંતુ વાવાઝોડાંની અસર ૭૦૦ કિલોમીટર ત્રિજ્યામાં મળી હતી. આ સ્ટોર્મ સર્ચ જામનગરથી પસાર થયા બાદ નવલખી અને મુન્દ્રા વચ્ચેથી પસાર થતાં કંડલા બંદર મધ્યમાં આવી જતાં અહીં સૌથી વધુ વિનાશ વેરાયો હતો. આ સ્ટોર્મ સર્ચની પહોળાઈ ૩૮થી ૪૮ નોટિકલ માઈલની હતી તેને લીધે કંડલાથી ૨૮ નોટિકલ માઈલ દૂર આવેલા નવલખીમાં પણ તારાજી સર્જાઈ હતી.

### સંભવિત વાયુ વાવાઝોડાને અનુલક્ષીને

# અરવલ્લી જિલ્લામાં તમામ ૧૪ હોમ ગાર્ડઝ યુનિટોને એલર્ટ કરાયા

પ્રતિનિધી અરવલ્લી

ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં તા.૧૩,૧૪ જૂન ૨૦૧૯ ના દિવસોમાં અતિથી અતિ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી હોઈ અને વાયુ નામનું વાવાઝોડું ૧૨૦ થી ૧૩૦ ની ગતિએ આગળ વધી રહ્યું હોવાની અગાહીને ધ્યાને લઈને જિલ્લાના તમામ ૧૪ યુનિટો ખાતે આ દિવસોમાં યુનિટના અધિકારીઓ, ક્લાર્ક, પટાવાળા, મદદનીશ સહિતના સર્વેને ફરજિયાત ફરજ ઉપર હાજર રહેવાની સૂચના જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ કચેરી, મોડાસા દ્વારા જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ દિનેશભાઈ ડી. પટેલના આદેશથી જે તે યુનિટને સૂચના આપવામાં આવી છે.

જિલ્લાના જે યુનિટોને સૂચના આપવામાં આવી છે તેમાં ભિલોડા, શામળાજી, ટીટોઇ, સરડોઈ, મોડાસા, મેઘરજ, ઈસરી,માલપુર, ધનસુરા, આકરુંદ,બાયડ, ચોઈલા, સાઠબા, ગાબટ,ડેમાઈ અને આબલિયારા હોમગાર્ડ યુનિટોના સમાવેશ થાય છે. આ યુનિટોના હોમગાર્ડ સભ્યોને કોઈપણ કોઈ હોનારત સ્થિતિ સર્જાય તે માટે તૈયાર રહેવા સૂચના આપવા સાથે જિલ્લા કચેરી સાથે સતત સંપર્ક જાળવી રાખવા પણ સૂચના આપવામા આવી છે.

# અરવલ્લી જીલ્લા પોલીસતંત્રના ઈતિહાસમાં સૌપ્રથમ વાર એક સાથે ૧૮૦ પોલીસ કર્મચારીઓની સામુહિક બદલી

પ્રતિનિધી અરવલ્લી

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ચાર્જ સંભાળતા ની સાથે જીલ્લાના વિવિધ શહેરી અને ગ્રામ્ય વિસ્તારના પોલિસ અધિકારીઓ અને કર્મચારીઓ બદલીનો ગંજીપો છિપાવાનું ચાલુ કર્યું છે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પણ સતત પોલીસવડા દ્વારા થઈ રહેલી બદલીઓનુ ગણિત સમજવામાં થાપ ખાઈ રહ્યા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે

ત્યારે સાગમટે ૧૮૦ પોલીસ કર્મચારીઓની બદલીના ઓર્ડર કરી જીલ્લા પોલીસતંત્રમાં ભારે ઉલટફેર કરવામાં આવતા વારંવાર કરાતી બદલીઓ સામે અનેક પ્રશ્નાર્થ પેદા થયા છે

બુધવારે,અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતા અને પોલીસ કર્મચારીઓની નિષ્ફળ કામગીરી સામે કડક પગલાં ભરાતા સાગમેટે ૧૮૦ કર્મચારીઓની બદલીના આદેશ થતા પોલીસ કર્મચારીઓમાં ભારે દોડધામ મચી હતી અને ફરજ પરના સ્થળ પરથી તાત્કાલિક છુટા કરવાના અને બદલીના સ્થળે તાત્કાલિક હાજર થવાના આદેશ પગલે પોલીસ કર્મચારીઓ માં ભારે રોષ જોવા મળી રહ્યો છે

શૈક્ષણિક સત્ર શરુ થયાના બે દિવસની અંદર પોલીસ કર્મચારીઓની બદલીના આદેશ થતા તેમના બાળકોની અભ્યાસ પર અસર પડવાની સંભાવના પેદા થતા અને શાળાઓ બદલવાની નોબત પેદા થતા પોલીસ કર્મચારીઓ સહીત પરિવારજનો અને બાળકોમાં પણ ચિંતા જોવા મળી હતી.

# યુવતીની મશ્કરી કરવા બાબતે બે જૂથ વચ્ચે અથડામણ, ૧૦૦ના ટોળાં સામે ફરિયાદ

(જી.એન.એસ.) સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લાના ઇડરના ભોઈવાડા વિસ્તારમાં આવેલા વેરાઇ માતાના મંદિર પાસે યુવતીની મશ્કરી કરવા બાબતે બે અલગ અલગ સમાજના લોકો આમને સામને આવી ગયા હતા. બંને પક્ષોમાં ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ હોવાથી ઇડર પોલીસે હિંમતનગર એલસીબી, એસઓજી તથા અન્ય સ્ટાફને મદદ માટે ઘટના સ્થળે બોલાવવા માટેની ફરજ પડી હતી. દરમિયાનમાં ટોળું વીખેરવા માટે પોલીસને બે ટીયર ગેસના સેલ છોડવા પડ્યા હતા.

જોકે, મામલો સવારે શાંત પડતાં પોલીસે બંને પક્ષો વિરુદ્ધ સામ સામે ફરિયાદ લઇ ૯ જેટલા આરોપીઓની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથધરી છે.

પ્રથમ ફરિયાદ અનુસાર ઇડરના પાંચ હાટડિયા વિસ્તારમાં આવેલી લિંબડીયા વાસમાં રહેતી એક યુવતીની મશ્કરી ભોઈવાડામાં રહેતા યુવકે કરી હતી. જે બાબતે ઠપકો આપવા જતાં મામલો બિચક્યો હતો. ત્યારબાદ બંને સમાજના લોકો આમને સામને આવી ગયા હતા.

મામલો એટલો બિચક્યો હતો કે, બંને પક્ષો સામ સામે પથ્થર મારો કર્યો હતો. જેમાં ૬ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. અને પોલીસને જાણ થતાં ઇડર અને હિંમતનગર પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવીને સ્થાતિને કાબુમાં લેવા માટે બે ટિયરગેસના સેલ છોડ્યા હતા. સ્થિતિ શાંત થતાં પોલીસે બંને પક્ષોના ૧૦૦ જેટલા લોકો સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથધરી છે.

**અંબાજી અકસ્માત...**

**પાના નં.૧ ચાલુ**

ગાડીઓને રોકવાની જેની ફરજ છે તે પોલીસ ખાતાએ અને ગૃહ ખાતાએ ભેદી મૌન સેવી લીધું છે. ગૃહ વિભાગે કે બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા દ્વારા આ અકસ્માત અન્વયે ફરજ ચૂક કરનાર જે-તે પોલીસ સ્ટેશનના જવાબદાર કર્મીઓ કે જિલ્લા ટ્રાફિક પોલીસની જવાબદારી ફિક્સ કરાઇ નથી. તાબાના પોલીસ અધિકારીઓ કે કર્મચારીઓને છાવરવાની આ નીતિ અચરજ પમાડતી હોવાનો ચણભણાટ જિલ્લાવાસીઓમાં થઇ રહ્યો છે.

જિલ્લા પોલિસવડાએ વાહન વ્યવહાર કમિશનરની જેમ કડક હાથે તાબાના અધિકારીઓ સામે પગલાં ભરવાનું ટાળ્યું છે. પરંતુ હવે ઘોડા છૂટી ગયા બાદ તબેલાને તાળું મારવાનો પ્રયાસ કરી પોલીસ દ્વારા વાહન ચેકિંગ હાથ ધરી સમગ્ર ઘટના પર લીપાપોતી કરવાનો પોલીસનો પ્રયાસ જિલ્લાવાસીઓમાં ચર્ચાની એરણે ચડ્યો છે.

**વાવાઝોડાની તીવ્રતા...**

**પાના નં.૧ ચાલુ**

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સાથે ગાંધીનગરમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાંથી સૌરાષ્ટ્ર કચ્છના કલેક્ટરો સાથે વિડિયો કોન્ફરન્સિંગ સમીક્ષા બેઠક યોજી પરિસ્થિતિની માહિતી મેળવી હતી. વિજય રૂપાણીએ સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા કે, વાયુ વાવાઝોડા બુધવારની મધ્ય રાત્રિ અથવા તો ગુરુવારે બપોરના ગાળામાં ત્રાટકી શકે છે. આ ગાળા દરમિયાન ૧૬૦ કિમીની ઝડપે પવન ફુંકાઈ શકે છે. ભારે વરસાદ પણ થઇ શકે છે. વાવાઝોડાની તીવ્રતા વધી રહી છે. તેમણે એમ પણ કહ્યું છે કે, નિચાણવાળા વિસ્તારના નાગરિકોને સજાગ કરીને તેમને સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. વાવાઝોડાની તીવ્રતા સામે એટલી જ તીવ્રતાથી સલામતીના આગોતરા પગલા, શિફ્ટિંગ જેવી કામગીરીથી ઝીરો ટોલરન્સ, ઝીરો કેજ્યુઆલીટીના ધ્યેય સાથે વાવાઝોડાનો સામનો કરવા પુરુષાર્થ કરવાનો છે. જિલ્લા તંત્રવાહકોને માલ, મિલકત નુકસાન, ઢોર ઢાકર અને માનવ હાનિ ન થાય તે માટે સલામતભર્યુ આયોજન કરવાની તાકિત કરી છે. જિલ્લા કલેક્ટરોને એમ પણ કહ્યું છે કે, પશુપાલકો અને ખેડૂતો પોતાના પશુઓને બાંધીને ન રાખે જેથી પશુ જીવન હાનિ પણ નિવારી શકાય. સ્થળાંતરની પ્રક્રિયામાં પ્રજાજન સહકાર આપે તેવી અપીલ પણ કરવામાં આવી છે. રૂપાણીએ જિલ્લા કલેક્ટરો સાથે વાતચીત કરીને સંબંધિત જિલ્લાની સજ્જતા અને સતર્કતાની માહિતી મેળવી હતી. ઉચ્ચ સ્તરીય બેઠકોની વિગતો પ્રચાર માધ્યમો સમક્ષ રજૂ કરતા કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રાલય પણ ગુજરાતના સંપર્કમાં છે. રાજ્યમાં સંભવિત આપદાને પહોંચી વળવા ૪૭ ટીમ એનડીઆરએફનીઆવી ચુકી છે. સૌરાષ્ટ્રના વિમાની મથકો, તીર્થ ધામોની બસ સેવા તથા દરિયા કિનારાના રેલવે સ્ટેશનોની રેલ સેવા બંધ કરી દીધી છે. રાજ્યના બંદરો ઉપર યાતાયાત અને માલવાહનની પ્રક્રિયા સ્થગિત કરી દીધી છે. દરિયા કિનારાના ગામોની હોડી અને બોટ અને માછીમારો દરિયામાં નથી તેની ખાતરી કરવામાં આવી છે.

**વાવાઝોડું ૪૮...**

**પાના નં.૧ ચાલુ**

રાજ્ય સરકાર, તંત્ર અને સુરક્ષા એજન્સીઓ એકદમ હાઈએલર્ટ પર છે અને તમામ તૈયારીઓ કરી રખાઈ છે. દીવ, પોરબંદર, ઉના, સોમનાથ, જાફરાબાદ સહિતના દરિયાકાંઠા વિસ્તારોમાં અગમચેતી અને સુરક્ષાના ભાગરૂપે તંત્ર અને પોલીસ દ્વારા નાગરિકોના પ્રવેશ પર પ્રતિબ-ંધ ફરમાવી દેવાયો હતો. અરબી સમુદ્રમાં વેરાવળથી ૩૪૦ કિમી દૂર વાયુ વાવાઝોડું ગુજરાતના દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યું છે. બપોરે ૧૨ વાગ્યાની સ્થિતિએ આ વાવાઝોડું ગુજરાતમાં સૌ પ્રથમ આવતીકાલે તા.૧૩ જૂને બપોર સુધી પોરબંદરમાં ત્રાટકશે. ૧૬૫થી ૧૭૦ કિમીની ઝડપે દીવ, ઉના, વણાકબારા, કોડિનાર, ગીર-સોમનાથ, તાલાલા, પીપાવાવમાં પ્રવેશ કરશે. સવારે ૮.૦૦ વાગ્યા સુધીમાં વેરાવળ, માંગરોળ અને માળિયામાં ત્રાટકશે. વેરાવળમાં અસર કરતુ વાવાઝોડું રાત્રે ૮.૦૦ વાગ્યે ફરી માંગરોળમાં ત્રાટકશે. ત્યારબાદ તા. ૧૪મીએ સવારે ૩ વાગ્યે નવાબંદર, સવારે ૫.૦૦ વાગ્યે પોરબંદરમાં ત્રાટકશે. તા.૧૪મી સાંજે ૬.૦૦ વાગ્યે વાવાઝોડું દ્વારકા પહોંચશે અને તા.૧૫મીએ વહેલી સવારે ૩.૦૦ વાગ્યે ધીમે-ધીમે બહાર નીકળી જશે અને આખરે આ વાવાઝોડું ૧૬મીએ રવિવાર સાંજ સમુદ્રમાં સમાઇ જશે અને શમી જશે.

**'વાયુ' ના...**

**પાના નં.૧ ચાલુ**

આવી ચુક્યા છે. ૧૦ જિલ્લા જે તોફાનથી સૌથી વધુ પ્રભાવિત થનાર છે તેમાં કચ્છ, મોરબી, જામનગર, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીરસોમનાથનો સમાવેશ થાય છે. આ તમામ જિલ્લાઓમાંથી લોકોને ૧૦૦ ટકા ખસેડવાની કામગીરી ચાલી રહી છે. લોકોને સરકારી ઈમારતોમાં ખેસડવામાં આવ્યા છે. સમગ્ર તંત્ર એલર્ટ ઉપર છે. એનડીઆરએફની ટુકડીઓ પહેલાથી જ પહોંચી ચુકી છે. સેનાએ ગુજરાતના દરિયાકાંઠામાં ૧૦ ટુકડીઓ તૈનાત કરી છે. દરેક ટુકડીમાં ૭૦થી વધુ જવાનો છે. સૌરાષ્ટ્ર વિસ્તારના ૧૦ જિલ્લાઓમાં ૪૦૮ ગામોમાં રહેતા ૬૦ લાખથી વધુ લોકોને અસર થવાની શક્યતા છે. ભારે ચિંતા અને દહેશત વચ્ચે વાયુ વાવાઝોડાની દિશા બદલાઈ હોવાનું રાજ્ય સરકાર દ્વારા આજે સાંજે અધિકારીક રીતે જાહેર કરવામાં આવ્યું છે.

**ડીસામાં આંગડિયા...**

**પાના નં.૧ ચાલુ**

ભોગ બનનાર ઈજાગ્રસ્તોને સારવાર આપવામાં આવી રહી છે. સમગ્ર ઘટના અંગે ભોગ બનનાર બંને શખ્સોએ આ ઘટનાની વધુ વિગતો આપી હતી.

આ ઘટના બન્યા બાદ એક તરફ પોલીસ ફાયરિંગ ન થયું હોવાનું જણાવી રહી છે.જ્યારે ભોગ બનનાર બંને શખ્સોએ તેમના નિવેદનમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ છે કે આ ઘટનામાં ફાયરિંગ થયું છે.ત્યારે ફાયરિંગની ઘટના પર પોલીસ કેમ પરદો પાડી રહી છે.? આ ઉપરાંત આ ઘટનામાં કેટલો મુદ્દામાલ ગયો તે અંગે પણ ભોગ બનનારે કોઈ જાણકારી આપી નથી. ત્યારે આ ઘટનામાં પોલીસ જે રીતે ઘટના પર પરદો પાડવાનો પ્રયાસ કરી રહી છે તે પોલીસની કામગીરી સામે સવાલ ઊભા કરી રહી છે. હોન્ડા ગાડીમાં આવેલા બે લૂંટારુઓ બે બેગ લઈ નાસી છૂટયા હતા.કે.અશ્વિનકુમાર એન્ડ કુ.ના કર્મચારીના થેલામાં ૨૭.૮૦૮ કી. ગ્રા ચાંદી કિંમત રૂ ૮,૮૮૦૦૦ તેમજ ૫૭૫ ગ્રામ સોનાના દાગીના કિંમત રૂ.૧૯,૦,૦૦૦૦ મળી કુલ ૨૭,૮૮,૦૦૦ ના મુદ્દામાલ ચોરી પલાયન થઈ જતા ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

જ્યારે જ્યારે આંગડિયા પેઢીમાં લૂંટનો બનાવ બને છે ત્યારે આંગડિયા કર્મચારી પર રેકી થતી હોય છે ત્યારે ડીસામાં બનેલી આંગડિયા પેઢીની ઘટનામાં છેલ્લા કેટલાક સમયથી આ કર્મચારી પર રેકી કરાઈ હશે અને ત્યાર બાદ આ ઘટનાને અંજામ અપાયો હશે તેમ આંગડિયા પેઢીમાં ચર્ચા ચાલી રહી હતી.

**ઝાલમોર...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

ગ્રામજનો દ્વારા સમગ્ર ગ્રામજનોને ભોજન પ્રસાદ આપવામાં આવેલ સમગ્ર ગ્રામજનો દ્વારા સુંદર સાથ અને સહકાર આપવામાં આવેલ ગ્રામના યુવાનો દ્વારા ખુબ સારી કામગીરી કરવામાં આવેલ આ પ્રસંગે ખુબ હર્ષોઉલ્લાસથી ઉજવવામાં આવેલ આભારવિધિ બી.જે. પટેલે કરેલ.

**ભીલડીમાં...**

**પાના નં.૩ ચાલુ**

પરંતુ બી.એસ.એન.એલ. સરકારી કંપની હોઈ રાષ્ટ્ર પ્રેમી લોકો બી.એસ.એન.એલ.ની જ સેવા લેવાનો આગ્રહ રાખે છે. પરંતુ તેની સેવા ઉત્તરોતર કથળતા તેમનો રાષ્ટ્ર પ્રેમ પણ ડગમગવા લાગે છે. કારણ આજના ફાસ્ટ યુગમાં મોબાઈલ અને ઈન્ટરનેટ સેવા અનિવાર્ય નહીં પણ આવશ્યક થઈ પડી છે. જેના વગર લોકો અટવાઈ પડે છે. અને અગત્યના કામને પણ રઝડી પડે છે. જેને ગંભીરતાથી લઈ બી.એસ.એન.એલ.ના ઉચ્ચ સત્તાધીશો સત્વરે ઘટતા પગલાં ભરી ગ્રાહકોને સંતોષ આપે તેવો જનમત પ્રવર્તે છે.

**ડીસા ખાતે કરૂણા...**

**પાના નં.૩ ચાલુ**

ભાજપ મહિલા અગ્રણી શારદાબેન કાનાબાર, આનંદ સત્સંગ પરિવારના જયંતિભાઈ ઓઢાવાળા, મહિલા અગ્રણીઓ તૃપ્તિબેન પટેલ, રમીલાબેન ચૌધરી, શિલ્પાબેન પટેલ, આશાબેન રાવલ, વિશ્વ હિંદુ પરિષદના અગ્રણી મફતભાઈ મોદી, ભારત વિકાસ પરિષદના કાંતિભાઈ દોશી, નાથાભાઈ ખત્રી, જયેશભાઈ દેસાઈ, પારસભાઈ ત્રીવેદી, કનુભાઈ હાલાણી, જલારામ યુવા સંગઠનના આર.ડી.ઠક્કર, પત્રકાર રમેશભાઈ કોટક, વસંતભાઈ ગોસ્વામી, ઈશ્વરભાઈ રાવળ, સીનીયર સીટીઝન ગ્રુપના સેવંતીભાઈ જોષી, કાંતિભાઈ કાનુડાવાળા, મહેશભાઈ મનવર, મનોજભાઈ રાઠોડ સહિત અનેક અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

**ડીસા ખાતે...**

**પાના નં.૩ ચાલુ**

પહેલા સને ૧૯૯૦માં તેમને પૂર્વે જણાવ્યાનુસાર સ્થૂળ દેહનો ત્યાગ કરી સૂક્ષ્મ શરીરમાં પ્રવેશ કરીને મહાપ્રયાણ કર્યુ હતું.

સમગ્ર વિશ્વ આ ત્રિવેણી સંગમના મહાપર્વને ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવે છે, ત્યારે ડીસા ગાયત્રી શક્તિપીઠ ખાતે તા.૧૨ જૂન ૨૦૧૮ ના રોજ વિશેષ કાર્યક્રમ ઉજવાઇ ગયો. જેમા ડીસાની શ્રદ્ધાળુ જાહેર જનતા, સાધકો, પરિજનોએ ઉત્સાહપૂર્વક લાભ લઇ ધન્યતા અનુભવી હતી. ગાયત્રી શક્તિપીઠ, ડીસા ખાતે પંચકૂંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાયજ્ઞમાં ડીસા શહેરની જાહેર જનતા અને કાર્યકર પરિજન ભાઇ બહેનોએ આહુતિઓ પ્રદાન કરીને ધન્યતા અનુભવી હતી. પૂજ્ય ગુરૂદેવ જે સમયે મહાપ્રયાણ કર્યુ હતું તે જ સમયે એટલે કે સવારે ૮-૦૦ કલાકે યજમાનો, પરિજનોએ દિપક પ્રગટાવીને પૂજ્ય ગુરૂદેવને શ્રદ્ધાંજલી આપી હતી ઉપરાંત પૂજ્ય ગુરૂદેવના સ્વરમાં ગાયત્રી મહામંત્રનું સૌએ ધ્યાન કરી દિવ્ય ઉર્જા પ્રવાહનો લાભ લીધો હતો. આ ઉપરાંત વિવિધ સંસ્કારો પણ કરાવવામાં આવ્યા હતાં. બપોરે જનસંપર્ક અભિયાન ગોઠવવામાં આવ્યું હતું. સાંજે ૪-૩૦ થી ૫-૩૦ દરમ્યાન ડીસાના વિવિધ સોસાયટી અને મહોલ્લાઓમાં ''ગંગા-ગાયત્રી- ગુરૂ'' પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જે તે ક્ષેત્રના પરિજન ભાઇ બહેનો દ્વારા આ કાર્યક્રમ પોતાના ક્ષેત્રમાં કરાવ્યો હતો.

અહી ઉલ્લેખનીય છે કે , શાંતિકુંજ હરિદ્વારના તત્વાધાનમાં ''ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞ ઉપાસના'' અંતર્ગત આ વર્ષે ૨ જૂનના રોજ રાષ્ટ્રને સમર્થ અને સશક્ત બનાવવા માટે આખા વિશ્વમાં ૨.૪૦લાખ કરતાં પણ વધુ યજ્ઞ થયા હતા અને સને ૨૦૨૬ સુધી ૧ કરોડ ઘરોમાં એક એક કૂંડી યજ્ઞ દ્વારા યજ્ઞને ઘરે ઘરે પહોંચાડવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે, જેથી યજ્ઞીય પ્રેરણા, ભાવના સૌમાં ઉજાગર થાય તેમજ યજ્ઞની દૈવી ઊર્જાથી વાતાવરણ અને પર્યાવરણનું પરિશોધન થાય. આ કાર્યક્રમ અંતર્ગત હાલમાં દર રવિવારે અથવા અનુકુળતા મુજબ પરિજન ભાઈ બહેનો વિવિધ વિસ્તારોમાં યજ્ઞના કાર્યક્રમ સતત ચાલું છે અને આગળ પણ ચાલું રાખવામાં આવશે.

**થરાદ મુકામે...**

**પાના નં.૩ ચાલુ**

તે ક્યારેય ભુલી શકાય તેમ નથી. સાથે સાથે તેઓ તો માત્ર પ્રતિનીધી હોઇ આ પોતાની નહી પણ દેશના પનોતા પુત્ર નરેન્દ્રભાઇ મોદીની જીત જણાવી વડાપ્રધાને દેશમાં અને સરહદી થરાદવાવ પંથક માટે નર્મદા સહિતનાં કરેલાં વિકાસ અને પ્રજા તથા ખેડુતોના હિતનાં કામો અંગેની આછેરી ઝલક પણ આપી હતી. તે પુર્વે કેશાજી ચૌહાણ, શશીકાંત પંડ્યા અને શંકરભાઇ ચૌધરીએ પરબતભાઇ પટેલને રાજ્યના મંત્રી પદે રહીને રાજ્યના લોકોની જે સેવાઓને બિરદાવી હવે સાંસદ સભ્ય બનીને દેશવાસીઓની લાંબો સમય સેવા કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ કાર્યક્રમમાં ડીસાના ધારાસભ્ય શશીકાંત પડ્યા, જીલ્લા ભાજપના પ્રમુખ કેશાજી ચૌહાણ,પુર્વ મંત્રી શંકરભાઇ ચૌધરી થરાદ સંઘના ચેરમેન જીવરાજભાઇ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ રૂપસીભાઇ પટેલ, તા.પં.ના ઉપપ્રમુખ દાંનાજી માળી, પુર્વપ્રમુખ ઉમેદસિંહ ચૌહાણ, સરપંચ એસો.ના પ્રમુખ કાળાભાઇ પટેલ,બનાસબેંકના ડીરેક્ટર શૈલેષભાઇ પટેલ, મહેશભાઇ પટેલ, માર્કેટના સેક્રેટરી ભેમજીભાઇ ચૌધરી, માર્કેટના ડીરેક્ટર ધરમસીભાઇ પટેલ, પાલિકા પ્રમુખ લવજીભાઇ વાણિયા, શહેર ભાજપપ્રમુખ વસંતભાઇ ત્રિવેદી, તાલુકા પ્રમુખ પ્રવિણભાઇ માળી,તાલુકા ભાજપના મહામંત્રી બાદરસિંહ ચૌહાણ,વાવ રાણાગજેન્દ્રસિંહજી, વાવ તા.પંના પ્રમુખ કાનજીભાઇ રાજપુત સહિત જિલ્લા ભાજપ વર્તમાન અને પુર્વહોદ્દેદારો, સહકારી માળખાના અગ્રણીઓ, બનાસબેંક અને ડેરીના જીલ્લાથી સ્થાનિક સ્તરના કર્મચારીઓ, જિલ્લાપંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના સદસ્યો સરપંચો સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લાના અગ્રણીઓ અને સ્થાનિક પ્રજાજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**અમીરગઢના સુરેલા...**

**પાના નં.૮ ચાલુ**

હોઈ તેમના અભ્યાસ પર વિપરીત અસર થાય છે. બીજી બાજુ, આ ગામના માળી આદિવાસી પરિવારો પણ ચોમાસાના ચાર મહિના સુધી ઘરમાં પુરાઈ રહેવા મજબૂર બની જાય છે. આદિવાસી વસતી ધરાવતા અંતરિયાળ સુરેલા ગામના માળીવાસમાં આજે અમારી ટીમે આકરી ગરમીમાં પગપાળા બે કિલોમીટરનું અંતર કાપી આ પરિવારોની મુલાકાત લીધી હતી. જે વખતે આ ગામમાં છુટા છવાયા આદિવાસી પરિવારોના કાચા છાપરા અને મકાનો જોવા મળ્યા હતા પરંતુ આ ગામમાં ક્યાંય વિકાસ નજરે પડ્યો નહોતો.સરકારી તંત્ર સંવેદનશીલ બની આવા વંચિત વિસ્તારોની વિકાસભૂખ સંતોષવા પરિણામલક્ષી પ્રયાસો કરે તે ઈચ્છનીય છે.

**પાલનપુર જી.ડી.મોદી...**

**પાના નં.૮ ચાલુ**

તરીકે ફરજ બજાવતા તુષારભાઈ જોષી કોલેજથી ઘેર ગયા હતા. જ્યાં એકાએક હ્રદયરોગનો હુમલો થતા તેઓને ૧૦૮ મારફતે સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા.પરંતુ સારવાર દરમીયાન તુષારભાઈનું મોત થયુ હોવાનું ૧૦૮ના સુત્રોએ જણાવ્યુ હતુ.

**થરાદના ભોરોલ...**

**પાના નં.૮ ચાલુ**

જોકે રમેશભાઈને બંને પગની સાથળો ઉપર ધોકા મારેલ હોઇ તે ચાલી નહી શકવાના કારણે તેને અન્યોની મદદથી ઉપાડીને ખેતરમાં લાવ્યો હતો.અને ત્યાંથી સારવાર ૧૦૮ને બોલાવી હતી. આ વખતે ફરી વખત લુંભાભાઈ રાવતાભાઈ તથા દાનાભાઈ ઉમાભાઈ તથા પદમાભાઈ રાવતાભાઈ પટેલ ગાડીની આગળ ફરીથી મારવા માટે આવ્યા હતા. પરંતુ સમય સુચકતા વાપરી તેઓ ૧૦૮માં ઈજાગ્રસ્તને થરાદ સરકારી હોસ્પિટલમાં લઇ આવ્યા હતા. થરાદ પોલીસે હીરાભાઈની ફરિયાદના આધારે તેમના સાત પિતરાઇ શખ્સો સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવથી ચકચાર મચી જવા પામી હતી.

**ગણતા ગામની...**

**પાના નં.૮ ચાલુ**

ભૂવા કે તાંત્રીક પાસે ડામ અપાવવા અને બાળકને શારીરિક ઈજાઓ પહોંચાડવી એ જુવેનાઇલ જસ્ટીસ એક્ટ હેઠળ ગુનો બને છે. અંધ્ધશ્રધ્ધામાંથી બહાર આવી બિમારીના સંજોગોમાં બાળકને કોઇ ભૂવા કે તાંત્રીક પાસે ન લઇ જતાં તાત્કાલીક મેડીકલ સારવાર અપાવીએ.

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ભૂવા કે તાંત્રીકનું કામ કરનાર ઇસમોને પણ તાકીદ કરવામાં આવે છે કે જો કોઇ ભૂવા કે તાંત્રિક દ્વારા બાળકોને કોઇ ડામ કે શારીરિક ઈજા કરવામાં આવશે તો તેમની વિરૂધ્ધ કડક કાયદાકીય પગલાં લેવામાં આવશે.

**"વાયુ" વાવાઝોડાને ...**

**પાના નં.૮ ચાલુ**

માટે આરોગ્ય, ૧૦૮, ફાયર, બીએસએફ સહિત વિવિધ વિભાગોની ટીમો તૈયાર રખાઈ છે. અને દરેક વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓને હેડ ક્વાર્ટર પર સ્ટેન્ડબાય હાજર રહેવા માટેની સુચનાઓ આપી દેવાઈ છે. આમ, બનાસકાંઠા માં પણ વાયુ વાવાઝોડા સામે વહીવટી તંત્ર સતર્ક બની ને વાવાઝોડા ને પહોંચી વળવા માટે સાવચેતી તેમજ સલામતી માટે ના પગલાં ભરવા માં આવ્યા છે.

**ડીસા સહિત...**

**પાના નં.૮ ચાલુ**

વાતાવરણમાં પણ પલટો જોવા મળી રહ્યો છે. તાપમાનમાં અડધો ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો છે તેમ છતાં વાદળછાયા વાતાવરણના પગલે ભારે બફારો અને ઉકળાટથી લોકો પરેશાન થઇ ઉઠયા હતા હવામાન વિભાગ દ્વારા પણ બનાસકાંઠા જિલ્લામાં આગામી બે દિવસ સુધી વાવાઝોડાની અસર જોવા મળી રહેશે.




# સિક્સર કિંગ યુવરાજસિંહની ક્રિકેટને 'અલવિદા'



**યુવીની ૧૯ વર્ષ લાંબી કારકિર્દીનો અંત,૨૦૧૧ના વર્લ્ડકપમાં મેન ઓફ ધ સિરીઝ બનેલ**

ટીમ ઈન્ડિયાના ઓલરાઉન્ડર ખેલાડી યુવરાજસિંહે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધું છે. યુવરાજસિંહની ગણતરી ટીમ ઈન્ડિયાના દિગ્ગજ ખેલાડીઓમાં થાય છે. જ્યારે જ્યારે ટીમ ઈન્ડિયાએ મોટી મેચ જીતી છે, ત્યારે તેમાં યુવરાજની મહત્વની ભૂમિકા રહી છે. નેટવેસ્ટ ટ્રોફીની ફાઈલન હોય, ૨૦૦૭નો ટી-૨૦ વર્લ્ડ કપ હોય કે પછી ૨૦૧૧નો વન ડે વર્લ્ડ કપ હોય, યુવરાજની તેમાં ભાગીદારી રહી છે.

૨૦૦૭માં ટી-૨૦ને વધારે લોકપ્રિય બનાવવા માટે દક્ષિણ આફ્રિકામાં ૧૧થી ૨૪મી સપ્ટેમ્બર દરમિયાન ટી-૨૦ વર્લ્ડ કપનું આયોજન કરાયું હતું. આ વર્લ્ડ કપમાં યુવરાજસિંહે એવું પરાક્રમ કરીને બતાવ્યું હતું જે વિશે કોઈએ વિચાર્યું પણ ન હતું. ટીમ ઈન્ડિયાના ધુરંધર બેટ્સમેન કે જે છગ્ગા સાથે મેચ પૂરી કરતો નજરે પડે છે તે મહેન્દ્રસિંહ ધોની તે વખતે સામા છેડે ઉભો રહીને યુવરાજને ઈતિહાસ રચતો જઈ રહ્યો હતો.

...અને યુવરાજે રચ્યો ઈતિહાસ

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટી-૨૦ વર્લ્ડ કપની એ મેચ ૧૯મી સપ્ટેમ્બરના રોજ ડરબનમાં રમાઇ હતી. ભારતે પ્રથમ બેટિંગ કરતા ચાર વિકેટ ગુમાવીને ૨૧૮ રનનો સ્કોર બનાવી દીધો હતો. પરંતુ મેચનું સૌથી રસપ્રદ પાસું ૧૯મી ઓવરમાં જોવા મળ્યું હતું. એ વખતે ઈંગ્લેન્ડનો બોલર સ્ટુઅર્ટ બ્રોડ યુવરાજ સામે હતો.

૧. બ્રોડે પ્રથમ બોલ ઓવરપિચ ફેક્યો, જેના પર યુવરાજેસિંહે લોંગ ઓન ઉપર મોટો છગ્ગો ફટકાર્યો હતો.

૨. બ્રોડે બીજો બોલ મિડલ અને લેગ સ્ટમ્પ પર ફેંક્યો હતો. યુવરાજે આ બોલને બેકવર્ડ સ્કાયર લેગના વિસ્તારમાં છ રન માટે મોકલી દીધો.

૩. બ્રોડનો ત્રીજો બોલ ઓવરપિચ હતો, જેના પર યુવરાજે પાછળનો પગ થોડો પાછળ કરીને એકસ્ટ્રા કવર ઉપર સિક્સ ફટકારી હતી.

૪. આ બોલ પર છગ્ગો ફટકારવા માટે યુવરાજે વધારે કંઈ કરવું પડ્યું ન હતું. બ્રોડે ફૂલટોસ બોલ ફેંક્યો હતો, જેના પર યુવરાજે પોઈન્ટ ક્ષેત્રમાં છગ્ગો ફટકાર્યો હતો.

૫. બ્રોડે આ બોલ પણ બેટથી નીચે ફેંક્યો હતો, આ બોલ પર યુવરાજે ઘૂંટણીએ થઈને મિડવિકેટ ઉપર છ રન ફટકાર્યા હતા.

૬. બ્રોડના આ બોલ પર યુવરાજે મિડઓન ઉપર છગ્ગો લગાવ્યો હતો. આ બાદમાં ભારતના તમામ પ્રશંસકો ખુશીથી ઝૂમી ઉઠ્યા હતા.

આ માટે યુવરાજના બેટમાંથી નીકળી 'આગ'

હકીકતમાં મેચમાં યુવરાજના રૌદ્ર રૂપ પાછળ એક બનાવ હતો જે મેચ દરમિયાન બન્યો હતો. યુવરાજસિંહે એક ઈન્ટરવ્યૂમાં આનો ખુલાસો કર્યો હતો. યુવરાજે જણાવ્યું, 'મેં ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર એન્ડ્રુ ક્લિન્ટોફના બોલ પર બે બાઉન્ડ્રી ફટકારી હતી. ફ્લિન્ટોફે મને જણાવ્યું કે મારા શોટ બેકાર હતા. મેં તેને તેની જ ભાષામાં જવાબ આપ્યો હતો. પછી તેણે મને કહ્યું કે તે મારું ગળું કાપી નાખશે. મેં તેને જવાબ આપ્યો કે તું મારા હાથમાં આ બેટને જો."

બ્રોડ પર નીકળ્યો ફ્લિન્ટોફનો ગુસ્સો

મેચ દરમિયાન યુવરાજસિંહ અને ફ્લિન્ટોફ વચ્ચે બોલાચાલી થઈ હતી, ત્યારે અમ્પાયરે દરમિયાનગીરી કરવી પડી હતી. યુવરાજ આ ઘટના બાદ ખૂબ જ ગુસ્સામાં હતો. તેનો ગુસ્સો પછી આગળની ઓવર ફેંકવા આવેલા બ્રોડ પર નીકળ્યો હતો. તેના પછી જે થયું તે ઈતિહાસ બની ગયો હતો.

ભારતના ૨૦૦૭ ટી૨૦ વર્લ્ડ કપ અને ૨૦૧૧ ક્રિકેટ વિશ્વકપમાં જીતનો હીરો રહેલા યુવરાજ સિંહે સોમવારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતીની જાહેરાત કરી. યુવરાજ સિંહે મુંબઈની સાઉથ હોલટમાં પત્રકાર પરિષદ કરી. જ્યાં તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતીની જાહેરાત કરી. જાણકારી પ્રમાણે યુવરાજ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતી બાદ આઈસીસી માન્યતા પ્રાપ્ત વિદેશી ટી૨૦ લીગમાં રમવા ઈચ્છે છે. યુવી વિદેશી ટી૨૦ લીગમાં ફ્રીલાન્સ ક્રિકેટર તરીકે રમવા ઈચ્છે છે.

યુવરાજ સિંહ ૨૦૧૯ ક્રિકેટ વિશ્વકપમાં રમવા ઈચ્છે છે. પરંતુ ખરાબ ફોર્મ અને ફિટનેસને કારણે તેનું આ સપનું અધુરૂ રહી ગયું હતું. બીસીસીઆઈના એક અધિકારીએ જણાવ્યું હતું કે યુવરાજ આંતરરાષ્ટ્રીય અને ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાંથી નિવૃતી લેવા વિશે વિચારી રહ્યો છે.

યુવરાજ સિંહે કહ્યું કે, મેં ક્યારેય પડકારની સામે હાર નથી માની ભલે તે ક્રિકેટ હોય કે કેન્સર જેવી બિમારી. યુવરાજે કહ્યું કે, તે ઘણા સમયથી નિવૃતી વિશે વિચારી રહ્યો હતો અને હવે તેનો પ્લાન આઈસીસી દ્વારા માન્યતા પ્રાપ્ત ટી૨૦ ટૂર્નામિન્ટમાં રમવાનો છે. યુવરાજ સિંહ પોતાના માતાથી ઘણો નજીક છે. સંન્યાસની જાહેરાત કરવા સમયે પણ યુવરાજે કહ્યું કે, મારી માતા હંમેશા મારી તાકાત રહી છે.

પોતાના ક્રિકેટ કરિયરને યાદ કરતા યુવરાજે કહ્યું કે, 'પોતાના ૨૫ વર્ષના કરિયર અને ખાસ કરીને ૧૭ વર્ષના આંતરરાષ્ટ્રીય કરિયરમાં ઘણા ચઢાવ-ઉતાર જોયા. હવે મેં આગળ વધવાનો નિર્ણય કરી લીધો છે. આ રમતને મને શીખવાડ્યું કે, તેમ લડવું છે, પડવું છે, ફરી ઉઠવું છે અને આગળ વધવું છે.'

યુવરાજે ૨૦૧૧ના વર્લ્ડ કપમાં ૯ મેચમાં ૯૦.૫૦ની સરેરાશથી ૩૬૨ રન અને ૧૫ વિકેટ ઝડપી હતી. તે વર્લ્ડ કપમાં પ્લેયર ઓફ ધ સીરીઝ બન્યો હતો. ૩૭ વર્ષીય યુવરાજ સિંહે ભારત માટે પોતાની અંતિમ વનડે મેચ ૩૦ જૂન ૨૦૧૭ના વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ રમી હતી. યુવીએ પોતાની અંતિમ ટી૨૦ મેચ ૧ ફેબ્રુઆરી ૨૦૧૭ના ઈંગ્લેન્ડ વિરુદ્ધ રમી હતી. જ્યારે અંતિમ ટેસ્ટ મેચ ૨૦૧૨માં ઈંગ્લેન્ડ વિરુદ્ધ રમી હતી. યુવરાજ સિંહ ૨૦૧૯ ક્રિકેટ વર્લ્ડ કપ રમવા માગતો હતો. પરંતુ ખરાબ ફોર્મ અને ફિટનેસના કારણે તેમનું આ સપનું અધૂરું રહી ગયું છે.

યુવરાજ સિંહ આઈપીએલમાં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમ્યો હતો, પરંતુ તેને વધુ તક ન મળી. યુવીએ આ વર્ષે આઈપીએલમાં મુંબઈ તરફથી ૪ મેચોમાં કુલ ૯૮ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેનો બેસ્ટ સ્કોર ૫૩ રન રહ્યો હતો.

૧૨ ડિસેમ્બર ૧૯૮૧ના જન્મેલો યુવરાજ સિંહ છેલ્લા બે વર્ષથી ટીમ ઈન્ડિયા માટે કોઈપણ ફોર્મેટમાં ક્રિકેટ રમી રહ્યો નહતો. ખરાબ ફોર્મ અને ફિટનેસને કારણે તે ટીમમાંથી બહાર હતો.

## સ્પોર્ટ્સ ક્વીઝ

ડો.પી.ડી.શર્મા

**સવાલ:**

૧. ૨૦૧૯ ક્રિકેટ વર્લ્ડકપ જીતનાર ટીમને કેટલી રકમ ઈનામ પેટે મળશે ?

૨. ૨૦૧૯ ક્રિકેટ વર્લ્ડકપમાં રનર્સ અપ ટીમને ઈનામ પેટે કેટલી રકમ મળશે ?

૩. ૧૯૭૫ માં આયોજીત પ્રથમ ક્રિકેટ વર્લ્ડકપમાં વિજેતા ટીમને કેટલી રકમ પેટે આપવામાં આવી હતી ?

૪. ૨૦૧૯ ક્રિકેટ વર્લ્ડકપમાં કુલ મળીને કેટલી રકમ ઈનામ પેટે વહેંચશે ?

૫. ઈંગ્લેન્ડમાં હાઈસ્કોરીંગ મેચો જોવા મળશે અને બોલરોનો દેખાવ નિર્ણાયક સાબિત થશે' હાલમાં જ આ વિધાન કોણે કર્યું હતું ?

૬.હાલમાં જ કયા ટેનીસ ખેલાડીએ નવમી વખત ઈટાલીયન ઓપન ચેમ્પિયનશીપ જીતી હતી ? કયા ખેલાડીને હરાવીને ?

૭. હાલમાં જ કઈ મહિલા ટેનીસ ખેલાડીએ ઈટાલીયન ઓપન ચેમ્પિયશીપ જીતી હતી ? કઈ મહિલા ખેલાડીને હરાવીને ?

૮. ૨૦૨૦ ઓલિમ્પિક રમતોત્સવ કયાં યોજાશે ?

૯. જસપ્રિત બુમરાહ વર્લ્ડકપમાં ભારત માટે ટ્રમ્પકાર્ડ હાલમાં જ આ વિધાન કોણે કર્યું હતું ?

૧૦. 'વર્લ્ડકપ જીતવા ટીમના દરેક ખેલાડીએ કોહલીનો સાથ આપવો પડશે' હાલમાં જ આ વિધાન કોણે કર્યું હતું ?

૧૧. ૨૦૦૭ ક્રિકેટ વર્લ્ડકપમાં કયા ખેલાડીએ ૬ બોલમાં ૬ છગ્ગા ફટકારી સનસનાટી મચાવી હતી ?

૧૨. હાલમાં આઈસીસીના એન્ટીકરપ્શન યુનિટના વડા કોણ છે ?

૧૩. આ વર્ષે ફ્રેન્ચ ઓપનની કેટલામી ચેમ્પિયન શીપ આયોજીત થઈ હતી ?

**જવાબ :**

૧. ૨૦૧૯ ક્રિકેટ વર્લ્ડકપ જીતનાર ટીમને રૂપિયા ૨૮ કરોડની રકમ ઈનામ પેટે મળશે.

૨. ૨૦૧૯ ક્રિકેટ વર્લ્ડકપમાં રનર્સ અપ ટીમને ઈનામ પેટે રૂપિયા ૧૪ કરોડ રૂપિયાની રકમ મળશે.

૩. ૧૯૭૫ માં આયોજીત પ્રથમ ક્રિકેટ વર્લ્ડકપમાં વિજેતા ટીમને ૩.૬ લાખ રૂપિયાની રકમ પેટે આપવામાં આવી હતી.

૪. ૨૦૧૯ ક્રિકેટ વર્લ્ડકપમાં કુલ મળીને ૭૦.૩૦ કરોડ રૂપિયાની રકમ ઈનામ પેટે વહેંચશે.

૫. ઈંગ્લેન્ડમાં હાઈસ્કોરીંગ મેચો જોવા મળશે અને બોલરોનો દેખાવ નિર્ણાયક સાબિત થશે' હાલમાં જ આ વિધાન ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન રાહુલ દ્રવિડે કર્યું હતું.

૬.હાલમાં જ સ્પેનના રાફેલ નડાલે સર્બિયાના નોવાક યોકોવિચ નામના ટેનીસ ખેલાડીને હરાવીને નવમી વખત ઈટાલીયન ઓપન ચેમ્પિયનશીપ જીતી હતી .

૭. હાલમાં જ ચેક રીપબ્લિકની કારોલીના પ્લેસકોવાએ બ્રીટનની જોહાન્ના કોન્ટાને ૬-૩, ૬-૪ થી હરાવીને મહિલા ટેનીસ ખેલાડીએ ઈટાલીયન ઓપન ચેમ્પિયશીપ જીતી હતી.

૮. ૨૦૨૦ ઓલિમ્પિક રમતોત્સવ ૨૪ જુલાઈથી ૯ ઓગષ્ટ ૨૦૨૦ દરમ્યાન જાપાનમાં ટોકયો મુકામે યોજાશે.

૯. જસપ્રિત બુમરાહ વર્લ્ડકપમાં ભારત માટે ટ્રમ્પકાર્ડ હાલમાં જ આ વિધાન ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર જેમ થોમસને કર્યું હતું.

૧૦. 'વર્લ્ડકપ જીતવા ટીમના દરેક ખેલાડીએ કોહલીનો સાથ આપવો પડશે' હાલમાં જ આ વિધાન ભારતના લેજન્ડરી સુપરસ્ટાર સચીન તેંડુલકરે કર્યું હતું.

૧૧. ૨૦૦૭ ક્રિકેટ વર્લ્ડકપમાં સાઉથ આફ્રિકાના હર્ષલ ગીબ્સ નામના ખેલાડીએ ૬ બોલમાં ૬ છગ્ગા ફટકારી સનસનાટી મચાવી હતી.

૧૨. હાલમાં આઈસીસીના એન્ટીકરપ્શન યુનિટના વડા શ્રી એલેકસ માર્શલ છે.

૧૩. આ વર્ષે ફ્રેન્ચ ઓપનની ૧૨૩ મી ચેમ્પિયન શીપ આયોજીત થઈ હતી.

-ડૉ.પી.ડી.શર્મા
(અમદાવાદ)

# ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન બનતા નંબર-૨ પર પહોંચી બાર્ટી, ઓસાકાની ખુરશી ખતરામાં

વર્ષના બીજા ગ્રાન્ડસ્લેમ ફ્રેન્ચ ઓપનનું ટાઇટલ જીતનારી ઓસ્ટ્રેલિયાની એશ્લે બાર્ટીએ ડબ્લ્યૂટીએ રેકિંગમાં છ સ્થાનની છલાંબ સાથે બીજું સ્થાન હાસિલ કરી લીધું છે. વુમન્સ ટેનિસ એસોસિએશને સોમવારે તાજા રેક્રિંગ જારી કર્યું છે. એશ્લે બાર્ટી હવે નંબર-૧ પર રહેલી જાપાનની નાઓમી ઓસાકાથી માત્ર ૧૩૬ પોઈન્ટ પાછળ છે.

એશ્લે બાર્ટીએ ગત શનિવારે ફ્રેન્ચ ઓપનનું ટાઇટલ જીત્યું હતું. આ તેનું પ્રથમ ગ્રાન્ડસ્લેમ ટાઇટલ હતું. તેણે ફ્રેન્ચ ઓપનની ફાઇનલમાં ચેક ગણરાજ્યની માર્કેતા વોનડ્રોઉસોવાને સીધા સેટોમાં ૬-૧, ૬-૩થી પરાજય આપીને ટ્રોફી પર કબજો કર્યો અને ત્યારે તેનું બીજા સ્થાને આવવું નક્કી થઈ ગયું હતું.

પુરૂષોના એટીપી રેક્રિંગમાં સર્બિયાનો નોવાક જોકોવિચ ફ્રેન્ચ ઓપનમાં સેમીફાઇનલ હાર્યા છતાં પ્રથમ નંબર યથાવત છે. બીજી તરફ સ્પેનનો રાફેલ નડાલ ટૂર્નામેન્ટ જીતીને બીજા સ્થાને છે. નડાલે રવિવારે ડોમિનિક થિએમને હરાવીને આ ટાઇટલ જીત્યું હતું. નડાલે રવિવારે ડોમિનિક થિએમને હરાવીને આ ટાઇટલ કબજે કર્યું હતું. નડાલે ૧૨મી વખત ફ્રેન્ચ ઓપન જીત્યું છે. તે એક ગ્રાન્ડસ્લેમ ટાઇટલ ૧૨ વખત જીતનારો પ્રથમ ખેલાડી છે.

## આઈ.ટી.આઈ વાગડોદ ખાતે નવા ભરતીસત્ર માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ

પાટણ

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના યુવક યુવતીઓને વ્યવસાયલક્ષી તાલીમ મળી રહે તે માટે ગુજરાત સરકારશ્રી દ્વારા વાગડોદ ખાતે સરકારી આઈ.ટી.આઈ ની સ્થાપના કરવામાં આવી છે. આઈ.ટી.આઈ વાગડોદ ખાતે ભરતીસત્ર ઓગષ્ટ – ૨૦૧૯ માં પ્રવેશ મેળવવા માગતા ઉમેદવારો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારોએ ૨૧ જૂન સુધીમાં ઑનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. ઑનલાઈન ભરેલ પ્રવેશ ફોર્મ ૨૪ જૂન સુધીમાં આઈ.ટી.આઈ વાગડોદ ખાતે રજીસ્ટ્રેશન કરાવી જમા કરાવવાનું રહેશે. આ અંગે વધુ માહિતી મેળવવા સંસ્થાનો રૂબરૂ સંપર્ક કરવા આચાર્ય, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, વાગડોદની અખબારી યાદીમાં જણાવાયું છે.

## પાટણ જિલ્લાના ગામોમાં લોક ભાગીદારીથી સ્વચ્છતા અને શ્રમદાન ઝુંબેશ

પાટણ

પાટણ જિલ્લામાં ચાલી રહેલા સ્વચ્છતા અને શ્રમદાન ઝુંબેશમાં ચાણસ્મા તાલુકાના ભાટસર અને ખોખલા ગામે જિલ્લા વિકાસ અધિકારી અને નિયામક દ્વારા ગ્રામસભા યોજી લોકભાગીદારી દ્વારા ગામમાં સફાઈ અને સ્વચ્છતા વિશે જાગૃતિ લાવવાનું કામ હાથ કરવામાં આવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી દ્વારાચાણસ્મા તાલુકાના ભાટસર અને સમી તાલુકાના ગુર્જરવાડા, તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી દ્વારા ખોખલા અને ગુર્જરવાડા ગામે લોકભાગીદારીથી સફાઈ અભિયાન હાથ ધર્યુ હતું. જેમાં બંને અધિકારીશ્રીઓએ જાતે જ ગામની સફાઈમાં સહભાગી બની ગામમાંથી ઉકરડા તથા ઘન અને પ્રવાહી કચરાનો યોગ્ય નિકાલ કરી ગામને સ્વચ્છ કરવા અનુરોધ કર્યો હતો.

શંખેશ્વર તાલુકાના મોટીચંદુર તથા રાધનપુરના કમાલપર ગામે સ્વચ્છતાગ્રહીઓ દ્વારા ઉકરડા દુર કરવામાં આવ્યા હતા અને ભવિષ્યમાં પણ કોઈ દબાણ કે ઉકરડા કરશે તો દંડની જોગવાઈ કરવાનો ગ્રામસભામાં ઠરાવ કરવામાં આવ્યો.શંખેશ્વર તાલુકાના રૂની, મુજપુર, સિપુર, પાડલા, લોટેશ્વર, કુંવર, સુબાપુરા, કુવારદ અને બોલેરા ગામે સ્વચ્છતા અભિયાન, સિદ્ધપુર તાલુકાના અંકલાવી ગામે પશુ સારવાર કેમ્પ, તથા પાટણ તાલુકાના મોરપા ગામેસફાઈ ઝુંબેશ સાથે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ ઉપરાંત સિધ્ધપુર તાલુકાના ચાટાવાડા, બીલીયા તેમજ રાધનપુર તાલુકાના વડનગર ગામે લોકભાગીદારીથી શ્રમદાન દ્વારા ગામની સફાઈ કરવામાં આવી હતી. પાટણ તાલુકાના કુણઘેર ગામે સ્વચ્છતા અભિયાનની સાથે સાથે પશુ સારવાર કેમ્પ પણ યોજવામાં આવ્યો હતો. જેમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા જિલ્લા પશુપાલન અધિકારીશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

## વાવાઝોડા અને વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઈ અગમચેતી રાખવા ખેડૂતોને અપીલ

પાટણ

હવામાન વિભાગના અહેવાલ મુજબ હાલ વાયુ વાવાઝોડાના કારણે સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયા કિનારે ભારે પવન સાથે વરસાદની આગાહી છે ત્યારે જિલ્લાના ખેડૂતોને હાલ ઉભા પાકને તથા કાપણી કરેલ પાકને નુકશાન ન થાય તે માટે સાવચેતી અને સલામતીના પગલા લેવા જિલ્લા તંત્ર દ્વારા આવશ્યક માર્ગદર્શક સુચનાઓ આપવામાં આવી છે.

ભારે વાવાઝોડા તથા વરસાદ થવાની ચેતવણીને ધ્યાને લઈ ખેડૂતોએ હાલ ઉનાળુ બાજરી પાકની કાપણી કરેલ હોય તો વરસાદથી પાક ભીજાય નહી તે માટે કાપણી કરેલ તૈયાર પાક ગોડાઉન અથવા સુરક્ષિત જગ્યાએ રાખવા, ફળો તથા શાકભાજી ઉતારીને વરસાદ પહેલા બજારમાંપહોંચાડવા જણાવાયું છે. જે બાગાયતી પાકો સમયસર બજારમાં પહોંચાડવા શક્ય ન હોય તેને વાવાઝોડા સામે રક્ષણ માટે ટેકા મુકવા તથા મોટા અને જોખમી જણાતા ઝાડનું કટીગ કરવું. જુવાર, ઘાસચારો, શાકભાજી વગેરેના ઉભા પાકમાં પિયત ટાળવું, ખેતરમાં રહેલ ઘાસચારાના ઢગલા વ્યવસ્થિત રીતે ઢાંકી રાખવા તથા એ.પી.એમ.સી માં લઈ જતી વખતે તથા ત્યાં પહોંચાડ્યા બાદ પણ અનાજ કે ખેતપેદાશ સુરક્ષિત રાખવા તેના પર તાડપત્રી ઢાંકીને રાખવા જણાવાયું છે.રાસાયણીક ખાતર કે નવુ ખરીદેલું બિયારણ પલળે નહી તે મુજબ સુરક્ષિત ગોડાઉનમાં રાખવું, ખેતરમાં ઉભા પાકમાં પાણી નિતારની આગોતરી વ્યવસ્થા કરી જરૂરી છે. ખાસ કરીને નવા વાવેતર કરેલા બીટી કપાસના ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ ન રહે તે માટે અગાઉથી કાળજી લેવા તથા હાલ કોઈપણ પાકમાં જંતુનાશક દવાઓનો છંટકાવ નહી કરવા ભલામણ કરવામાં આવી છે. હવામાનની આગામી પરિસ્થિતિને ધ્યાને લઈ જરૂરીયાત મુજબની ચીજ વસ્તુઓ હાથવગી રાખવી. પશુઓના શૅડ ઉપરના પતરા વગેરે ઉડી ન જાય તે મુજબ ફિટિંગ કરવું તથા તેની પર વજન મુકવું તથા આવા શૅડ પર જોખમી ચીજ વસ્તુઓ હોય તો ઉતારી લેવા પણ જણાવાયું છે.વાવાઝોડા અને વરસાદના કારણે ઉભા પાક તથા સંગ્રહ કરેલા પાક, બિયારણ, રાસાયણીક દવાઓ સહિતની વસ્તુઓને અગમચેતીના પગલારૂપે સુચના મુજબ કાળજી લેવામાં આવે તો સંભવીત આર્થિક નુકશાનથી બચી શકાય. આ માટે જિલ્લાના ખેડૂતોને માર્ગદર્શન મુજબ આગોતરૂ આયોજન કરી કાળજી લેવા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **શિહોરી** | જીરૂ | ૨૪૬૦-૩૦૭૦ |
| રાયડો | ૭૦૫-૭૧૧ | વરી. | ૧૦૫૦-૧૬૮૦ |
| એરંડા | ૧૦૫૮-૧૦૬૫ | મેથી | ૬૫૧-૯૧૭ |
| રજકો | ૨૨૦૦-૨૬૫૦ | સુવા | ૯૦૦-૧૨૮૦ |
| ઘઉં | ૩૪૭-૩૯૭ | રાયડો | ૬૫૫-૭૪૦ |
| બાજરી | ૩૬૦-૩૭૫ | એરંડા | ૧૦૪૦-૧૦૬૬ |
| જુવાર | ૬૫૦-૭૮૫ | અજમો | ૧૩૦૦-૨૦૪૧ |
| | **થરા** | ઘઉં | ૩૫૮-૪૩૫ |
| જીરૂ | ૨૮૦૦-૩૨૨૫ | બાજરી | ૩૫૦-૩૭૯ |
| વરી. | ૧૧૦૦-૧૨૫૦ | બંટી | ૩૦૦ |
| એરંડા | ૧૦૩૦-૧૦૬૦ | કુરી | ૧૩૯૯ |
| રાયડો | ૬૮૫-૭૧૫ | જવ | ૩૯૧ |
| ગવાર | ૭૬૦-૭૬૫ | જુવાર | ૫૦૦-૯૯૦ |
| ઘઉં | ૩૬૩-૩૯૦ | ર.બાજરી | ૪૭૦-૫૦૫ |
| બાજરી | ૩૬૦-૩૭૮ | રજકો | ૧૮૦૦-૨૯૦૧ |
| જુવાર | ૬૮૬-૯૭૦ | ચીકુડી | ૧૦૫૦-૧૫૪૧ |
| રજકો | ૧૯૦૧-૨૭૦૫ | ગવાર | ૭૭૫-૭૮૦ |
| મેથી | ૭૬૦-૮૭૫ | | **થરાદ** |
| | **દિયોદર** | | ૨૦ કિલોગ્રામ |
| એરંડા | = ૧૦૪૮ = ૧૦૫૮ | એરંડા-૧૦૪૫/૧૦૬૨ | |
| રાયડો | = ૬૬૧ = ૭૨૦ | બાજરી-૩૭૦/૪૦૩ | |
| બાજરી | = ૩૬૬ = ૩૭૧ | ચીકુડી-૧૩૯૦/૧૫૬૫ | |
| જીરૂ | = ૨૭૫૦ = ૩૨૮૦ | જીરુ-૨૩૫૦/૩૧૫૦ | |
| ઘંઉ | = ૩૭૫ = ૩૮૫ | ઈશબગુલ-૧૭૦૦/૧૯૦૧ | |
| વરીયાળી | = ૧૧૦૦ = ૧૨૧૦ | રાયડો-૬૯૪/૭૩૩ | |
| | **સિધ્ધપુર** | મેથી-૮૦૦/૧૨૦૦ | |
| જીરૂ | ૨૬૨૫ | ગવાર-૭૮૦/૭૯૦ | |
| રાયડો | ૬૫૭-૭૬૫ | રજકો-૨૦૦૦/૨૭૦૦ | |
| એરંડા | ૧૦૨૧-૧૦૭૧ | | **રાહ** |
| ગવાર | ૭૮૪-૭૮૮ | ૨૦ કિલોગ્રામ | |
| ઘઉં | ૩૬૬-૪૦૦ | રાયડો -૭૧૫/૭૨૫ | |
| બાજરી | ૩૬૫-૩૮૦ | એરંડા -૧૦૪૦/૧૦૫૦ | |
| જુવાર | ૬૫૭-૧૦૬૮ | બાજરી-૩૫૦/૩૬૫ | |
| સવા | ૧૨૬૧ | ચિકુડી-૧૫૦૦/૧૫૭૦ | |
| | **પાટણ** | | |

## ક્રિમિલિયર અને આવકના દાખલા મામલે સરપંચોએ કલેક્ટરને રજૂઆત કરી

સાંતલપુર

સાંતલપુર તાલુકા સરપંચ એસોસિએશન દ્વારા કલેક્ટરને તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારને ક્રિમિલિયર અને આવકના દાખલાઓની કામગીરી અડધોઅડધા ગામની કામગીરીની ફાળવણી કરવા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી છે. સાંતલપુર તાલુકાના બોત્તેર ગામની કામગીરીમાં ટીડીઓને સિત્તેર ગામ જ્યારે મામલતદારને ને કેવળ બે જ ગામની કામગીરી સોંપેલી હોવાથી ટીડીઓ ઓફિસમાં અરજદારો ની લાંબી લાઈનો જોવા મળે છે અને અરજદારો ને દાખલાઓ ટાઈમસર ના નીકળતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

સાંતલપુર તાલુકા સરપંચ એસોસિએશને જિલ્લા કલેક્ટરને રજૂઆત કરી હતી કે આમ પણ તાલુકા ઓફિસમાં કામગીરીનું ભારણ વધારે હોવાથી અને હવે આ દાખલાઓની કામગીરીનું પણ વધુ પડતું કામ હોવાથી બીજી પણ વિકાસની કામગીરી સમયસર થઈ શકતી નથી. તેથી ક્રિમિલિયર અને આવકના દાખલાઓની કામગીરી બન્ને ઓફિસ વચ્ચે સરખી કરવામાં આવે તો એક કચેરી પર કામનું ભારણ પણ ના રહે અને અરજદારોને પણ હેરાનગતિ ના ભોગવવી પડે તેવી રજુઆત સાંતલપુર તાલુકાના સરપંચો દ્વારા પાટણ જિલ્લા કલેકટરને કરવામાં આવી છે.

## પાટણમાં પશુપાલન વિભાગ દ્વારા કાર્યક્રમના સ્થળે પશુ આરોગ્ય મેળો યોજાશે

પાટણ

રાજ્યમાં કૃષિક્ષેત્રમાં ગ્રામ્યકક્ષાએ આધુનિકઓજારો, કૃષિ પદ્ધતિઓ, જળસંચય અને વિજળી સંચયના કાર્યક્રમો ખેડૂતો સુધીપહોંચેતેમાટેરાજ્યસરકારને આગવો અભિગમ રહ્યો છે. જેમાં કૃષિલક્ષી અને ગ્રામ વિકાસને લગતાકાર્યક્રમોનું આયોજન કરી કૃષિ સહાય, વૈજ્ઞાનિક માર્ગદર્શન સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ કરાવવા તેમજ ખેડૂતોનેઆગામી ખરીફ સીઝનની પૂર્વતૈયારી માટે વધુ અનુકૂળતા રહે તે હેતુસર તા. ૧૬ અને ૧૭ જૂનના રોજ કૃષિ મહોત્સવ-૨૦૧૯યોજાશે. જેમાં તા. ૧૬ જૂનના રોજ રાધનપુર ખાતે તથા તા.૧૭ જૂનના રોજ સમોડા ખાતે શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર ઉપસ્થિત રહેશે.

તાલુકા કક્ષાએ સેમિનાર અને કૃષિ પ્રદર્શન-કમ-વેચાણના કૃષિ કાર્યક્રમ મળી પાટણ જિલ્લાના ૯ તાલુકાઓમાં ૨૪૭ થી વધુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આસેમિનાર સવારે ૯.૦૦થી બપોરના૧.૦૦ વાગ્યા સુધી યોજાશે, જયારે સવારના ૮.૩૦વાગ્યાથી સાંજના ૬.૦૦સુધી પ્રદર્શન યોજાશે. તાલુકા કક્ષાના કાર્યક્રમમાં કૃષિ, બાગાયત, પશુ પાલન, મત્સ્યપાલન વગેરેમાંથી લાગુપડતીપ્રવૃત્તિમાટેખેતીવાડી શાખાના સ્ટોલઉપરથી ખેડૂતોને ટેકનિકલ સાહિત્ય ઉપરાંત લાગુપડતી રાજ્યતથા કેન્દ્ર સરકારની યોજનાઓ અંગેના સાહિત્યનું વિતરણ કરવામાં આવશે.

કૃષિયુનિવર્સીટીનાનિષ્ણાંતો દ્વારા સેમિનારમાંખેડૂતોનેપાકો અંગે માર્ગદર્શન તથા પ્રશ્નોનું નિરાકરણ આપવામાંઆવશે. પશુપાલન વિભાગ દ્વારા કાર્યક્રમના સ્થળે પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવશે, જેમાં પશુ રસીકરણની કામગીરી કરવામાં આવશે તથા પશુઓના સાર સંભાળ માટે માર્ગદર્શન આપવામાં આવશે.

આકાર્યક્રમ દરમિયાન ખેતીવાડી, પશુપાલન તથા બાગાયત ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરનાર પ્રગતિશીલ ખેડૂતો દ્વારા તેમના અનુભવોનું આદાન-પ્રદાન તથા જેમને એવોર્ડ મળેલા હોયતેવા ખેડૂતોનું જાહેરમાં સન્માન પણ કરવામાં આવશે. આઉપરાંત જંગલ ખાતા મારફતે રોપાઓનું બુકીંગ પણ કરવામાં આવશે.કાર્યક્રમમાં ભાગ લેનાર ખેડૂતો-પશુપાલકો માટે કાર્યક્રમ દરમ્યાન જમવાની વ્યવસ્થા પણ તંત્ર દ્વારા કરવામાં આવી છે. તો આરોગ્ય તંત્ર દ્વારા સ્થળ પર પ્રાથમિક આરોગ્ય સારવાર કેન્દ્રની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

રાજ્યમાં વર્ષ ૨૦૦૫થી સફળ કૃષિ મહોત્સવને અનુલક્ષીને સતત પંદરમા કૃષિ મહોત્સવમાં સ્થાનિક ધોરણે કૃષિ, બાગાયત પશુપાલન અને સંલગ્ન ખાતાના અધિકારીઓ, ગુજરાત રાજ્ય બીજ નિગમ, નાબાર્ડ તથા ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના અધિકારીઓ, કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાંતો ઉપસ્થિત રહેશે. ઉપરાંત ખાતર કંપનીઓ, સ્થાનિક કૃષિ ઈનપુટ અને યાંત્રિક સાધનોના ડીલર્સ, વિવિધ બેંકો, જીએલડીસી, મિશન મંગલમ, કુપોષણ નાબુદી તથા વિવિધ એન.જી.ઓ દ્વારા અલગ અલગ સ્ટોલ દ્વારા પ્રદર્શન તથા માર્ગદર્શન આપવામાં આવશે. જિલ્લા તંત્ર દ્વારા કૃષિ મહોત્સવ -૨૦૧૯નો મોટી સંખ્યામાં ખેડૂતો તથા પશુપાલકોને લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## જિલ્લા પંચાયત ખાતે આર્થિક ગણતરી અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો

**પ્રથમ વાર મોબાઈલ ઍપ્લિકેશનની મદદથી કરાશે આર્થિક ગણતરી**



પાટણ

ભારત સરકાર દ્વારા ૭મી આર્થિક ગણતરી આગામી માસથી હાથ ધરવામાં આવનાર છે,જે અંતર્ગત જિલ્લા પંચાયતના સ્વર્ણિમ હૉલ જિલ્લાના આર્થિક ગણતરી એન્યુમરેટર્સની તાલીમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

મિનીસ્ટ્રી ઑફ સ્ટેટીકસ એન્ડ પ્લાનીંગ ઈમ્પલી મેન્ટેશનના કોમન સર્વિસ સેન્ટર દ્વારા આ આર્થિક ગણતરી હાથ ધરવામાં આવશે. આ સાતમી આર્થિક ગણતરીને લઈને જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં ડીસ્ટ્રીકટ લેવલની કમિટિની રચના પણ કરવામાં આવી છે. આર્થિક ગણતરીમાં પ્રથમ વખત મોબાઈલ ઍપ્લિકેશનનો ઉપયોગ કરવામાં આવનાર છે ત્યારે સી.એસ.સીના મેનેજરશ્રી દ્વારા ગણતરી કરનાર ઓપરેટર્સને સુપરવાઈઝ કરવા નિમાયેલા વી.એલ.ઈ. ને આ અંગે તાલીમ આપવામાં આવી હતી. જેમાં ગણતરી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.આ તાલીમ કાર્યક્રમમાં જિલ્લા આંકડા અધિકારી બી.એન. રાવલ, એન.આઈ.સી ના ડી.આઈ.ઓશ્રી જે.બી. સોની, એન.એસ.એસ.ઓના આંકડા અધિકારી અનુજ ચતુર્વેદી તથા સી.એસ.સી.ના વી.એલ.ઈ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## કોહલી સૌથી વધુ કમાણી કરનારો ભારતીય ખેલાડી

નોટિંગ્હામ

સ્ટાર ક્રિકેટ વિરાટ કોહલી દુનિયામાં સૌથી વધુ કમાણી કરનાર ખેલાડીઓની ફોર્બ્સની યાદીમાં સામેલ થનાર એકમાત્ર ભારતીય ખેલાડી છે. તેની વાર્ષિક કમાણી ૨ કરોડ ૫૦ લાખ ડોલર સુધી પહોંચી ગઈ છે. ભારતીય કેપ્ટન આ યાદીમાં ૧૭માં સ્થાનથી નીચે આવીને ૧૦૦માં સ્થાન પર આવી ગયો છે. ફુટબોલ સ્ટાર મેસ્સી કમાણીના મામલામાં પ્રથમ સ્થાન પર છે. ફોર્બ્સની યાદી જારી કરવામાં આવ્યા બાદ કહેવામાં આવ્યું છે કે, કોહલીને જાહેરખબર મારફતે ૨.૧ કરોડ ડોલર અને વેતન અને જીતથી મળનાર રકમ પૈકી ૪૦ લાખ ડોલરની કમાણી થાય છે. છેલ્લા ૧૨ મહિનામાં વિરાટ કોહલીની કમાણી ૨.૫ કરોડ ડોલર રહી છે. વિશ્વમાં સૌથી વધુ કમાણી કરનારમાં મોટાભાગે ફુટબોલ સ્ટાર રહ્યા છે. ટેનિસ, બાસ્કેટબોલનું પણ પ્રભુત્વ છે. બાસ્કેટ બોલ, ફુટબોલનું પ્રભુત્વ અકબંધ છે.

## મહેસાણામાં ખુલ્લેઆમ ગુંડાગીરી...લુખ્ખાઓએ પોલીસની હાજરીમાં જ બાઈકચાલકને લૂંટ્યો

(જી.એન.એસ) મહેસાણા

મહેસાણા શહેરમાં ગોપીનાળા ચોકડી પર ટ્રાફિક પોલીસની હાજરીમાં બાઈક ચાલકને માર મારી સોનાનો દોરો,પાકીટ તેમજ તેનું બાઈક લૂંટી ૩ અજાણ્યા શખ્સોએ ભાગી જવાની ઘટનાએ ચકચાર જગાવી છે. સારવાર માટે ખસેડાયેલા યુવાને કહ્યું કે, ભરચક વિસ્તારમાં હુમલા સમયે પોલીસની મદદ માંગી પરંતુ હાજર ૩ પોલીસકર્મીઓ મદદ કરવાનું ટાળી અત્રેથી નીકળી ગયા હતા.ટીબી રોડ પર આવેલા ઋતુરાજ ફલેટમાં રહેતા અને વ્યવસાયે ફોટોગ્રાફર અમિતભાઈ રમેશભાઈ રાઠોડ સોમવારે બપોરે ૧૨.૩૦ વાગ્યે બાઈક (જીજે ૦૨ સીએફ ૮૮૩૭) લઈને ગોપીનાળા પાસેના કોમ્પલેક્ષમાં કામે ગયો હતો.

આ સમયે એકાએક બાઈક અથડાવીને નીચે ઉતરેલા ૩ અજાણ્યા શખ્સોએ બોલાચાલી કરી અમિતભાઈને જાહેર રોડ પર ફટકાર્યા હતા અને સ્થાનિક વેપારીઓ વચ્ચે પડ્યા ત્યારે હુમલાખોર પૈકીના એકે ચાલો બધા દુકાનોમાં જતા રહો તેમ કહી ધમકી આપી હતી. અમીતભાઈના શબ્દોમાં કહીએ તો માથા અને પેટમાં ફેટો મારી રહેલા હુમલાખોરોથી બચવા ગોપીનાળા સર્કલ પર પોલીસ પોઈન્ટ તરફ દોડી જઈ મદદ માગતા તેમને ચાલતી પકડી હતી.હુમલાખોરો સોનાની ચેન, રોકડ ભરેલું પાકીટ તેમજ બાઈક પણ ઉઠાવી ગયા હતા.ઈજાગ્રસ્ત અમિત પટેલે ફરિયાદ નોંધાવવા તજવીજ કરી હતી.

ટ્રાફિક પીએસઆઈ ટી.બી.વાળાએ જણાવ્યું કે, આ બાબતે મને કોઈ જાણકારી નથી. આમ જોવા જઈએ તો પોલીસ આવા કેસમાં ઈગ્નોર ન કરે, કાંઈ મિસ અંડર સ્ટેન્ડીંગ થયું હશે. જો પોલીસથી સોલ્વ ન થાય તેવા સંજોગોમાં તે પોલીસવાન બોલાવી લે છે. આમ છતાં તપાસ કરું છું.

## પાટણ જિલ્લાના ૧૭૦૪૧ બાળકોને શાળા પ્રવેશ અપાશે

પાટણ

પાટણ જિલ્લાની શાળાઓમાં તા.૧૩,૧૪ અને ૧૫ જૂનના રોજ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૧૯ની ઉજવણી કરવામાં આવનાર છે ત્યારે પાટણ તાલુકાના ડેર ગામે માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા આંગણવાડી, પ્રાથમિક તથા માધ્યમીક શાળામાં પ્રવેશપાત્ર બાળકોનો પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાશે. સાથે સાથે જિલ્લાના કુલ ૧૭૦૪૧ બાળકોને શાળામાં પ્રવેશ આપવામાં આવશે.

રાજ્યમાં શિક્ષણનું સ્તર ઉંચુ આવે તે હેતુસર બંધારણીય જોગવાઈ અનુસાર ૬ થી ૧૪ વર્ષના બાળકોને મફત, ફરજીયાત અને સાર્વત્રિક શિક્ષણ મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ રાજ્ય સરકાર દ્વારા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવે છે. તા.૧૩ તથા ૧૪ જૂનના રોજ પાટણ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો તથા તા. ૧૫ જૂનના રોજ શહેરી વિસ્તારમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત જિલ્લા પંચાયત હસ્તકની ૭૯૬ અને નગર શિક્ષણ સમિતી હસ્તકની ૧૨ મળી કુલ ૮૦૮ શાળાઓમાં પ્રવેશોત્સવ યોજાશે.

તા. ૧૪ જૂનના રોજ પાટણના ડેર ખાતેથી માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા, તા. ૧૩જૂનના રોજ હારીજ તાલુકાના સાંકરા, માલસુંદ અને કુરેજા પ્રાથમિક શાળા ખાતે તથા તા. ૧૫ જૂનના રોજ સમી તાલુકાના ખરચરીયા, જેરામનગર અને રણાવાડા ખાતે શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર દ્વારા શાળા પ્રવેશોત્સવ કરાવાશે. તેમજ તા. ૧૩ જૂનના રોજ સિદ્ધપુરના કાયણ અને તા.૧૫ જૂનના રોજ રાજપુર ખાતે જી.આઈ.ડી.સી ના અધ્યક્ષ બળવંતસિંહ રાજપૂત શાળા પ્રવેશોત્સવમાં ઉપસ્થિત રહેશે. ઉપરાંત જિલ્લામાં ૬૯ રૂટોમાં ૧૦૦ ટકા પ્રવેશીકરણ માટે ૦૨ પદાધિકારીઓ, ૧૭ રાજયકક્ષાના અધિકારીઓ, ૫૫ જિલ્લા કક્ષાના અધિકારી-પદાધિકારીઓ દ્વારા બાળકોને શાળા પ્રવેશ કરાવશે. પાટણ જિલ્લામાં ચાલુ વર્ષે ૮૭૫૮ કુમારો અને ૮૨૮૩ કન્યાઓ મળી કુલ-૧૭૦૪૧ બાળકો શાળા પ્રવેશ કરનાર છે.

આ સાથે સમગ્ર જિલ્લામાં કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડનું વિતરણ કરવામાં આવશે. આંગણવાડીના બાળકોને લોકસહયોગ દ્વારા રમકડાંની કીટનું વિતરણ કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે હાથ ધરવામાં આવેલા પ્રકલ્પો પૈકી ધોરણ ૧ ની સાથે ધોરણ ૬ અને ધોરણ ૮માં તમામ બાળકોનું તથા શાળા બહારના વિકલાંગ બાળકોના ૧૦૦ ટકા પ્રવેશીકરણ માટે રાજ્ય સરકારના સચિવો, અધિકારીઓ અને પદાધિકારીઓ દ્વારા કાર્યક્રમમાં હાજર રહી બાળકોને શાળા પ્રવેશ કરાવશે. આ કાર્યક્રમમાં ગામના આગેવાનો, ગ્રામ પંચાયતના સભ્યો, પદાધિકારીઓ અને એસ.એમ.સી. ના સભ્યો પણ હાજર રહેશે.

## પાટણ ખાતે કલેકટરની અધ્યક્ષતામાં વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા કરાઈ

પાટણ

હવામાન વિભાગ દ્વારા તા. ૧૨, ૧૩ તથા ૧૪ જૂનના રોજ સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વાવાઝોડા અને વરસાદની આગાહી કરી છે ત્યારે જિલ્લામાં આ સ્થિતીમાં લોકોના જાન-માલનું રક્ષણ કરી શકાય તે માટે પાટણ જિલ્લાના વહીવટીતંત્રને તમામ આગોતરી વ્યવસ્થાઓ અને પ્રબંધન ગોઠવવા જિલ્લા કલેકટર આનંદ પટેલે જિલ્લાના સંબધિત અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

વાવાઝોડાની શક્યતાને ધ્યાને લઈ તેની અસર ઓછી કરી શકાય તથા તેનાથી થનારૂ જોખમ ઘટાડી શકાય તે માટે જિલ્લાની નગર પાલિકાઓને જાહેર સ્થળોએ લગાવેલા બેનર્સ તથા પોસ્ટર્સ તાત્કાલીક ધોરણે દૂર કરવા, સબંધિત તંત્ર દ્વારા જર્જરીત જણાતી ઈમારતોની યોગ્ય મરામત અથવા તેને ઉતારી લેવા, વન વિભાગ દ્વારા જોખમી વૃક્ષોનું ટ્રિમીંગ અથવા તેને દૂર કરવા, ભૂસ્તર તથા અન્ય વિભાગો પાસે રહેલા બુલડોઝર, ટ્રેકટર વગેરે તથા ઉપયોગમાં લઈ શકાય તેવા ખાનગી માલિકીના વાહનોની યાદી અદ્યતન કરવા, પૂરની સ્થિતીમાં લોકોને સલામત સ્થળોએ ખસેડી શકાય તે માટેના આશ્રયસ્થાનો આઈડેન્ટીફાઈ કરી સંલગ્ન સુવિધાઓની યોગ્ય વ્યવસ્થા કરવા, અનાજ વગેરેનો જથ્થો સલામત રહે તે માટે પુરવઠા વિભાગને ખેતીવાડી વિભાગ તથા એ.પી,એમ.સીના સંકલનમાં રહી જરૂરી કાર્યવાહી કરવા કલેક્ટરશ્રીએ સુચનો કર્યા હતા.

ગ્રામ્ય કક્ષાએ કામ કરતા તલાટીશ્રીઓ, આરોગ્ય વિભાગના કર્મચારીઓ, આંગણવાડીના કાર્યકરો વગેરે દ્વારા સ્થળ પરની પરિસ્થિતીનો સમયાંતરે ચિતાર મળતો રહે તો જિલ્લા તંત્ર દ્વારા તાત્કાલીક જરૂરી પગલા લઈ શકાય. તે માટે ગ્રાસરૂટ લેવલના તમામ કર્મચારીઓના સંપર્ક નંબરોની યાદી અદ્યતન કરવા તથા આ સમયગાળા દરમ્યાન તેમની ફરજના સ્થળ પર હાજર રહી જરૂરી કાર્યવાહી હાથ ધરવા તૈયાર રહેવા સુચનાઓ અપાઈ હતી.

આપદાની સ્થિતિ વચ્ચે કોમ્યુનિકેશન પ્લાન તથા વિભાગોના આંતરીક સંકલનને હોનારત સમયે જરૂરી એવુ સૌથી મજબુત પાસુ ગણાવતા કલેક્ટરશ્રી આનંદ પટેલે જણાવ્યુ હતુ કે અગાઉથી મળેલી સુચનાને ધ્યાને લઈ તાત્કાલીક ધોરણે આગોતરૂ આયોજન કરી જાન-માલના સંભવિત નુકશાનને અટકાવી શકાય તે માટે જિલ્લા વહિવટી તંત્ર સતત પ્રયત્નશીલ છે. ભૂતકાળના અનુભવને આધારે તેટલી જ સક્ષમ તૈયારીઓ રાખવા તંત્રને સુચના આપી હતી. સાથે સાથે અન્ય જિલ્લાઓમાં જરૂર પડ્યેથી મદદ માટે મોકલી શકાય તે માટે આરોગ્ય વિભાગ, પશુપાલન વિભાગ તથા ખેતીવાડી વિભાગ વગેરેની ટીમોને તૈયાર રહેવા પણ જણાવ્યુ હતુ.

વિકટ પરિસ્થિતીમાં મદદ માટે તથા વાવાઝોડા દ્વારા નુકશાન અંગેની અગત્યની જાણકારી આપવા ૦૨૭૬૬ ૨૨૪૮૩૦ સંપર્ક નંબર પર જિલ્લા કંટ્રોલ રૂમને જાણ કરવા તથા ટોલ ફ્રી નંબર ૦૨૭૬૬-૧૦૭૭ પર સંપર્ક કરવા જણાવાયુ છે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ડી.કે. પારેખ, પ્રાંત અધિકારીઓ વિવિધ વિભાગના અધિકારીઓ સહિતના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# "વાયુ" વાવાઝોડાને લઇ બનાસકાંઠાનું વહીવટી તંત્ર સાબદું

## ઇન્ચાર્જ કલેક્ટર દ્વારા જોખમી હૉર્ડિંગ્સ ઉતારવાનો આદેશ કરાયો : વિવિધ વિભાગોના અધિકારીઓને ફરજ પર સ્ટેન્ડ ટુ હાજર રહેવા સૂચનાઓ અપાઇ



(સંજય જોષી)

પાલનપુર

સમગ્ર રાજય વાવાઝોડાને લઈને એલર્ટ છે. સૌરાષ્ટ્ર અને કચ્છ પર વાવાઝોડાનો ખતરો છે. ત્યારે સરહદી બનાસકાંઠા જિલ્લાનું વહીવટી તંત્ર પણ સાબદું બન્યું છે.

બનાસકાંઠા જિલ્લામાં વાયુ વાવાઝોડા ના પગલે જિલ્લા વહીવટી તંત્ર સાબદુ બન્યું છે. જેમાં વાવાઝોડાને પહોંચી વળવા માટે અને તકેદારી ના પગલાં ભરવા માટે જિલ્લાના ઈન્ચાર્જ કલેકટર બી.એ.શાહ દ્વારા શહેરી વિસ્તારોમાં લગાવેલા ભયજનક અને જોખમી હૉર્ડિંગ્સ ને હંગામી ધોરણે તાત્કાલિક ધોરણે ઉતારી લેવા માટે અને ચોમાસાને ધ્યાને રાખી જર્જરિત ઈમારતોના સર્વે હાથ ધરવા આદેશ કર્યો છે. તેમજ વાયુ વાવાઝોડા અને વરસાદના સમયે સલામતીને ભાગ રૂપે તમામ વિભાગના અધિકારીઓને સ્ટેન્ડબાય હાજર રહેવા સૂચનાઓ આપવામાં આવી છે.

અરબી સમુદ્રમાં સર્જાયેલુ વાયુ વાવાઝોડું ગુજરાત માં દરિયાકાંઠાના વિસ્તારોમાં ફૂંકાવાના પગલે તંત્ર દ્વારા એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. જોકે, બનાસકાંઠામાં પણ વાયુ વાવાઝોડાની અસર વર્તાય તો તેને પહોંચી વળવા માટે તકેદારી ના ભાગ રૂપે તંત્ર દ્વારા તૈયારીઓ કરી દેવામાં આવી છે. જેમાં ઈન્ચાર્જ કલેક્ટર બી.એ. શાહ દ્વારા આજે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને ચીફ ઓફિસરો સાથે ખાસ બેઠક યોજવામાં આવી હતી જેમાં વાવાઝોડા સમયે દુર્ઘટનાઓ ને રોકવા માટે શહેરી વિસ્તારમાં લાગેલા ભયજનક હૉર્ડિંગ્સને હંગામી ધોરણે તાત્કાલિક ઉતારી દેવાનો આદેશ કરાયો હતો.

સાથે ચોમાસાની ઋતુમાં સાવચેતી માટે જર્જરિત મકાનો અને ઈમારતોનો સર્વે કરીને કાર્યવાહી કરવાની સૂચનાઓ આપી દેવામાં આવી હતી. અને વાવાઝોડાના સમયે સાવચેતી અને લોકો ની સુરક્ષા અનુસંધાન પાના નં.૬

### જોખમી હૉર્ડિંગ્સ ઉતારવાનું શરૂ કરાયું

બનાસકાંઠા જિલ્લો કચ્છની નજીક છે. અને બનાસકાંઠામાં પણ વાવાઝોડાની અસર થઈ શકે છે. ત્યારે બનાસકાંઠામાં પણ જિલ્લા કલેક્ટરના આદેશથી જોખમી હોંડિંગ્સ ઉતારી લેવાની કામગીરી હાથ ધરાઈ છે. બે વર્ષ અગાઉ વાવાઝોડું આવ્યું હતું અને હોંડિંગ ધરાશાયી થયા હતા જેને લઈને જાનમાલનું પણ જોખમ ઉભું થયું હતું. ત્યારે વાવાઝોડાને લઈને સમગ્ર વહીવટી તંત્ર અત્યારે એલર્ટ છે.

### એસ.ટી.ની ટાંકીઓ ડિઝલથી ફૂલ કરાઇ

બનાસકાંઠામાં વાયુ' વાવાઝોડું ત્રાટકવાની શક્યતાના પગલે સરકારી વિભાગો સાબદા થઈ ગયા છે.જેમાં જાહેર પરિવહન સેવા ખોરવાય નહિ તે હેતુથી પાલનપુર એસ.ટી. વિભાગે તમામ ડેપો પર બસોની ટાંકીઓમાં ડિઝલનો સ્ટોક ફૂલ કરી દેવાયો છે. પાલનપુર એસ.ટી. વિભાગીય નિયામક જે.એચ.સોલંકીએ જણાવ્યું હતું કે વાવાઝોડાની સંભાવના ને લઈ પાલનપુર વિભાગના તમામ અધિકારી ઓને હેડક્વાર્ટર નહિ છોડવા અને જે તે ડેપો કે બસ મથક પર વાવાઝોડાની સ્થિતિમાં નુકશાન કરે તેવા હોંડિંગ્સ અને પતરાં ઉતારી લેવાની કાર્યવાહી પણ હાથ ધરાઈ છે.રાધનપુર ડેપોમાં વિશેષ તકેદારી રાખવા તેમજ અન્ય ડેપોના કર્મચારી ઓને પણ સતર્ક રહેવા સૂચના અપાઈ છે.

## બનાસકાંઠામાં પણ ભારે પવન સાથે વરસાદનું આગમન

**દિવસભર વાદળછાયા વાતાવરણ વચ્ચે ભારે ઉકળાટ : બફારો અને ઉકળાટના પગલે પ્રજાજનો પરસેવે રેબઝેબ**



નરસિંહ દેસાઇ

પ્રતિનિધિ વડાવળ

અરબી સમુદ્રમાં ઉદભવેલા વાયુ વાવાઝોડાએ સમગ્ર ગુજરાત રાજ્ય પર તેની અસર વર્તાતા વાતાવરણમાં અચાનક પલટો આવતા જોવા મળી રહ્યો છે. રાજ્યના દરિયા કિનારે ભારે પવન સાથે વરસાદની શરૂઆત થઈ છે. આ ઉપરાંત રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદ શરૂ થયાના અહેવાલો મળી રહ્યા છે ત્યારે સરહદીપંથક બનાસકાંઠા જિલ્લામાં પણ વાયુ વાવાઝોડાની ઈફેક્ટ જોવા મળી રહી છે. વહેલી સવારથી જ આકાશમાં વાદળો છવાયા હતા. જેને લઈ દિવસ પર ભારે બફારો અને ઉકળાટ રહેતા પ્રજાજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો લોકો પરસેવે રેબઝેબ થઈ ઉઠ્યા હતા.બનાસકાંઠા જિલ્લામાં પણ આગામી સમયમાં વાયુ વાવાઝોડાની ભારે અસર જોવા મળશે જેને લઇ પ્રજાજનો સચેત રહેવાની વહીવટીતંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

ડીસા સહિત બનાસકાંઠા જિલ્લામાં વાયુ વાવાઝોડાની દિવસ ભર લોકો સતત ચર્ચાઓ કરતા જોવા મળ્યા હતા.જિલ્લાનું ખેડૂતો પાક પણ પોતાનો મહામૂલો પાક વાવાઝોડાના અસર તળે બગડે નહીં તે માટે આ દિવસ પર ખેતરમાં મહેનત કરતો રહ્યો હતો. વાયુ વાવાઝોડાની ઈફેક્ટના પગલે જિલ્લાના અનુસંધાન પાના નં.૬

## મોબાઇલ રેકૉર્ડિંગ ફરતું કરવાની ધમકી આપી પેપરાલની યુવતી પર દુષ્કર્મ આચર્યું

(પ્રતિ.) થરાદ

લાખણી તાલુકાના પેપરાલની સીમમાં રહેતી ૧૯ વર્ષની યુવતી સોમવારના બપોરના ચારેક વાગ્યાના સુમારે પોતાની નાની બહેન સાથે ખેતરેથી નીકળી ગામના દશરથભાઈ પ્રજાપતિના ખેતરમાં મોટી બહેને ભાગથી વાવેતર કરેલ હોઈ તેના ખેતરમાં ચાર (લીલુ ઘાસ) લેવા માટે નીકળી હતી.

તેની તેમના ખેતરના ઝાંપા પાસે તેમના ગામનો પટેલ કમલેશભાઈ દલાભાઈ મોટરસાયકલ પર ગેળા બાજુના રસ્તેથી આવ્યો હતો અને તેણીને જોઇ મોટરસાયકલ ઊભું રાખ્યું હતું. તેણે ચારેક મહિનાથી તેણીને સીમકાર્ડ સાથેનો મોબાઈલ આપીને ફોન પર વાત કરતો હોઈ તેની પાસે ઉભી રહેતાં તેણે મોટરસાઈકલ પર બેસવાનું કહેતાં ના પાડી હતી. આથી તેણે જો તું નહીં બેસે તો ફોનનું રેકૉર્ડિંગ બધે ફરતું કરી દઈશ તેવી ધમકી આપતાં ડરીને તેણી મોટર સાયકલ પર બેઠી હતી.આથી કમલેશભાઇ તેણીને લાખણી પેટ્રોલ પંપની બાજુમાં બાવળોની ઝાડીમાં લઈ જઈ તેણી સાથે બળજબરીપુર્વક દુષ્કર્મ આચર્યુ હતું. ત્યાર પછી લાખણી હોસ્પિટલમાં મુકી ત્યાંથી જતો રહ્યો હતો. બીજી બાજુ તેણી ને એકલી જોઈ એક ભાઈએ પુછપરછ કરતાં તેની મદદથી બનાવ અંગે ઘરે જાણ કરી હતી. સવારમાં કુટુંબના માણસો ને વાત કરી તેણીએ થરાદ મથકમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે હવસખોર સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.આ બનાવથી પંથકમાં ફિટકારની લાગણી પ્રસરવા પામી હતી.

## ગણતા ગામની દિકરીને ડામ આપનાર ભૂવા અને દિકરીના પિતા વિરૂધ્ધ ફરીયાદ દાખલ

**બાળક બિમાર હોય ત્યારે મેડીકલ સારવાર અપાવીએ : ભૂવા કે તાંત્રીક પાસે ડામ અપાવવો ગુનો છે**

પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના ગણતા ગામના દલાભાઇ ગોવાભાઇ ઠાકોરની આશરે સાત માસની કુમળી દિકરીના શરીરે ડામ આપવાના સમાચાર મળતાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે. જિલ્લા વિકાસ અધિકારી બી. એ. શાહ દ્વારા અપાયેલ સુચના મુજબ ડામ આપનાર તાંત્રિક ભૂવા અને બાળકીના પિતા વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે લાખણી તાલુકાના ગણતા ગામે દિકરીને તેના કુમળા શરીરે ખોટી અંધશ્રધ્ધાના કારણે ડામ આપવામાં આવ્યા છે તેવા સમાચાર મળતાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એમ. કે. જોષીના માર્ગદર્શન હેઠળ જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ડૉ. એન. વી. મેણાત દ્વારા આ ઘટનાની તપાસ માટે જિલ્લા બાળ સુરક્ષા એકમ બનાસકાંઠા કચેરીના લીગલ કમ પ્રોબેશન અધિકારી ટી. એ. ઠાકોર તથા સામાજીક કાર્યકર એસ. એચ. રાણાને આ ઘટનાની તપાસ સોપવામાં આવી હતી.

આ ઘટનાની તપાસ બાદ દલાભાઇ ગોવાભાઇ ઠાકોરની આશરે સાત માસની દિકરીને તેના કુમળા શરીરે ડામ આપનાર માવજીભાઇ સવદાસજી ઠાકોર, રહે. ગામ અસાસણ, તા. લાખણી, જી. બનાસકાંઠા વાળા વિરૂધ્ધ ધ જુવેનાઈલ જસ્ટીરસ (કેર એન્ડત પ્રોટેકશન ) એકટ-૨૦૧૫ ની કલમ –૮૭ અને કલમ–૮૬ હેઠળ ફરીયાદ નોંધાવવા તથા દલાભાઇ ગોવાભાઇ ઠાકોર તથા તેમના પિતા ગોવાભાઇ ઠાકોર દ્વારા તેમની આશરે સાત માસની દિકરીને તેના કુમળા શરીરે ડામ અપાવવા માટે માવજીભાઇ સવદાસજી ઠાકોર પાસે લઇ જવાના કૃત્ય બદલ ધ જુવેનાઈલ જસ્ટીવસ (કેર એન્ડા પ્રોટેકશન) એકટ–૨૦૧૫ ની કલમ–૭૫, કલમ–૮૬ અને કલમ–૮૭ હેઠળ ફરીયાદ નોંધાવવા તથા આ ઘટનામાં જે પણ ઈસમોની મદદગારી પોલીસ તપાસમાં સાબિત થાય તે તમામ સામે જુવેનાઇલ જસ્ટીસ એક્ટ–૨૦૧૫ હેઠળ ફરીયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી ર્ડા. એમ. વી. મેણાત દ્વારા જિલ્લાની જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે બાળક બિમાર હોય ત્યારે તેને કોઇ અનુસંધાન પાના નં.૬

## કાણોઠીના શખ્સે સગીરા પર ચપ્પુની અણીએ દુષ્કર્મ આચર્યુ

(પ્રતિ.) થરાદ

એક પંદર વર્ષની સગીરા થરાદમાં ભાડાના મકાનમાં રહીને અભ્યાસ કરે છે.તેણી સોમવારની બપોરના એક વાગ્યાના સુમારે ઘરેથી બજારમાં છાશ લેવા માટે ગઈ હતી. બજારમાં છાસ ન મળતાં રેફરલ સુધી ગઈ હતી. જ્યારે રેફરલ હોસ્પિટલ સામે કાણોઠી ગામનો વિક્રમભાઈ ભગવાનભાઈ જોષી મોટરસાયકલ સાથે મળ્યો હતો. તેણે તેણીને ઊભી રાખી કેમ આવી તેમ પુછતાં તેણીએ છાશ લેવાનું જણાવતા તેણીને ઘેર મુકી જાઉં તેમ વિશ્વાસમાં લઇ પોતાના મોટર સાયકલ પર બેસાડી હતી. અને મોઢા પર દુપટ્ટો બંધાવી તેણીને ઘરને બદલે વાવ તરફ લઈ જતો હતો. આથી તેને કહેવા જતા કંઈ બોલીશ તો ચપ્પુથી મારી નાખીશ તેવી ધમકી આપી મોટર સાયકલ પર વાવ અને નડેશ્વરી માતાજીના દર્શન કરાવવા લઇ ગયો હતો ત્યાંથી સાંજે પરત એના ગામની સીમમાં ખેતરમાં લઇ જઇ છાપરામાં રાખી તેની ઈચ્છા વિરુદ્ધ ચપ્પુ બતાવી વારંવાર દુષ્કર્મ આચર્યુ હતું.રાત્રે તે બાથરૂમ જતા તેનો ફોન લઈ પિતાને બનાવની વાત કરી લેવા આવવા જણાવતાં સવાર સુધી તેણી પર અત્યાચાર ગુજારી સવારે થરાદ નજીક કેનાલ ઉપર ઉતારી દીધી હતી. અને કોઈને વાત કરીશ તો તને તારા ભાઈ અને બાપને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી બાઈક લઇ જતો રહ્યો હતો.ત્યાંથી રિક્ષામાં બેસી ઘેર ગયા બાદ આ અંગે સગીરાએ ફરિયાદ નોંધાવતા થરાદ પોલીસે વિક્રમભાઈ ભગવાનભાઈ જોષી રહે.કાણોઠી તા. સુઇગામ સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવથી ચકચાર મચી જવા પામી હતી.

## ઉબરી નજીક બનાસ નદીના પટમાંથી બિનવારસી પુરુષની લાશ મળી

(પ્રતિ.) કંબોઈ



સજ્જનસિંહ સોલંકી

કાંકરેજ તાલુકાના બનાસનદીમાં ઉંબરી ગામ નજીક નદીના બ્રિજની નીચે ગત તારીખ ૧૧/૬ ના રોજ સાંજના સુમારે એક આશરે ૩૫ વર્ષના પુરુષની લાશ બ્રિજના થાંભલાને અડીને પડી હતી.જે લાશ દુર્ઘન્ધ મારતી હતી બનાવની જાણ આજુબાજુમાં રહેતા લોકોને થતા ટોળે ટોળા એકઠા થઈ ગયા હતા અને શિહોરી પોલીસને આ બાબતે જાણ કરાઈ હતી.

ઘટના સ્થળ પર શિહોરી પોલીસ સ્ટાફ દોડી આવી મૃતકની લાશને પ્રાઈવેટ વાહન મારફતે શિહોરી રેફરલ ખાતે લવાયો હતો. મૃતક વ્યક્તિએ કાળા કલરનું ટીશર્ટ અને આછા વાદળી કલરનું પેન્ટ પહેરલ હતું તેમજ લાશ બે ત્રણ દિવસ થી પડેલ હોઈ દુર્ગંધ મારતી હતી તેમજ લાશ ઓળખતી ના હોવાથી પોલીસે ઓળખવીધી માટે તપાસ હાથ ધરી હતી જયારે મૃતકની લાશનું પી.એમ. શિહોરી રેફરલ ખાતે કરાયું હતું.

## થરાદના ભોરોલ ગામે જમીન મામલે મારામારી : સાત સામે ફરિયાદ

(પ્રતિ.) થરાદ

થરાદ તાલુકાના ભોરોલ ગામના હીરાભાઈ જેરૂપભાઈ પટેલે નોંધાવેલ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે સવારના સુમારે પોતાનો નાનો ભાઈ રમેશભાઈ ગામના ચેલાભાઈ નરેગાભાઈ પટેલના ત્યાં કુવો ખોદવા માટે ગયેલ હતો અને સાંજના સાતેક વાગ્યે કેહરાભાઇ પરાગભાઈ પટેલના કુવા નજીક બૂમ-બરાડા થતાં પોતે તે દિશામાં દોડ્યા હતા. અને જોયેલ તો નાના ભાઈને તેમના કુટુંબી દીપાભાઈ રાવતાભાઈ પટેલ, ઉમાભાઈ માનાભાઈ પટેલ, નાગજીભાઈ પનાભાઈ પટેલ તથા સેધાભાઈ પનાભાઈ પટેલ ધોકા વડે આડેધડ માર મારતા હતા. હીરાભાઈ ત્યાં આવતાં તેમને જોઈ મારવાનું પડતું મૂકી તેમના ખેતર તરફ જતા હતા.અને કહેતા હતા કે આ કેહરાભાઇની જમીન મારી છે, તું કેમ ચાલેલ હતો અને હવે પછી ચાલીસ તો જાનથી મારી નાખીશ તેવી ધમકીઓ આપી અપશબ્દો બોલતાં જતા રહ્યા હતા. અનુસંધાન પાના નં.૬

## ડીસાના ટેટોડા ગામના ખેતરમાં આવેલ ઓરડીમાંથી ૩.૪૦ લાખનો દારૂ ઝડપાયો

ડીસા

ડીસા તાલુકાના ટેટોળા ગામના ખેતરમાં આવેલ ઓરડીમાંથી એલસીબી અને તાલુકા પોલીસે ૩ લાખ ૩૦ હજારનો વિદેશી દારૂ ઝડપ્યો હતો.મોબાઈલ મળી કુલ ૩, ૪૦,૫૦૦ રૂપિયાનો મુદામાલ ઝડપી લીધો હતો પોલીસે બે લોકોની અટકાયત કરી હતી.જોકે આ દારૂ પંજાબથી લાવ્યા હોવાનું માલુમ પડતા કુલ ૮ શખ્સો વિરુદ્ધ ડીસા તાલુકા પોલિસે ફરિયાદ નોંધી હતી.

સરહદી પંથક ગણાતા બનાસકાંઠા જિલ્લામાં રાજસ્થાન સહિત આસપાસના અન્ય રાજ્ય માંથી વિપુલ પ્રમાણમાં દારૂ ઘુસાડવામાં આવે છે.ત્યારે ડીસાના ટેટોળા ગામના ખેતરની ઓરડીમાં દારૂ પડ્યો હોવાની અંગત બાતમી મળતા એલ.સી.બી પોલીસ તથા ડીસા તાલુકા પોલીસે રેડ કરી હતી.

આ દરમ્યાન ઘટના સ્થળેથી વિદેશી દારૂની ૮૯ પેટીઓ મળી આવી હતી.પોલીસે ૩,૩૦,૦૦૦ નો વિદેશી દારૂ સાથે મોબાઈલ મળી કુલ ૩,૪૦,૫૦૦નો મુદામાલ કબ્જે લેવાયો હતો.જોકે આ દારૂ પંજાબથી મોકલ્યો હોવાનું બહાર આવતા પોલીસે કુલ આઠ વિરુદ્ધ ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.ટેટોળા ખાતે રહેતા કરમશીભાઈ ખેમાભાઈ ચૌધરી તથા ભૂરાભાઈ માનાભાઈ ચૌધરીને પોલીસે ઝડપી લઈ આગળની પૂછપરછ હાથ ધરી હતી.

## અમીરગઢના સુરેલા ગામના માળીવાસમાં હજુય અંધકારનું સામ્રાજ્ય

**વીજળીના અભાવે બાળકો પણ દિવડાના સહારે અભ્યાસ કરવા મજબૂર**

(પ્રતિ.) અમીરગઢ

બનાસકાંઠાના છેવાડાના ઘણા વિસ્તારો સુધી હજુ વિકાસના ફળ પહોંચ્યા નથી.સરહદી અમીરગઢ તાલુકાના સુરેલા ગ્રામ પંચાયતના તાબા હેઠળ આવતા માળીવાસ ગામના પચ્ચીસ જેટલા પરિવારો પણ હજુય વીજ જોડાણનો ઈન્તજાર કરી રહ્યા હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. વીજળીના અભાવે માળીવાસ ગામમાં વસતા પરિવારોના સંતાનોને પણ અભ્યાસ માટે દીવડાનો સહારો લેવો પડે છે. આ ગામ પાક રોડની સવલતની પણ આતુરતાથી રાહ જોઈ રહ્યું છે.

અગાઉ ૧૯૯૮/૯૯ ના વર્ષમાં સરકારી આવાસ યોજના હેઠળ આ ગામના લાભાર્થી પરિવારોએ પાક મકાન બનાવ્યા છે પરંતુ હજુ વીજળી મળી ના હોઈ ગામલોકો રાત્રી દરમિયાન દીવડા પ્રગટાવી અંધારા ઉલેચવાની મથામણ કરી રહ્યા છે.

૨૦ વર્ષ પહેલાં સરકારી આવાસ યોજનામાં આ ગામના આદિવાસી પરિવારોને ત્રીસ હજારની મકાન સહાય મળતા લાભાર્થી પરિવારોએ પાકા મકાન બનાવ્યા બાદ હવે આ પરિવારો પાકો રોડ અને વીજળીની સવલત ઝંખી રહ્યા છે. ચોમાસાની ઋતુ દરમ્યાન નદી નાળાઓમાં પાણી વહેતું હોઇ રોડ રસ્તાના અભાવે બાળકો શાળાએ પણ જઈ શકતા ના અનુસંધાન પાના નં.૬

## જાણદીથી જમડા જતા રોડ પરથી મહિલા મૃત હાલતમાં મળતાં ચકચાર

(પ્રતિ.) થરાદ

થરાદ તાલુકાના જાણદીથી જમડા જતા રોડ પરથી એક મહિલા મૃત હાલતમાં મળી આવતા ચકચાર મચી છે. આ રોડ પર મધરાત્રે કોઇ અજાણી મહિલાનો મૃતદેહ નજરે પડતા રાહદારીએ થરાદ પોલીસ મથકે જાણ કરી હતી.જેના પગલેપોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.આ મહિલા પાસેના પાકીટમાંથી મળી આવેલા મોબાઈલ ફોનના આધારે મૃત મહિલાના પરિવારને જાણ કરાતાપરિવારજનો પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.પ્રાથમિક તપાસમાં મૃતક મહિલા થરાદ તાલુકાના પીરગઢ ગામની હોવાની ઓળખ થઈ છે. જોકે ત્રણ સંતાનોની માતા એવી આ મહિલાના અપમૃત્યુનું કારણ જાણી શકાયું નથી. પોલીસે મહિલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે થરાદની સરકારી હોસ્પિટલમાં ખસેડી આ મહિલાની હત્યા થઇ કે તેણીએ આત્મહત્યા કરી તેનો ભેદ ઉકેલવા ઊંડી તપાસ હાથ ધરી છે.

## પાલનપુર જી.ડી.મોદી કોલેજના ઈલેક્ટ્રીશયનનું હૃદયરોગના હુમલાથી મોત

**કોલેજેથી ઘરે ગયા બાદ હૃદયરોગનો હુમલો થયો હતો**

પાલનપુર

પાલનપુર જી.ડી.મોદી વિદ્યાસંકુલમાં ઈલેકટ્રીશિયન તરીકે ફરજ બજાવતા એક કર્મચારી નોકરી પુરી કરી ઘરે ગયા બાદ એકએક હૃદયરોગનો હુમલો થયો હતો.જેથી પરિવાર દ્વારા ૧૦૮ જાણ કરવામાં આવતા ટીમ દોડી આવી હતી.અને યુવકને સિવિલમાં સરવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જયા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

ગરમીનું પ્રમાણ દિન પ્રતિ દીન વધી રહ્યુ છે.જેના કારણે હાર્ટએટકના બનાવો ચિંતા જનક હદે વધી રહ્યા છે. જેમાં પાલનપુર હનુમાન ટેકરી વિસ્તારમાં આવેલ પુષ્પાવતી સોસાયટીમાં રહેતા અને પાલનપુર જી.ડી. મોદી કોલેજમાં ઈલેકટ્રિશિયન અનુસંધાન પાના નં.૬

## લુણાલ ગામે અપશબ્દો બોલવાની ના પાડતાં હુમલો

(પ્રતિ.) થરાદ



(વિષ્ણુ દવે)

રાજસ્થાનના બાડમેર જીલ્લાના ચૌહ્ટના તાલુકાના ભમરીયા ગામના શ્રવણભાઈ વેનાભાઈ રબારી ઉંમર વર્ષ ૨૦ તથા અન્ય માલધારીઓના કબીલાએ થરાદ તાલુકાના લુણાલ ગામના પટેલ વનાભાઈ રામજીભાઈના ખેતરમાં પડાવ નાંખ્યો છે.અને ત્યાં ઘેટાંબકરાં ચરાવીને રહે છે. રવિવારની સવારના દસેક વાગ્યાના સુમારે શ્રવણભાઈ તથા રૂપાભાઈ હકમાભાઈ રબારી તથા ભુરાભાઈ કુંપાભાઈ રબારી તથા હરચંદભાઈ નાગજીભાઈ રબારી લુણાલ ગામે ઘેટાંબકરાં લઇ ચરાવવા માટે નીકળ્યા હતા.જે ઓ અગિયારેક વાગ્યાના સુમારે ગામના રબારી પીરાભાઈ માનાભાઈના ખેતર નજીક જતાં ગામના પટેલ અજમલભાઈ દરગાભાઈ તથા દિનેશભાઈ પનાભાઇ તથા રમેશભાઈ હેમાભાઈ તથા જેતસીભાઈ દલાભાઈ હાથમાં ધોકા લઇ સામે મળ્યા હતા. અને તેઓએ તમો કેમ અમારા ગામમાં ઘેટાંબકરાં ચરાવી ભેલાણ કરો છો તેમ કહી ચારે જણા ઉશ્કેરાઈ અપશબ્દો બોલ્યા હતા.

આથી તેમણે અપશબ્દો બોલવાની ના પાડતાં ચારે જણાઓ ધોકા તથા ગડદાપાટુ વડે આડેધડ હુમલો કર્યો હતો. જેમાં ભેરાભાઈ રબારીને મોઢાના ભાગે ફેંટોનો માર માર્યો હતો અને શ્રવણભાઈને ધોકા વડે બંને પગ ઉપર ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ વખતે તેઓએ બચવા માટે બુમો પાડતાં નજીકમાંથી અન્ય ખેડુતોએ દોડી આવી તેમને બધું માર માંથી